

વિક્રમ સંવત ૨૦૮૧નું વાર્ષિક રાશિ ભવિષ્ય







(મેષ) અ,લ,ઇ

રાશિ ચક્રની સર્વપ્રથમ રાશિ જેની રાશ્યાકૃતિ ઘેટુ છે. મેષ રાશિમાં અશ્વિની નક્ષત્રના ચાર ચરણ, ભરણી નક્ષત્રના ચાર ચરણ અને કૃતિકાનું એક ચરણ સમાયેલ છે. આ રાશિના સ્વામી મંગઇ મહારાજ છે. મેષ રાશિ પુરૂષ જાતિની રાશિ છે અને જેની સંજ્ઞા ચર છે. આ રાશિની દિશા પૂર્વ છે. મેષ રાશિ અગ્નિ તત્વની રાશિ છે. મેષ રાશિના વ્યકિતઓ ખૂબ જ મહત્વાંકાક્ષી સાહસિક અને ઉગ્ર સ્વભાવના હોય છે તેઓ સંવેદનશીલ પણ એટલા જ હોય છે. તેઓનું હૃદય કોમળ હોય છે. કેસરી, લાલ, ગુલાબ તેઓના લાભલદાયક રંગો છે તેઓને હંમેશા પોતાની સાથે લાલ રંગની કોઇ વસ્તુ રાખવાની સલાહ છે.

વિક્રમના નવા વર્ષની શરૂઆતમાં આપના દેહભુવનમાં આપના રાશિના સ્થાને કોઇ ગ્રહ નથી જયારે રાશિયાધિપતિ મંગળ મહારાજ સુખસ્થાને બીરાજેલ છે. ધન સ્થાનમાં વર્ષારંભે ગુરૂ મહારાજ બીરાજે છે. જયારે ધન સ્થાનનો સ્વામી શુક્ર આપના અષ્ટમ સ્થાને બીરાજેલ છે. ત્રીજા સ્થાને કોઇ જ ગ્રહ નથી. જયારે ત્રીજા સ્થાનના સ્વામી બુધ અષ્ટમ સ્થાને બીરાજે છે. ચોથા સ્થાને સેનાપતિ મંગળ જયારે ચોથા સ્થાનના સ્વામીપતિ સપ્તમ સ્થાને સૂર્યદેવ સાથે યુતિમાં છે. વિદ્યાભુવનમાં કોઇ જ ગ્રહ નથી. વિદ્યાભુવનનો સ્વામી સપ્તમ સ્થાને ચંદ્રદેવ સાથે બીરાજેલ છે. શત્રુસ્થાને વર્ષ દરમ્યાન કેતુ બિરાજેલ છે. જેના આધિપતિ અષ્ટમેશ થઇ શુક્રની યુતિમાં છે. સપ્તમસ્થાને સૂર્ય-ચંદ્રની યુતિ છે. જેના સ્વામી અષ્ટમે બુધની યુતિમાં છે. અષ્ટમસ્થાનના સ્વામી મંગળ ચોથા સ્થાને બીરાજે છે. ભાગ્યભવન અને કર્મસ્થાન વર્ષ આરંભે ખાલી છે. જયારે તેમના સ્વામી ગુરૂ બીજા સ્થાને અને શનિદેવ લાભ સ્થાને બીરાજેલ છે. લાભસ્થાને શનિદેવ સ્વગૃહી થઈને બીરાજેલ છે. વ્યવસ્થાને રાહુ બિરાજે છે. જયારે વ્યયસ્થાનના સ્વામી દ્વિતિય સ્થાનને શોભાવે છે.

ગ્રહોની સાથે સાથે ટેરોટ કાર્ડસ મુજબ આપનું વર્ષ કેવું રહેશે તે પણ જોય મેષ રાશિના જાતકોને 'ધ સન' નામના કાર્ડ આવેલ છે જે આપના નવા વર્ષના ફળકથન બાબતે ખૂબ જ શુભસંકેતો આપે છે સાથે મહેનત કરવાની સલાહ આપે છે. આપના પોસીબલ ગોલ જે આપ ઘણા સમયથી અચીવ કરવા હાંસલ કરવા ઇચ્છો છો તેમાં આપ સફળ થવાના છો. તેના માટે આપને સૂર્ય જેવું બનવું પડશે જેમ સૂર્ય પર કોઇ કાંઇ પણ કચરા ફેંકે તેને લાગતા નથી તેમ તમારા સફળતાના રાસ્તે કોઇ પણ વ્યકિતઓ કે પરિસ્થિતિઓ અડચણ કરે તો તેમાંથી નિરાશ થયા વગર મહેનત,હિંમત અને આત્મવિશ્વાસ સાથે આગળ વધવાથી જરૂર સફળતા મેળવશો.

આપને લગ્નને લઈને કોઇ પ્રશ્નો હશે તો તેમાં થોડી અડચણો વર્ષની શરૂઆતનાં બે-ત્રણ મહીનાઓ રહેશે. ત્યારબાદ થોડુ સેટલ થઈ જશે.

'ધ સન'નું કાર્ડ આપના જીવનમાં ઉત્સાહઉમંગ નવા રંગો અને નવી આશાઓ નવી ઓપોચ્યુનીટી લઇને આવેલ છે. જેને આપ કઇ રીતે સ્વીકારો છો તે આપના પર છે. આ વર્ષ આપને દરિયાઇ જગ્યા, વિદેશથી લાભ અપાવશે. આપના હિત શત્રુઓથી આપને વિજય મેળવશે.

આપના આ વર્ષના ગ્રહમાન પરથી એક ગીત યાદ આવે છે. તકદીર સે બીગડી હુઇ તબકીર બના લે.

અપને પે ભરોસા હે તો યે દાવ લગા લે.

અને હા આપ આ દાવ જીતી જશો અને સફળતાઓ ખુશિયો, પ્રગતિ આપની આ નવ વર્ષ આપીને જશે તો ઓલ ધ બેસ્ટ ફોર યોર ન્યુ યર.

આ વર્ષને વધુ સરસ બનાવવા માટે આપને સવારે સૂર્યદેવને અર્ઘ ચડાવાની સલાહ છે. આપ આ સાથે આપના હસ્તે તુલસી કયારે દીપ પ્રગટાવશો પાણી ચડાવશો તેનાથી પણ લાભ મળશે.

અપરણિતાને માટેઃ અપરણિત યુવાન યુવક યુવતિઓની સગાઇ લગ્નના કાર્યમાં સારી સફળતા મળશે. આપને આ વર્ષ દરમ્યાન આર્થિક રીતે સધ્ધર હોય તેવું પાત્ર મળશે. કદાચ દેખાવ જતો કરવો પડે.વિદેશથી આવતા માંગાથી અંજાય જવું નહિ. આપને સગાઇ લગ્નના કાર્યોમાં ઉતાવળ ન કરવી. બરોબર વાત છે પણ અમુક ઉંમરે નિર્ણયો લેવામાં ઝડપ પણ કરવી જોઇએ. નહિતર સારા માંગા હાથમાંથી ચાલ્યા જશે. અને અંતે આપને પસ્તાવો અને વધેલુ ઘટેલુ મેળવ્યાનો અહેસાસ થયા કરશે.

સ્વાસ્થ્યની દ્રષ્ટિએ

વિક્રમનું નવું વર્ષ આપને માટે સારૂ જવાનું છે. આપ આ વર્ષ દરમ્યાન આપને હલકા ફુલકા મહેસુસ કરવાના છે. આપની વધુ પડતી દોડધામથી આપનું સ્વાસ્થ્ય લથડે નહી તેનું ધ્યાન રાખવું. નાના બાળકોને પાણીના ઇન્ફેકશનથી બચાવવા. આંખમાં બળતરા કે લાલાશ થાય. આપને દરેકની બાબતમાં દખલગીરી કરવાથી દૂર રહેવું. વર્ષ દરમ્યાન આપની શારીરિક સુખાકારી સારી રહેશે. આપને માનસિક ચિંતા વધુ સતાવશે. તેવી શકયતાઓ નકારી ન શકાય. આપના મનમાં કોઇ કાલ્પનિક બીક ઘર કરે નહિ તેનુ ખાસ ધ્યાન રાખવું. આપને જીવનમાં નિયમિત રૂપે વોકિંગ કે કોઇ કસરત કે રમતગમતમાં ભાગ લેવાની સલાહ છે. જેના થકી આપનું બલ્ડસરકયુલેશન સારૂ રહેશે. અને આપના મનના વિચારોમાં પણ પોઝીટીવીટી આવશે.

સ્થાવર મિલ્કત બાબતે

સ્થાવર મિલકત બબતે આપનુ વર્ષ સારૂ થશે અને વર્ષના મધ્ય પછી વેચાણમાં ઉતાવળા થવું નહિ. નહિતર આપને આપની મિલ્કતના વ્યાજબી ભાવ ન આવે જે આપ ઇચ્છતા હોવ. જો આપ મકાન કે દુકાનની ખરીદી બાબતે વિચારતા હશો તો આપને લોન મેળવવામાં જરૂરથી સફળતા મળશે. આપ આપના ઘર કે ઓફિસ માટે એન્ટીક કે વૈભવી ચીજવસ્તુઓ ખરીદશો. આપ જો ભાડુઆતી મકાનમાં રહેતા હશો તો આપને તેમાંથી છૂટકારો મળશે અને પોતાનું ઘર બનાવી શકવા સક્ષમ બનશો. આપ દલાલોની ચાલમાં ફસાઇ ન જાય તેનું ખાસ ધ્યાન રાખશો. વારસાગત મિલ્કત મેળવવામાં આપને સફળતા મળશે. આપ વર્ષ દરમ્યાન આપના મિલ્કતનું યોગ્ય મોડીફિકેશન કરાવી શકવાના છો. અને મનપસંદ વાહનની ખરીદી કરી શકશો.

વ્યાપારીઓ અને નોકરીયાતોને માટે

વ્યાપારી મિત્રોને માટે આ વર્ષ મધ્યમ રહેશે. આપને આપની ઉગ્ર પ્રકૃતિ બદલવાની સલાહ છે. આપને કોઇક ખાસ વ્યકિત સાથેના સંબંધો તોડાવે તેવું બને. ભાગીદારી ધંધાથી સારો લાભ થવાનો છે. નવી ભાગીદારી માટે વિક્રમ સંવતનો બીજો તબક્કો વધુ લાભદાયક રહેશે. આપના કોમ્પીટીટરો માર્કેટમાં વધવાના છે. જેથી આપને માર્કેટમાં ટકી રહેવું સતત હાજરી અને આપનુ સતત ઇન્વોલ્વમેન્ટ જરૂરી રહેશે. નવી યોજનાઓ નવા પ્લાન, નવું મેનેજમેન્ટ આપની ઇચ્છા મુજબ અમલીકરણ બનતુ જણાશે. વ્યાપાથી લાભ રહેશે. આપના સંતાનો આપને વ્યાપારમાં મદદકર્તા બનશે. અને આપના વ્યાપારમાં નવી દિશાઓ સુચવશે. અને આપના વ્યાપારને નવી બૂલંદીઓ પર પહોંચાડશે. તેઓ આપના વ્યવસાયમાં નવીનીકરણ કરી શકશે. આપ જો વિદેશ સાથેનો વ્યવસાય કરવા ઇચ્છતા હોય અથવા આપનો વ્યવસાય વિદેશ સાથે પહેલાથી જ હોય તો આપને આ વર્ષે બહુ ફાયદો નહી થાય.

નોકરીયાત વર્ગને નોકરીમાં મિશ્ર પરિણામો વાળુ વર્ષ રહેવાનું છે. આપને જો બદલી કે પ્રમોશન મળશે તો પણ આપ તે જગ્યામાં અણગમો મહેસુસ કરવાના છો. અધિકારીઓ સાથે સુમેળ રાખવું. સહ કર્મચારીઓનું વલણ અસહકાર ભર્યું રહેશે. વર્ષના અંતથી આપની પરિસ્થિતિઓ હળવી થવાની છે. આપને કેટલાક પરિણામ ઉત્સાહ વર્ધક બનશે. વર્ષ દરમ્યાન પગાર વધારો થવાની શયકતાઓ નકારી ન શકાય. આપને પરિસ્થિતિઓને આધિન થઇને નોકરીમાં કોઇ જાતના ફેરફારો ન કરવાની સલાહ છે. આપને વર્ષ દરમ્યાન સારી સારી નોકરીઓની ઓફરો આવશે પણ નિર્ણય લેવા માટે લાંબાગાળાનો ફાયદો અને મળતી સવલતોને ધ્યાનમાં લેવી પછસ જ કોઇ નિર્ણય પર આવવું તેવી સલાહ છે. આપને નોકરીના કાર્યોમાં સાવધાની રાખીને કાર્ય કરવાની સલાહ છે.

મહિલાઓ માટે

મહિલાઓને માટે વિક્રમનું નવું વર્ષ સારૂ જવાનું છે. આપના માટે આ વર્ષ હર્ષોલ્લાસ વાળુ રહેશે. આપ કુટુંબની જવાબદારીઓ બખૂબી નિભાવી શકશો અને આપને આપના કાર્ય માટે પરિવારના સભ્યો તરફથી જશ અને યશની પ્રાપ્તિ થશે. વર્કિંગવુમનને ઘર અને ઓફિસના કાર્યોમાં બેલેન્સ રાખવા સંઘર્ષ કરવો પડશે. આપનું સ્વાસ્થ્ય નરમ ગરમ રહેશે. આપના દરેક કાર્યો અને દરેક નિર્ણયોમાં આપને જીવનસાથીનો સહકાર સારો રહેશે. આપની નવા ટુ વ્હીલર કે ફોર વ્હીલર ખરીદવાની ઇચ્છા આ વર્ષ દરમ્યાન પુરી થાય તેવી પુરેપુરી શકયતા છે. વર્ષ દરમ્યાન આપને યોગા-મેડિટેશન મોર્નિંગ વોક વગેરે નિયમિત રૂપે કરવાની સલાહ છે.


વિદ્યાર્થી મિત્રોને માટેઃ વિદ્યાર્થી મિત્રોને માટે આ વર્ષ થોડુ નબળુ રહેશે. આપ વધુ પડતા આત્મવિશ્વાસને કારણે અભ્યાસમાં પાછળ રહી જાવ તેવી શકયતાઓ છે. વાતાવરણના તાબે નહિ થાય તેવી સલાહ છે. આપને યાદ રાખવું કે 'ફોલો નો વન બટ લર્ન ફ્રોમ એવરીવન એન્ડ નોટ ટુ લીમીટ ધ સ્કોપ ઓફ થીંકીગ' વિચારોને બહોળા બનાવો. વર્ષ દરમ્યાન પ્લાનિંગ પૂર્વક મહેનત કરવી. પ્લાનિંગ પૂર્વક કરેલ મહેનત અને વર્ષાન્તના ગોચર ગ્રહો આપને ધાર્યું પરિણામ મેળવવામાં સફળતા અપાવશે. પરિક્ષાના ફોર્મ ફી વગેરે માટેની તારીખોનું ખાસ ધ્યાન રાખવું. આપને વધુ પડતા આત્મવિશ્વાસથી દૂર રહેવાની સલાહ છે.

કૌટુંબિક બાબતે

વિક્રમનું નવું વર્ષ આપના માટે સારૂ કહી શકાય. આપને આપના પરિવારનો સહકાર સારો રહેશે. મિત્રોથી પણ લાભ રહેશે. આપને આપના જીવનસાથી સાથે ગેરસમજો મતભેદ ઉભા ન થાય તે બાબતે ધ્યાન રાખશો. આ વર્ષ દરમ્યાન કુટુંબ સાથે લાંબા પ્રવાસ ની શકયતા છે. વડિલોના સ્વાસ્થ્યમાં સુધારો જણાય. કુટુંબના સભ્યોમાં વૃધ્ધિ થશે. સગાઇ લગ્ન કે બાળજન્મના શુભપ્રસંગ બતાવે છે. વડિલોની સલાહ માનવાની લાભ રહેશે. દૂર રહેતા મિત્રો કે સગાસંબંધીઓની મુલાકાત થવાની છે. સંતાનો અંગેની કોઇ ચિંતા હળવી થશે. તેમના વેવિશાળના કાર્યોમાં સફળતા, તેમને વિદેશ મોકલવાન ઇચ્છા પૂર્ણ થશે. કુટુંબમાં આનંદમાં વધારો થશે. વર્ષ દરમ્યાન કૌટુંબિક પ્રશ્નોમાં કુનેહથી વર્તન કરવાની લાભ રહેશે.

આર્થિક બાબતે

વિક્રમનું નવું વર્ષ આર્થિક રીતે સારૂ રહેશે. આપને નાણાકીય રીતે વર્ષ નાણા લાભ અપાવશે પણ બચત નહિ કરાવે. આપને કોઇ પણ કાર્યો બાબતે નાણાને લઇને અટકશે નહિ. હિત શત્રુઓથી સાવધ રહેવું. લાંબા સમય માટે કોઇને ઉધાર આપવાનું ટાળવું મોટી રકમ ઉધારીમાં આપવી નહિ. જમીન મકાનના પ્રશ્નોમાં લાભ રહેશે. વર્ષ દરમ્યાન કિંમતી ચીજવસ્તુની ખરીદી કરી શકશો. વધુ પડતી લાલચમાં આવીને નાણાકીય રોકાણ કરવુ નથી. વિચારીને વડિલોની સલાહથી કાર્યમાં આગળ વધવુ. ઘર કુટુંબ માટે કોઇ મોટી રકમની માલ મિલકતની ખરીદી શકય બને.





વૃષભ રાશિ (બ.વ.ઉ)

વૃષભ રાશિ રાશિ ચક્રની બીજા નંબરની રાશી છે. જેઓ બીજા સ્થાને રાશ્યકૃતિમાં જોવા મળશે. વૃષભ રાશીની રાશ્યાકૃતિ બળદ છે. વૃષભ રાશિમાં કૃતિકા નક્ષત્રના ત્રણ ચરણ રોહિણી નક્ષત્રોના ત્રણ ચરણ રોહિણી નક્ષત્રના ચાર ચરણ અને મૃગ શીર્ષના બે ચરણ સમાયેલ છે.

ઋષભ રાશિના સ્વામી શુક્ર છે વૃષભ રાશી સ્ત્રી જાતિની રાશિ છે અને સ્થિર સંજ્ઞા છે. વૃષભ રાશીની દિશા દક્ષિણ છે. વૃષભ ભૂમિતત્વની રાશી છે. વૃષભ રાશિની વ્યક્તિઓ સ્વભાવે વિનમ્ર અને ચતુર હોય છે. વૃષભ રાશિના વ્યક્તિઓ પરિવાર પ્રત્યે વધુ લાગણીશીલ હોય છે. સફેદ રંગ તેમના માટે લક્કી છે.

વિક્રમના નવા વર્ષની શરૂઆતમાં આપની રાશિમાં ગુરુ મહારાજે સ્થાન લીધેલ છે જયારે આપના રાશિયાધિપતિ આપના સપ્તમ સ્થાને બુધની યુવતીમાં છે. આપના ધન સ્થાને કોઇ ગ્રહ નથી. આપના ધન સ્થાનનો માલિક બુધ તે પણ સપ્તમ સ્થાને બિરાજે છે. આપના ત્રીજા સ્થાને મંગળ મહારાજ બિરાજે છે. જે આપના વ્યવથાનના સ્વામી છે આપના ધન સ્થાનનો સ્વામી ચંદ્ર આપના છઠ્ઠા સ્થાને બીરાજે છે. જયાં આપના ચોથા સ્થાનના સ્વામી સૂર્યદેવ પણ છે. ચતુર્થ સ્થાનના વર્ષ આરંભે ખાલી છે. વિદ્યાભુવનમાં કેતુ બિરાજેલ છે. વિદ્યાભુવનના સ્વામી બુધ આપના શત્રુસ્થાનના સ્વામી શુક્રની યુતિમાં છે. આપના શુક્ર સ્થાનમાં સૂર્ય ચંદ્રને યુતિ છે. આપના ભાગીદારી સ્થાનમાં શુક્ર-બુધની યુતિ છે જયારે ભાગીદારી સ્થાનનો સ્વામી મંગળ ત્રીજા સ્થાને બિરાજે છે આપના આયુષ્ય સ્થાને કોઇ ગ્રહ નથી તેવી જ રીતે ભાગ્ય ભુવનમાં કોઇપણ ભાગ્યભવનમાં પણ કોઇ ગ્રહ નથી આપને આયુષ્ય સ્થાનનો સ્વામી ગુરૂ દેહભુવનમાં અને નવમ સ્થાનના સ્વામી સર્વગૃહી થઈને કર્મસ્થાને બિરાજે છે લાભ સ્થાને રાહુ બિરાજે છે અને વ્યવસ્થાનમાં કોઇ ગ્રહ વર્ષ આરંભે નથી.

નવા વર્ષમાં ગ્રહોની સાથે ટેરોટ ગાર્ડ મુજબ આપણા માટે આવેલ છે ''ધ ડેવિલ'' નામક કાર્ડ, જે મિશ્ર ફળ આપનાર રહેશે જે આપણા વર્ષની શરૂઆત અને અંત સુધી આપને વર્ષ સારું હોય તેવું રહેશે કોઇ મોટું નુકસાન, પરેશાનીઓ આપનાથી દૂર રહેશે. આપણી હિંમત વધારનાર કાર્ડ આવેલ છે.

''ધ ડેવિલ'' કાર્ડ આપને ખુબ સફળતા તરફ લઈ જશે પણ એ ક્યારે જ્યારે આપ આપના નેગેટિવ પોઇન્ટ્સને સ્વીકારીને તેને દૂર કરશો તો જ આપને લાભ અપાવશે. આપનામાં લાલચ, લોભ, ક્રોધ મનમાં ઊભા થાય અને આપ આવા બધા અનેક દોષોમાંથી નીકળી તેની અવગણના કરીને કાર્ય પર ફોકસ રાખશો તો જ સફળતા મળશે. બાકી આ કાર્ડ તમને આ બધામાં ઉલજાવશે તેવું દ્રશ્યમાન થાય છે. આપે આપના નવા વર્ષમાં કાંઇ મેળવવા માટે કોઈપણ એક્સક્યુઝ કોઈ બહાના ન ધ્યાનમાં લેવાની સલાહ છે.

તેથી આ કાર્ડ મિશ્ર ફળ આપનાર છે આપના પર નિર્ભર કરે છે કે આપ કઈ તરફ આપને દોરી જાવ છો. આ બધામાંથી આપે શાંત એકાંત મને પોતાનું યોગ્ય સમય આપીને જ નિર્ણયો લેવાની ખાસ સલાહ છે. આપનું એક ખોટું પગલું આપણે પરેશાનીમાં લાવી આવશે.

વર્ષ દરમિયાન આપને માતા, બહેનો, પત્ની, પુત્રી તેમનાથી વધુ સાથ સહકાર મળશે.. જેમની સલાહ આપને ઉપયોગી થશે. આપની અંદરના ઉછળતા સાગરના મોજાને કિનારો કેમ શાંત કરે છે તેવી અનુભૂતિ થશે. વર્ષ દરમિયાન ખાસ સલાહ ઉતાવળા નિર્ણયોથી બિલકુલ દૂર રહેવું. કોઈ પર વિશ્વાસ બહુ જલ્દીથી ન કરવો. કોઈનું અહિત થાય તેવું કરવું નહીં. એમ કહી શકાય કે આપને આપના કર્મો મુજબ વર્ષ રહેશે.

અપરણિતોને માટે

વિક્રમના નવા વર્ષના પ્રારંભના ગ્રહો લગ્ન ઈચ્છુક યુવાન યુવક યુવતીઓને માટે સારું રહેવાનું છે. આપને સગાઈ કે લગ્નના કાર્યમાં સફળતા મળશે. વિદેશી લાભ થાય તેવી શક્યતાઓ નકારી ન શકાય. વિદેશથી માગા પણ આવશે આપના ભાઈ બહેનના સાસરીયા તરફથી પણ આપને માંગુ મલવાની શક્યતા છે. વર્ષ દરમ્યાન આપને આપની સગાઈ કે આપના લગ્નને લઈને ચિંતિત ન રહો તેવી સલાહ છે આપને જો કોઈ પાત્ર પસંદ હોય તો તેમાં પણ સફળતા મળવાના ચાન્સીસ છે.

સ્વાસ્થ્યની દ્રષ્ટિએ

સ્વાસ્થ્યની દ્રષ્ટિએ વિક્રમના નવા વર્ષના ગ્રહો આપના માટે મધ્યમ રહેશે. આપનું માથું થોડા થોડા દિવસે ભારે રહેતું હોય તેવું જણાય. આપનું આરોગ્ય એકંદરે ધીમે ધીમે સુધરતો જણાય. આપની આધ્યાત્મિક શક્તિઓમાં વધારો થાય જેના કારણે આપના જુના હઠીલા રોગો દૂર થવાના આયુર્વેદિક દવાઓનો ઉપચાર આપને માટે સફળ નિવડવાનો છે. આપને ઘરગથ્થુ ઉપચાર પણ ઉપયોગી થશે માનસિક ટેન્શન થોડા સમય સતાવતું રહેશે ઘરના માંગલિક કે ધાર્મિક પ્રસંગે રાત્રિ ઉજાગરા દોડધામ આપની તબિયત બગાડે તેવી શક્યતા છે. ડાયાબિટીસના દર્દીઓએ સાવચેત રહેવું દરેકની બાબતમાં દખલગીરી કરવાની આદતને દૂર કરવાની સલાહ છે.

સ્થાવર મિલકત બાબતે

સ્થાવર મિલકત બાબતે વિક્રમનું નવું વર્ષ સામાન્ય રહેવાનું છે. જમીન મકાન બાબતે કોઈ ફેરફાર થાય પરંતુ બાદમાં આપને આ નિર્ણય માટે પસ્તાવો થાય, વારસાગત મિલકતનો લાભ આપ આપની ઓફિસ કે ફેક્ટરી માટેના નવા અને આધુનિક મશીન કે કોમ્પ્યુટર બનાવવાના છો. કોર્ટ કેસ ચાલતા હશે તો મિલકત બાબતેના કેસનો ચુકાદો આપની તરફેણમાં આવશે અને આપને લાભ મળશે પરંતુ આપને વિક્રમના નવા વર્ષમાં કોર્ટ કેસની શરૂઆત ન કરવાની એટલે કે નવો કેસ દાખલ ન કરવાની સલાહ છે. ભાઈ બહેનનો સાથ સહકાર સારો મળવાનો છે વારસાગત મિલકત આપને લાભ અપાવી જવાની છે.

વેપારીઓ અને નોકરીયાતો માટે

વ્યાપારીઓને વ્યાપાર માટે આ વર્ષ મધ્યમ રહેશે આપને આપના પિતાશ્રીને સાથે તકરાર ઊભી થાય આપને આપનો નવો વ્યવસાય કરવાની ઈચ્છા થાય અને આપ તેમાં સફળ થવાના છો આપને આપના ભાઈ બહેનનો સહકાર સારો રહેશે. આપને સોના ચાંદી હીરા મોતીના દાગીના કાપડ કાગળને લગતા વ્યાપારથી ખૂબ જ સારી સફળતા અને સાથે સાથે આર્થિક ઉપાર્જન થવાનું છે. આપને ભાગીદારી બિઝનેસથી એકદમ દૂર રહેવાની સલાહ છે. ચાલુ ભાગીદારીમાં ભાગીદારો સાથે સુમેળ રાખવો આપ જો વિદેશ સ્થાઈ થવા માંગતા હોય તો પણ આપના માટે આ વર્ષ બહુ જ સારું છે. આપણે વિદેશ રહેતા ભાઈ બહેન સગા સંબંધી અને મિત્રોનો સપોર્ટ સારો મળવાનો છે.

નોકરીયાતને નોકરી માટે વિક્રમનું નવું વર્ષ નબળું રહેશે. આપને કાલ્પનિક ભય પરેશાન કરે. નોકરીયાત વર્ગને કામકાજ તેમજ જવાબદારીના પ્રમાણમાં ઓછું વળતર મળે. બુદ્ધિપૂર્વક અને ચતુરાઈ પૂર્વક કરેલી મહેનતથી સારો લાભ થવાનો. આપને વાણી સંયમ જાળવવું હિતાવહ રહેશે. ''વાણી એટલે કે જીભ'' જીભ છે તે મ્યાન વગરની તલવાર જેવી છે મ્યાન વગરની તલવાર જેમ ખતરનાક અને જાણ લેવા સાબિત થાય છે. તેવી જ રીતે જીભ કાબુ વગર હોય તો તે તલવાર કરતાં પણ વધુ ખતરનાક છે આપને આપની કોઈ અગાઉ કરેલી ભૂલ આપને પરેશાનીમાં મૂકી શકે છે. વડીલોની ઓળખાણ આપને નોકરીમાં કોઈને કોઈ રીતે ઉપયોગી થવાની છે.

મહિલાઓ માટે

મહિલાઓને માટે વિક્રમના નવા વર્ષના પ્રારંભના ગ્રહો સામાન્ય વર્ષ જાય તેવું સૂચન કરે છે. આપને સ્ટેશનરી કે ડ્રેસ મટીરીયલ્સના વ્યાપારથી નાણાકીય લાભ રહેશે. મેડીટેશન જેવી ક્રિયાઓથી આપનો આત્મબળ વધવાનું છે. જીવન સાથેની સાથે સુમેળ રાખવો. આ કુટુંબની ઈન્કમમાં વધારો કરવામાં મદદ કરશો પેટ અને આંખને લગતી તકલીફો પરેશાન કરે. અપરણીત યુવતીઓ માટે નવું વરસ બહુ સાનુકૂળ દર્શાવતું નથી. માગા અનેક આવે પણ આપને ગમે નહીં. આપના લેવલના ન લાગે.. આપણા સંતાનો આપને સમજી શકતા નથી તેવું લાગશે. આપ આપના ફેમિલીનું બજેટ બહુ જ સરસ રીતે પ્લાન કરવામાં સફળ બનશો.

વિદ્યાર્થી મિત્રોને માટે


વિક્રમ સવંતનું નવું વર્ષ વિદ્યાર્થી મિત્રોને માટે સામાન્ય જવાનું છે આપને આપની શક્તિઓનો વ્યવસ્થિત ઉપયોગ કરવાની સલાહ છે. સ્વાર્થી મિત્રોની મિત્રતાથી દૂર રહેવું. આપ જો વિદ્યા અભ્યાસ માટે આ વર્ષ દરમિયાન વિદેશ જવા ઈચ્છતા હો અને ત્યાં કોઈ એવું કાર્ય કે જે આપને પૈસા પણ કમાવી આપે તેની સાથે થોડું સાહસ કરવાનું હોય તો આપને સફળતા મળવાની છે અને જો આપના જન્મના ગ્રહો સારા હશે તો ગોચર ગ્રહો પણ જરૂરથી મદદ કરશે. સાહસ કર્યા વિના જીવનમાં સિધ્ધિ પ્રાપ્ત થતી નથી આપની અગાઉ કરેલી મહેનત પરીક્ષા સમયે રંગ લાવશે. વર્ષ દરમિયાન પુરુષાર્થ ચાલુ રાખો તો જ જ્ઞાન અને વિજ્ઞાનમાં આગળ વધશો.


કુટુંબીક બાબતે

વિક્રમ ના નવા વર્ષના ગ્રહો સામાન્ય રહેશે આપણા જીવનમાં ચાલુ સ્થિતીને ઠાણે લાવવા મહા મહેનત કરવી પડશે દરેક વ્યક્તિ સાથેનું તાલમેલ બનાવી રાખવું સંતાનોની પ્રગતિ શુભ માંગલિક પ્રસંગોમાં સફળતા. વીલ વારસાના પ્રશ્નો ઊભા થશે. આપે આપની પોઝિટિવિટી ન ગુમાવવાની સલાહ છે. પરિસ્થિતિઓ વર્ષ દરમિયાન ઉપર નીચે થતી રહેશે. કુટુંબમાં મન મોટાવ થશે પણ અંતે સારું રહેશે. વર્ષ દરમિયાન ઘણા સારા સમાચારો પણ મળવાના છે. નિરાશા આપે તેવા વ્યક્તિઓથી દૂર રહેવાની ખાસ સલાહ છે. મિત્રો સાથે લાંબી રજા માળવાનો મોકો મળે જેનાથી આપના સ્વાસ્થ્યમાં સુધારો રહેશે. જીવનસાથી નો સહકાર ખૂબ જ સારો રહેશે

આર્થિક બાબતે

આર્થિક રીતે વિક્રમનું નવું વર્ષ સારૂ રહેવાનું છે યેનકેન પ્રકારે આપને લાભ રહેશે. ધીરજ રાખવી જેનાથી વધુ લાભ રહેશે. આપને વર્ષ દરમિયાન ઘણી એવી ચિંતા થી રાહત થશે. મનમાં શાંતિનો અનુભવ થશે. આપનું યોગ્ય બુધ્ધિ ચતુર્વે ભર્યું રોકાણ આપને લાંબા ગાળા માટે લાભ અપાવી જશે. ભાઈ બહેન સાથે વ્યાપારથી લાભ જમીનમાં સારો લાભ રહેશે. જૂની પેઢીના વ્યવસાયથી લાભ રહેશે. આપને પ્રતિષ્ઠા આપને ખૂબ જ સાથ આપશે. આપના કુટુંબીજનોથી પણ આર્થિક ઉપાર્જનમાં વૃધ્ધિ થશે. આપના સંતાનોને સારી નોકરી વ્યાપારની અચ્યુનિટી ઊભી થશે. (૨૫)





મિથુન રાશિ (ક.છ.ઘ.)

મિથુન રાશિ રાશીચક્રની ત્રીજી રાશિ છે. મિથુન રાશિની રાશ્યકૃતિ સ્ત્રી પુરૂષની જોડી છે. મિથુન રાશિ માં મૃગશીર્ષ નક્ષત્ર ના બે, આર્દ્રા નક્ષત્રના ચાર ચરણ અને પુર્નવસુ નક્ષત્રના ત્રણ ચરણ સમાયેલ છે મિથુન રાશિના માલિક બુધ છે. મિથુન રાશિ પુરૂષ જાતિની રાશિ છે. અને સંજ્ઞા દ્વિસ્વભાવછે. મિથુન રાશિની દિશા પશ્ચિમ છે. તેનું વાયુતત્વ છે. આ રાશિ ના વ્યકિતઓ હસમુખ, મિતભાષી, ખુલ્લા વિચારો અને મનથી જીવનાર વ્યકિતઓ હોય છે. તેઓ વાણી જાદુઇ હોય છે ગ્રીન કલર તેમના માટે શુભ હોય છે.

વર્ષ આરંભે આપના દેહ ભુવનમાં કોઇ ગ્રહો નથી આપના રાશિયાધિપતિ બુધ શત્રુસ્થાને શુક્રની યુતિમાં બીરાજેલ છે. આપના બીજા સ્થાને મંગળ મહારાજ બીરાજેલ છે. ત્રીજા સ્થાને કોઇ ગ્રહ નથી જયારે બીજાઅને ત્રીજા સ્થાનના સ્વામી ચંદ્ર-સૂર્ય આપના વિદ્યાભવનમાં બીરાજેલ છે. સુખસ્થાન ને કેતુ બીરાજેલ છે. સુખ સ્થાન નો સ્વામી બુધ આપના શત્રુસ્થાને શુક્રની યુતિમાં છે જે આપના પંચમ સ્થાનના સ્વામી છે. આપના પંચમ સ્થાને વર્ષારંભે સૂર્ય-ચંદ્ર બીરાજમાન છે. શત્રુ સ્થાને બુધ અને શુક્રની યુતિ છે. સપ્તમ સ્થાને કોઇ જ ગ્રહ નથી તેમજ આયુષ્ય સ્થાને પણ કોઇ જ ગ્રહ નથી. જયારે સપ્તમ સ્થાનનો સ્વામી વ્યય સ્થાને બીરાજેલ છે. આયુષ્ય સ્થાનનો સ્વામી શનિદેવ સ્વગૃહી થઇને ભાગ્ય ભુવનમાં બીરાજેલ છે આપના કર્મસ્થાને રાહુ બીરાજેલ છે. કર્મ સ્થાનનો સ્વામી વ્યય સ્થાને બીરાજેલ છે જયારે લાભ સ્થાને વર્ષારંભે કોઇ જ ગ્રહ નથી. વર્ષારંભે લાભસ્થાન નો સ્વામી ચંદ્રદેવના ગ્રહે બીજા ગૃહમાં સ્થાન લીધેલ છે. આપના વ્યય સ્થાને ગુરૂ મહારાજ બીરાજેલ છે. વ્યય સ્થાનના સ્વામી શુક્ર આપના છઠ્ઠા સ્થાને બુધની સાથે યુતિમાં છે. ટેરોટ કાર્ડસ મુજબ આપને માટે આવે છે! ધ સ્યૂટ ઓફ વોન્ડર્સ કાર્ડ જેને સરળ ભાષામાં કહી એ તો આપને આવી અનુભૂતિ રહેશે- આજ મે ઉપર આસમા નિચે, આજ મે આગે જમાના હૈ પીછે

બસ તો ગીત જેવુ જ વર્ષ આપનું રહેશે પણ આ ગીત જેટલુ પોઝીટીવ છે તેટલુ જ વધુ પડતા આત્મવિશ્વાસ ને દર્શાવે છે આત્મ વિશ્વાસ જીવનમાં ખુબ જ જરૂરી છે પણ વધુ પડતો નહી એટલે જે વસ્તુની પોઝીટીવ સાઇડ છે તો તેની નેગેટીવ પણ છે.

આપને આ કાર્ડ મલતા એક કહી શકાય કે આ વર્ષ ખુબ જ સરસ રહેશે. આ કાર્ડ વન ઓફ ધ પોઝીટીવ કાર્ડ છે. આ વર્ષ આપની પ્રગતિ બતાવે છે પણ આપને જેલસી ફીલ થાય બીજાની પ્રગતિ આંખમાં ખટકે તેવુ પણ થાય તો વર્ષ દરમ્યાન વધુ ને વધુ પ્રગતિ માટે બીજાનું ન જોતા બીજા ને નીચા ન પાડતા આપની લીટી મોટી કેમ કરી શકાય તેના પર ફોકસ કરશો તો ચોકકસ પણે સારા ફળની પ્રાપ્તિ થવાની છે. આ કાર્ડ આપના માં મહેનત કરવાની કોઇ કાર્યને ધગસની પૂરા લગ્ન થી પૂર્ણ કરવાની હોશ આપશે. તમને એવો જમ્બો આપશે કે બાય હુક ઓર બાય ક્રુક આપ કોઇ નિશ્ચિત કાર્ય તરફ આગળ વધવો પ્રેરાશે. તો બસ આપ આજથી વાંચી ને કોઇ પણ નેગેટીવ વિચારો ને લાવ્યા વગર આળસ ઈર્ષા ખંખેરી ને પોતાની સફળતા તરફ આગે કૂચ કરો તેવી શુભેચ્છા.

વર્ષ દરમ્યાન આપને આપની સાથે તુલસી ની એક નાની ડાળખી સૂકાયેલ હોય તેવી હંમેશ સાથે રાખવી જે આપના માં આવતા નેગેટીવ વિચારો ને દુર કરશે.

વર્ષ દરમ્યાન એક વાત યાદ રાખવી જીવનમાં સૌથી મોટુ નુકશાન શું છે? અવસર ચુકી જવો તે અપરણિતો ને માટેઃ- અપરણિત યુવાન યુવક યુવતિઓને માટે વિક્રમનું નવુ વર્ષ સારૂ રહેવાનું છે. આપના વડિલોની તનતોડ મહેનત રંગ લાવશે. આપનો હસમુખો અને મિતભાષી સ્વાભાવ આપને લાભ અપાવશે. આપને આપનું મનપસંદ પાત્ર મલવાનું છે. આપના મોસાળ પક્ષેથી આપને લાભ રહેશે. લવ મેરેજમાં પણ આપને વર્ષ દરમ્યાન સફળતા બતાવે છે. લગ્નેક સગાઇનું કાર્ય વર્ષાત પહેલા પૂર્ણ કરવાથી લાભ રહેશે. આપને આપના ભાઇ બહેનોનો સહકાર સારો રહેવાનો છે.

'સ્વાસ્થ્યની દ્રષ્ટિએ

સ્વાસ્થ્ય બાબતે વિક્રમનું નવુ વર્ષ આપના માટે મિત્ર ફળ વાળુ રહેવાનું છે. આપને પાણી ઇન્ફેકશનથી બિમારી થવાની શકયતાઓ છે. ઠંડા પિણા અને આઇસ્ક્રીમથી જેટલુ બને તેટલુ દુર રહેવું વર્ષ દરમ્યાન આપના માનસિકનો દુર થવાના છે. આપના પારિવારીક પ્રશ્નોનુ અમુક અંશે નિરાકરણ થવાનું છે. જેથી આપનુ સ્વાસ્થ્ય સુધરશે. આપના હાથે દાન પુણ્ય કે કોઇ શુભ કાર્ય કરવુ અને કોઇ પણ જાતની અંધશ્રધ્ધાથી દુર રહેવું જેથી આપનું આત્મબળ વધે આપને જો ડાયાબિટીશ હોય તો થોડા સમય ના અંતરે ચેકઅપ કરાવવાની સલાહ છે. આપને વર્ષ દરમ્યાન કાન નો દુઃ ખાવો સતાવે તેવી શકયતા છે અને તે બાબતે બેદરકાર ન બનવું

સ્થાવરમિલ્કત બાબતેઃ- સ્થાવર બાબતે વિક્રમનું નવુ વર્ષ આપના માટે રહેવાનું છે આપને સંયુકત મિલ્કત માંથી સારો ભાગ મલવાનો છે. આપને માતુશ્રી નો સહકાર સારો મલવાનો છે. આપની આપના નામની કોઇ મિલ્કત ખરીદવાની ઇચ્છા હશે તો તે વર્ષ દરમ્યાન ફળવાની છે. આપ આપની ઓફિસ કે ઘર માં રીનોવેશન કે નવીની કરણ કરાવવાના છો. કોર્ટ કેસ બાબતે વર્ષારંભે સફળતા મલવાની છે. ભાગીદારી વ્યાપાર ન માટે આપને કોઇ પણ સ્થાવર મિલ્કત પર જોખમ ન લેવાની સલાહ છે. લેખીત દસ્તાવેજો બાબતે બે વાર વાંચીને ધ્યાન થી સમજી વિચારીને સલાહ સૂચનો લઇને જ દસ્તાવેજો પર સહી સિકકા કરવાની સલાહ છે.

વ્યાપારીઓ અને નોકરીયાતો ને માટે

વ્યાપારીઓને વ્યાપાર ને માટે આ વર્ષ મેહનત વાળુ અને દોડધામ વાળુ રહેવાનું છે આપને યાદ રાખવુ કે '' બીઝનેશ ઇઝ લાઇક રાઇડીંગ અ બાયીસકલ'' વ્યાપાર એક સાઇકલ સમાજ સમજીને કાર્ય કરવું જો તેને ચલાવતા ન રહો તો પડી જવાય. તેથી આપને આ વર્ષ દરમ્યાન ખુબ મોટા સાહસ ન કરવા અને એક જ કાર્ય માં સતત કાર્યરત રહેવું બે નંબરી વ્યાપારથી લાભ રહેશે. આપને આ વર્ષ દરમ્યાન પોઝીટીવ એટીટયૂટ રાખવાની સલાહ છે. આપને ભાગીદારી વ્યવસાયથી રહેશે અને આપનીઆ વર્ષ દરમ્યાન કોઇ પણ વ્યકિત થી લાભ રહેશે અને આપની આ વર્ષ દરમ્યાન કોઇ પણ વ્યકિત સાથે દલીલબાજીથી લાભ રહેશે અને આપની આ વર્ષ દરમ્યાન કોઇ પણ વ્યકિત સાથે દલીલબાજીથી દુર રહેવું ટ્રાવેલ્સ, હોટેલ, ગેસ્ટહાઉસ, રેસ્ટોરા ના બીઝેનશથી ખુબ જ સારો લાભ રહેશે. આપને આપના વ્યવસાય માં આપના જીવનસાથીનો સહકાર સારો મલવાનો છે. ઉધારી ધંધાથી દુર રહેવું જામીનગીરી થી દુર રહેવાની સલાહ છે.

નોકરીયાત વર્ગને માટે વિક્રમનું નવું વર્ષ સારું જવાનું છે. આપને આ વર્ષ દરમ્યાન ચોકકસ પણે પ્રમોશન મળશે અથવા પગાર વધારો થવાનો છે. આપને આપના સહકર્મચારી અને ઉપરી અધિકારીઓની સાથે ના મતભેદો દૂર થવાના છે. આપ આપની લાઇફ-સ્ટાઇલ હાઇફાઇ બનાવી શકવાના છે., આપના નોકરીના સ્થળમાં ફેરફારો થાય પણ આપને આ વર્ષ દરમ્યાન નોકરીમાં ફેરફારો ન કરવાની સલાહ છે. આપનું આર્થિક પાસુ પ્રબળ બનવાનું છે પણ આપને ભાગીદારી વ્યવસાય ન કરવાની સલાહ છે. જીવન સાથી સાથેના મતભેદો ટાળવા. માનસિક વિચારવાયુ રહ્યા કરે. વિદેશ જવાનો ચાન્સ આપને આપની નોકરી તરફથી મળે સહકર્મીઓની વાતમાં આવીને નોકરીમાં કે નોકરીને લગતા કોઇ નિર્ણયો લેવા કે ફેરવા નહી. મહિલાઓને માટેઃ- મહિલાઓને માટે આ વર્ષ સારૂ જવાનું છે. લગ્ન ઇચ્છુક અપરણિત યુવતિઓને અનેક સારા માગા આવે પરંતુ અંદરથી અનુકુળતા આવે નહી તેવુ લાગશે. આપને આ વર્ષ દરમ્યાન આપના માં કોઇ શકિત હોય તેવો એહસાસ થવાનો છે, જે મુશ્કેલીઓના સમયમાંઆપને મદદ કરશે. આપને ખાડામાં પડતા અટકાવશે. આપ કોઇ કાર્ય કઇને આપના કુટુંબની આવકમાં વધારો કરવા માંગતા હોવ તો આપને ટયુશન કલાસીસ,કોમ્પ્યુટર અને ડાન્સ વગેરે કોઇ આર્ટને આપના સંતાનોને લગતુ કોઇ ટેન્શન રહેવાય છે. ભાઇ-બહેનોની સગાઇ કે લગ્ન નું કાર્ય સફળ બનવાનું છે. આપને જીવનસાથી નો સહકાર સારો રહેવાનો છે. આપને મિત્રો નો સહકાર સારો રહેવાનો છે. સંતાનયોગ માટે સારો સમય છે.

વિદ્યાર્થી મિત્રોને માટે


વિદ્યાર્થી મિત્રોને માટે ગોચરના ગ્રહો આપના માટે સામાન્ય રહેશે. પરંતુ આપ વર્ષાન્તે સારો દેખાવ કરી શકવાના છે. અગાવથી જ તૈયારીઓ શરૂ કરી દેવાની સલાહ છે. વર્ષ દરમ્યાન આપ જે પણ સ્કૂલ કે કોલેજમાં અભ્યાસ માટે એડમિશન ઇચ્છતા હશો ત્યાં મેળવતામાં સફળ થવાના છો. આપની અંદર ગાર્ડનિંગ નો શોખ જાગવાનો છે. તો આપને આપના ગાર્ડનમાં વ્વાઇટ ફલાવર્સને સ્થાન આપવાની સલાહ છે. વર્ષ દરમ્યાન આપ જો કોઇ કોમ્પીટીશનમાં ભાગ લેશો તો આપની સફળતાના ચાન્સ વધારે છે. આપનું મનોબળ અને આત્મવિશ્વાસ વધવાનો છે. રાત્રી ઉજાગરા થી દુર રહેવુંઆપનો વિવેકી સૌમ્ય અને હેલ્પીંગ નેચરના કારણે આપના મિત્ર વર્તુળમાં વધારો થશે અને જૂની મિત્રતા ગાઢ બનશે.


કૌટુંબિક બાબતે

કૌટુંબિક બાબતે આપનું વર્ષ સારૂ રહેશે. વર્ષ દરમ્યાન બધુ જ સરસ જ રહેશે. એવુ નથી સારા નરસા અનુભવો થશે અને ખ્યાલ આવશે આપને કે આપનું હિતેચ્છુ હિતેષી વ્યકિત કોણ કોણ છે. આપ તે નકકી કરી શકશો. યોગ્ય વ્યકિતના સાથ સહકારથી મુશ્કેલીઓ દુર થશે. ભાઇ બહેનોની સગાઇ લગ્નનું માંગલિક કાર્યનું આયોજન થવાનું છે. વડિલોની સલાહ ઉપયોગી થશે. આપે ગુસ્સા પર કાબુ રાખવો જેનાથી કુટુંબનો માહોલ સારો રહે. આપના સ્વાસ્થ્ય પર અસર ન થાય. જીવન સાથીની ભાવનાઓ ની કદર કરવી વિદેશ રહેવા સગા સબંધી મિત્રોનો સહકાર સારો રહેશે. ઘરના સભ્યો વચ્ચે લાગણી અને સમજણ પ્રેમની સાંકળ બનાવી રાખવી કુટુંબ સાથે વ્યવસાયની શરૂઆતથી લાભ રહેશે. વિલ વારસા થી લાભ રહેશે.

આર્થિક બાબતે

આર્થિક બાબતે આપનું વર્ષ સારૂ રહેશે. ખર્ચાઓ વધશે આપને લકઝરીયસ ચીફ વસ્તુની ખરીદી થશે આપની લાઇફ સ્ટાઇલમાં ફેરફારો થશે સાથે સાથે આપને બચત કરવાની સલાહ છે. જમીન મકાન અંગે ચેતીને આગળ વધવું લેવામાં અને વેચવામાં બંને બાબતે ધ્યાન રાખવું ભાગ્યોદયની તક પ્રાપ્ત થાય અને મહેનત વધુ રહે વર્ષ દરમ્યાન કોઇ અંધવિશ્વાસમાં પડી ને લાલચમાં આંધળા થઇને કોઇ પણ વિશ્વાસ સમજીને કરવો સફળતા અને સમૃધ્ધિ માટે કોઇ જ શોર્ટકટ નથી. વિલવારસા માં લાભ થશે પણ વારસાઇ મિલ્કત વેચવાની ઉતાવળ કરવી નહી નવી ઉધારી દેવા-લેવા માં ધ્યાન રાખવું જૂના કર્જ થી મુકત થશો શેર બજાર થી લાભ રહેશે. (૫-૮)





કર્ક રાશિ (ડ.હ)

કર્ક રાશિ રાશિચક્રની ચોથી રાશી છે. કર્ક રાશિની રાશ્યાકૃતિ કરચલા જેવી છે. કર્ક રાશિમાં પુનર્વસુ નક્ષત્રનું છેલ્લુ ચરણ પુષ્ય નક્ષત્રના ચાર ચરણ અને આરાલેશ નક્ષત્રનો ચાર સમાયેલ છે. કર્ક રાશિનો રાશ્યાધિપતિ ચંદ્ર છે. જાતિ સ્ત્રી છે. જયારે સંજ્ઞા ચર છે. તત્વ જળતત્વ છે. કર્ક રાશિના વ્યકિતઓ ગુસ્સાવાળા જોવા મળે છે પણ તેમનો ગુસ્સો પળવારનો જ હોય છે. સફેદ અને આસમાની રંગ તેમના માટે ફળદાયી છે. કર્ક રાશિના વ્યકિતઓ ઉત્તમ માતા પિતા હોય છે. બીજાને મદદરૂપ થવા હંમેશ તત્પર હોય છે.

વિક્રમના નવા જ વર્ષની શરૂઆત આપના માટે મંગળ જાય છે. જયારે પ્રથમ સ્થાને મંગળ દેવ હોય પછી કાંઇ ન ખૂટે આપના રાશ્યિાધિપતિ ચતુર્થ સ્થોન સૂર્યદેવની યુતિમાં છે જે આપના દ્વિતિય સ્થાનના સ્વામી છે. આપના દ્વિતિય સ્થાને વર્ષારંભે કોઇ જ ગ્રહ નથી. ત્રીજા સ્થાને કેતુ બીરાજેલ છે. ત્રીજા સ્થાનના સ્વામી બુધ આપના વિદ્યાભુવનમાં શુક્રની સાથે જે આપના ચોથા સ્થાનના સ્વામી છે. અને આપના લાભસ્થાનના પણ સ્વામી બને છે. આપના ચોથા સ્થાથે સૂર્ય-ચંદ્રની યુતિ છે. આપના વિદ્યાભુવનના સ્વામી મંગળ મહારાજ જ આપના કર્મસ્થાનના પણ સ્વામી છે તે આપના દેહભુવનમાં બીરાજમાન છે. આપના વિદ્યાભુવનમાં બુધ-શુક્રની યુતિ જામેલ છે.આપના શત્રુસ્થાને સપ્તમ કોઇ જ ગ્રહ નથી. જયારે સાતમ સ્થાનના સ્વામી અને શત્રુસ્થાનના સ્વામી શનિ દેવ અને ગુરૂદેવ અનુક્રમે આયુષ્ય સ્થાને સ્વગૃહી થઇને અને લાભસ્થાને બીરાજેલ છે. આપના આયુષ્ય સ્થાને શનિ મહારાજ બીરાજેલ છે. આપના ભાગ્યભુવનમાં રાહુ જયારે કર્મસ્થાન ખાલી, ભાગ્યભુવનમાં ગુરૂ અને વ્યય સ્થાન પણ ખાલી વર્ષારંભે રહે છે.

આપની રાશિમાં ધ ટેમ્પરન્સ કાર્ડ આવેલ છે. જે ખૂબ જ શુભ પોઝીટીવ કાર્ડ આવેલ છે. આપને આપના જીવનના લક્ષ્ય તરફ આગળ વધવા પ્રેરણા મળતી રહેશે. વર્ષ દરમ્યાન આપને દરેક નિર્ણયો, ઉભા થતા પ્રશ્નો અને અડચણોને શાંતિપૂર્વક હેન્ડલ કરવાનો નિર્દેશ કરે છે.

લગ્ન ઇચ્છુકોને આ વર્ષ દરમ્યાન ચોક્કસ પણ યોગ્ય લાગણીશીલ અને આપના બાબતે પ્રતિબધ્ધતા ધરાવનાર વ્યકિતને મેળવશે. આ કાર્ડ આપતી ન્યાયપ્રિયતાને ખૂબ જ આદર અપાવે અને સાથે આપને થોડી તકલીફ પણ થશે પણ પાર પડવા માટે હિંમત મળશે. આપના આત્મવિશ્વાસમાં વધારો કરશે. આપના સ્વાસ્થ્યમાં સુધારો લાવશે.

આ કાર્ડ આપના જીવન માટે મહત્વનું સાબિત થશે. આપના જીવનમાં સંતુલન, મધ્યસ્થતા અને સંવાદિતાને પ્રોત્સાહિત કરશે. આપને આસપાસના વાતાવરણમાં સમાજમાં દુનિયામાં સંતુલન સુગમતા અને સુમેળ કેવી રીતે જાળવવું ને શીખવાડી જશે. આપના મૂલ્ય અને નૈતિક સિધ્ધાંતોને મજબૂત બનાવશે.

વર્ષ દરમ્યાન દરેક પરિસ્થિતિનો સામનો શાંતચિંતે સ્વસ્થ મનથી દરેક પરિસ્થિતને અનુકુલન કરવાનું શીખવે છે. આ કાર્ડ વર્ષ દરમ્યાન કોઇ પણ બાબતે ઉતાવળ ન કરવાનું સુચન કરે છે અને પોતાનું આત્મનિરિક્ષણ કરવાનું સૂચવે છે.

એમ કહી શકાય કે જે સહન કરી શકે તે જ સફળતા પામી શકે છે. સાઇબાબાના બે શબ્દો વર્ષ દરમ્યાન આપના માટે જીવન મંત્ર બનશે શ્રધ્ધા અને સબૂરી.

આ વર્ષને વધુને વધુ સરસ બનાવવા માટે આપે આપના ઇષ્ટદેવ દેવી, કુળદેવી મા નું રોજ નિયમિત પૂર્વક કોઇ ચોક્કસ સમયે ધ્યાન ધરવું.

અપરણિત વ્યકિતઓને માટે

અપરણિત વ્યકિતઓને માટે આ વર્ષ સારૂ રહેવાનું છે. આ વર્ષે પુરૂ થયે તમે પરણિત અચૂક થઇ જાવ તેવા ગ્રહો છે. આપને વર્ષ દરમ્યાન આપના વડિલોને પસંદ કરેલ પાત્ર થકી આપને લાભ-સફળતા અને આનંદ અપાવશે. વર્ષ દરમ્યાન આપને સારી કમાણી કરતુ પાત્ર મળે તેવી શકયતાઓ છે. જે આપને લાઇફમાં સારો સપોર્ટ આપે. વર્ષ દરમ્યાન એવું પણ બને જે ભૂતકાળમાં આવેલ માંગા માટે રીજેકશન થયુ હોય તે જ માંગુ જે આપને પસંદ હોય તે ફરીથી આપની પાસે આવશે.

સ્વાસ્થ્યની દ્રષ્ટિએ

સ્વાસ્થ્યની દ્રષ્ટિએ આપનુ આ વર્ષ સારુ રહેવાનું આપને ગત વર્ષ કરતા ઘણી રાહત મળશે. તેમ છતાં વિચારવાયુથી જોજનો દૂર રહેવાની સલાહ છે. તેના માટે યોગા, મેડિટેશન જેવી ક્રિયાઓ નિયમિત રૂપે કરવાની સલાહ છે. આપના વિચારોમાં આપને પરિવર્તન લાવવાની સલાહ છે વર્ષ દરમ્યાન આપને એક વિચારને જીવનમાં આચરવાની સલાહ છે કે ' જે કંઇ પણ બને છે તે સારા માટે બને છે' અને ઇશ્વરની ઇચ્છાથી જ બને છે. તેવું વિચારીને ચાલવાની સલાહ છે. જેથી આપ આપના નેગેટીવ વિચારોથી દૂર થઇ શકશો. મિત્ર વર્તુળ વધારવાની ખાસ જરૂર છે. વર્ષ દરમ્યાન આપને અમુક કાર્યોમાં ધીરજ રાખવાની સલાહ છે. આપને આપના ગુસ્સા પર કાબુ રાખવો જરૂરી રહેશે.

સ્થાવર મિલ્કતની દ્રષ્ટિએ

સ્થાવર મિલ્કતની દ્રષ્ટિએ આપનું આ વર્ષ મિશ્ર ફળ આપનારૂં રહેશે. આપને જો વિદેશમાં અથવા તો દરિયાઇ જગ્યાએ મિલ્કત હશે તો આપ તેના વેચાણથી સારી કિંમત મેળવી શકવાના છો. આ વર્ષ દરમ્યાન ઉપર કરેલ વાત વિપરીત સાબિત થશે જો આપ વિદેશ રહેતા હોય કે આપના માદરે વતનથી દૂર હોવ તો આપ આપના વતનમાં જન્મભૂમિમાં મિલ્કતની ખરીદીથી લાભ મેળવશો. વિલવારસાની મિલ્કતથી લાભ રહેશે. વર્ષ દરમ્યાન આપને આપના સંતાનોના નામે મિલ્કત કરી આપવામાં ધ્યાન રાખવું આપને વર્ષ દરમ્યાન સારો લાભ મળશે અને આપ આપની જીવનશૈલીમાં પરિવર્તન લાવશો. ભાડાના મકાનમાં રહેનાર પોતાનું ઘર બનાવી શકશે. તેથી એકંદરે તેમ કહી શકાય કે આપની રાશિમાં યેનકેન પ્રકારે મિલ્કત લાભ થવો આ વર્ષે ચોક્કસ છે.

વ્યાપારીઓ અને નોકરીયાતોને માટે

વ્યાપારી મિત્રોને માટે આ વર્ષ મધ્યમ રહેશે. આ વર્ષ દોડધામ વાળુ પણ કહી શકાયે. આપને બે નંબરી વ્યાપારથી લાભ રહેશે. આપને ઉધારી ધંધાથી દૂર રહેવાની સલાહ છે. આપને વર્ષ દરમ્યાન પોઝીટીવ એટીટ્યુડ રાખવાની સલાહ છે. આપને યાદ રાખવું કે 'બીઝનેશ ઇઝ લાઇક રાઇડીંગ બાઇસીકલ' વ્યાપારને એક સાઇકલ સમાન સમજીને ચલાવવી જો આપ તેને સતત એક જ ગતિએ ચલાવતા રહેશો તો લાંબુ અંતર કાપી શકશો. ઉતાવળ કરશો. તો લાંબી મંઝીલ કાપી નહિ શકો અને અધ્ધ વચ્ચેથી થાકી હારી જવાના છો. સાઇકલ જો સતત ચલાવવામાં ન આવે તો પડી જવાય. પરંતુ વર્ષ દરમ્યાન ખૂબ જ મોટા સાહસો ન કરવાની અને એક જ કાર્યમાં જોડાય રહેવાની સલાહ છે. વ્યાપાર બદલશો તો નુકશાન થશે. ભાગીદારી વ્યવસાયમાં લાભ રહેશે. અને વર્ષ દરમ્યાન આપ કોઇ વ્યકિતની સાથે દલિલબાજીમાં ન પડો તેવી ખાસ સલાહ છે. વર્ષ દરમ્યાન આપના રીસ્ક પર કોઇ બીજાને નાણા અપાવવો નહિ તેવી સલાહ છે.

નોકરીયાતોને નોકરી માટે સારો સમય છે. આપ આપની આંતરિક સુઝબુઝ ટેલેન્ટ અને ઇન્ટલીજન્સીને કારણે ઉપરી અધિકારીઓને પ્રભાવિત કરી શકશો. આપને નવી નોકરીની સારી ઓફરો આવશે. આપને નોકરીમાં સહકર્મચારી વર્ગનો સહકાર સારો રહેવાનો છે. નોકરીયાત વર્ગને નવા ઘર કે ઓફિસ માટેની લોન મેળવવામાં સરળતા રહેશે. આપ જો રમતગમતમાં રસ ધરાવતા શકો તો આપને વર્ષ દરમ્યાને તે કાર્યમાં એટલે આપની હોબીમાં આપને સફળતા મળશે અને તેના થકી આપને નોકરીમાં સફળતા મળશે. આપને પડવા વાગવાથી ઇજા થશે. અને કાર્યભારમાં વર્ષના અંતે વધારો થશે. વર્ષાન્તનો સમય આપના માટે થોડો મુશ્કેલ રહેશે. વર્ષ દરમ્યાન સંતાનોના પ્રશ્નોનું નિવારણ થશે.

મહિલાઓ માટે

મહિલાઓને માટે વિક્રમના નવા વર્ષમાં પ્રગતિ થવાની છે. નવા વર્ષના ગ્રહો આપના માટે શુભ જ શુભ છે. આપને વર્ષ દરમ્યાન અનેક લાભ મળશે. અને આપના કાર્યો પૂર્ણ થશે. જીવનસાથી સાથે સુમેળ રાખવો, આપને આપના જીવનસાથી સાથે ગેરસમજો હશે તો તે દૂર થવાની છે. આપ આપના કુટુંબની ઇન્કમમાં વધારો કરી શકવાનો છો, જે આપ આપના શોખ થકી કરશો જેમ કે ડ્રેસ મટીરીયલ વહેચવા, પાર્લર, ઇન્ટીરીયર ડિઝાઇનીંગ, ટયુશન વગેરે જેનાથી આપ આનંદ અને સેટીસફેકશન પણ થશે. સ્વાર્થી અને લાલચી મિત્રોથી દૂર રહેવાની સલાહ છે. વર્ષ દરમ્યાન આપને પેટને લગતી પરેશાની પરેશાન કરે. વડિલોનો સહકાર ખૂબ જ સારો રહેવાનો છે. આપ આપના ફેમિલીનું બજેટ બહુ જ વ્યવસ્થિત રીતે પ્લાન કરી શકવાના છો.

વિદ્યાર્થી મિત્રો માટે

વિદ્યાર્થી મિત્રોને માટે વિક્રમનું નવું વર્ષ સામાન્ય જવાનું છે. આપે વર્ષ દરમ્યાન બહુ જ સાહન અને મહેનત કરવાની છે. સાહસ કર્યા વિના જીવનમાં સિધ્ધિ પ્રાપ્ત થતી નથી. અને સિધ્ધી મહેનત કરનારને જ મળે. વાંચન લેખનમાં એકલવ્ય બનવાની સલાહ છે. પરીક્ષા સમયે અગાઉ કરેલ મહેનત કામ લાગશે. મિત્ર વર્તુળ માટે વધુ પડતા લાગણીશીલ ન બનો તેનું ધ્યાન રાખવું વર્ષ દરમ્યાન અભ્યાસ માટે વિદેશ જવાની ઇચ્છા ધરાવતા હશો તો આપને તેમાં સફળતા મળશે. મતલબી મિત્રોને ઓળખીને તેનાથી દૂર રહેવું. ગોચર ગ્રહોની સાથે જો જન્મના ગ્રહો પણ મદદકર્તા હશે તો આપને સારૂ પરિણામ લાવતા કોઇ રોકી નહિ શકે.

કૌટુંબિક બાબતે

કૌટુંબિક બાબતે આપનું વર્ષ સારૂ રહેશે. આપને ત્યાં વર્ષ દરમ્યાન માંગલિક પ્રસંગ, હવન, યજ્ઞ કે કોઇ પૂજા મોટા પાયે કરી શકશો. ભાઇ, બહેનો કે સંતાનોના સગાઇ લગ્નમાં સફળતા વિદેશ પ્રવાસ થાય તેવી શકયતા. જીવનસાથીના સ્વાસ્થ્ય અંગે થોડી ચિંતા રહે. તેમની સાથે સુમેળ વધે. સંતાનોના અભ્યાસમાં પ્રગતિકારક સમય છે. કુટુંબના નિર્ણયો પરિવારને સાથે લઇને કરવા હિતાવહ રહેશે. વર્ષ દરમ્યાન આપનું પ્લાનિંગપૂર્વકનું કાર્ય આપના કુટુંબને લાભકારક સાબિત થશે. વર્ષ દરમ્યાન કુટુંબ માટે, સોના દાગીના જેવી કોઇ કિંમતી ચીજવસ્તુ ખરીદી શકવાના છો. મોસાળ પક્ષનો સહકાર સારો રહેશે.

આર્થિક બાબતે


આર્થિક બાબતે વિક્રમનું નવું વર્ષ સારૂ રહેશે. કૌટુંબિક બાબતે જેમ આપના પ્લાનિંગનું મહત્વ રહેશે. તેમજ આર્થિક બાબતે પણ આપનુ પ્લાનિંગ આપની સફળતાની ચાવી બની રહેશે. આપનું યોગ્ય સમયે કરેલ યોગ્ય બચત, યોગ્ય ઇન્વેસ્ટમેન્ટ, પરફેકટ પ્લાનિંગ પરફે કટ લાઇફ અપાવશે. ભાઇ બહેનો સાથે નાણા વ્યવહાર સમજીને કરવા તેમાં મિત્રો પણ આવરી લેવા.હિતશત્રુઓ ફાવશે નહિ ભાગ્યોદરની તક વારંવાર ચૂકી જતા હોવ તેવો આભાસ થશે. પરંતુ જે થશે તે સારા માટે આ યાદ રાખીને કાર્ય કરતુ રહેવું. શ્રી કૃષ્ણ એ કહ્યું છે ને કાર્ય કરતા રહો ફળની ઇચ્છા ન રાખો. તે વાત આપ ગાઠ બાંધી લેવી. નાણા બચત કરતા રહો. કમાતા રહો તે કયાં કેવી રીતે આપને ઉપયોગી થશે તે સમય બતાવશે.


વિક્રમ સંવત ૨૦૮૧નું વાર્ષિક રાશિ ભવિષ્ય

એક મુલાકાત ઉજ્જવળ ભવિષ્ય બનાવી શકે છે

જયોતિષ : કુમારભાઇ ગાંધી

એપોમેન્ટ લેવી જરૂરી મો.૯૩૭૪૮ ૧૬૯૭૭, ૭૮૭૮૧ ૭૮૭૮૩





સિંહ રાશિ (મ.ટ)

સિંહ રાશિ રાશિચક્રની પાંચમી રાશિ. જેની રાશ્યાકૃતિ સિંહ છે. મઘા નક્ષત્રના ચાર ચરણ પૂર્વાફાલ્ગુનીના ચાર અને ઉતરા ફાલ્ગુનીના ચાર અને ઉતરા ફાલ્ગુની નક્ષત્રનું એક ચરણ સમાયેલ છે. સિંહ રાશિની સંજ્ઞા સ્થિર છે. સિંહ રાશિનો રાશ્યધિપતિ સૂર્યદેવ છે. સિંહ રાશિની દિશાપૂર્વ દિશા છે. સિંહ રાશિ અગ્નિતત્વવાળી રાશિ છે. સિંહ રાશિના વ્યકિતઓ ખૂબ જ તેજસ્વી સાથે મહેનતી પણ હોય છે. તેઓ જીવનમાં ગંભીર અને પ્રગતિશીલ હોય છે. આત્મવિશ્વાસ ખુબ સારો હોય છે. સિંહ રાશિ માટે યેલો ગોલ્ડન અને ઓરેન્જ લક્કી છે.

વર્ષ આરંભે વિક્રમ સંવતના ગ્રહોની સ્થિતિ કંઇક આ રીતે દર્શાય છે. પ્રથમ સ્થાને કોઇ ગૃહ નથી વિદ્યાભુવન શત્રુસ્થાન અને લાભસ્થાન વર્ષારંભે ખાલી છે. જેમના અધિપતિ અનુક્રમે આ સ્થાનો પર છે. દેવભુવનના સ્વામી સૂર્ય ત્રીજા સ્થાને છે. વિદ્યાભુવનના ગુરૂદેવ કર્મસ્થાને જયારે શત્રુસ્થાનના સ્વગૃહી શનિદેવ સાતમા સ્થાને છે. લાભ ભુવનના સ્વામી બુધ ચોથા સ્થાને શુક્ર સાથે બીરાજેલ છે. બીજા સ્થાને કેતુ મહારાજ જેમના અધિપતિ બુધ આપના સુખ સ્થાને બીરાજેલ છે. આપના પરાક્રમ સ્થાને સૂર્ય-ચંદ્રની યુતિ છે. આપના ત્રીજા સ્થાનના સ્વામી શુક્ર છે જે ચોથા સ્થાને બીરાજેલ છે. અને ત્યાં શુક્ર-બુધની યુતિ થાય છે. આપના સાતમ સ્થાને સ્વગૃહી શનિદેવ બીરાજમાન છે. આપના આયુષ્ય સ્થાને રાહુ બીરાજે છે. જયારે આયુષ્ય સ્થાનના સ્વામી કર્મસ્થાને બીરાજેલ છે. આપના કર્મસ્થાનનો સ્વામી શુક્ર છે. જે પોતાના ગ્રહની સામે જ બીરાજેલ છે. અને સ્વગૃહને બુધની યુતિ સાથે જોવે છે, વ્યયસ્થાને મંગળ બીરાજેલ છે. વ્યવસ્થાનનો સ્વામી ચંદ્ર ત્રીજા સ્થાને સૂર્યદેવ સાથે યુતિમાં છે.

ગ્રહોની સાથે સાથે નવા વર્ષ માટેનું આપનું ટેરોટ કાર્ડ આવે છે. 'ધ ચેરીઓટ' કાર્ડ જેને સરળ શબ્દમાં રથ કહી શકાય. આ કાર્ડ આપને ખુબ જ પોઝીટીવીટી તરફ લઇ જશે. આપનું જીદી વલણ કોઇ કાર્ય પ્રત્યેની અતૂટ લગ્ન દર્શાવે છે. આપને વર્ષ દરમ્યાન લક્ષ્ય પૂર્ણ કરવા તરફ દોરી જશે.

કોઇ રજવાડી ગાંડીને બે પ્રાણીઓ વડે આગળ વધારવામાં આવે છે તેવી જ રીતે આ કાર્ડ આપને આપના પરિવાર મત્રિ, સ્ટાફ મેમ્બર્સ, કલીગ્સનો હોય સાથે સહકાર કે પછી આપના મૂલ્યે અને સિધ્ધાંતોના સહારે આગળ વધારશે.

કોઇ કાર્ય પૂર્ણ ન થાય ત્યાં સુધી વડગી રહેવું તે બતાવે છે. રથને યુધ્ધમાં ઉપયોગમાં લાવવામાં આવે છે. વર્ષ દરમ્યાન અને ગડમથલ યુધ્ધ, વિચારોના મનના મતભેદ અડચણો આવે પરંતુ ઈમોશનલ થયા વગર આગળ વધતા રહેવું તે જ પ્રાયોરીટી આપને રાખવાની છે.

વર્ષ દરમ્યાન આપને અનેક પરિસ્થિતનો સામનો થાય તે આપને વિચલિત કરી મુકે આપના વિચારો જે આપના લક્ષ્ય થી આપનું ધ્યાન ભટકાવવાનું કરે પણ વર્ષ દરમ્યાન કોઇ નકકી ગોલ તરફ આગળ વધવુ તેને ધ્યેય બનાવી લેવું, બાકી તો એવા ઘણા લાઇફમાં ટીવસ્ટ એન્ડ ટર્ન આવશે એટલે યુધ્ધમાં રથ જેમ આગળ વધે છે તેમ આગળ વધવાનું છે. દરેક વસ્તુમાંથી નિકળવું પડશે.

આપ વર્ષ દરમ્યાન લાઇફની અનેક ચેલેન્જો પર વિજય પ્રાપ્ત કરશો સાથે સાથે આપ વર્ષ દરમ્યાન સંબંધો ને સારી રીતે ઓળખી શકશો અને મજબૂત બનાવી શકશો. નવા રીલેશનનું પણ સૂચન કરે છે.

વર્ષને વધુ સારૂ બનાવવા માટે આપે આપની સાથે હરહંમેશ પાણીની નાની બોટલ અચુક પણે રાખવી, કારણ કે આ કાર્ડ જળતત્વ સાથે સંબંધીત છે અને આપની રાશિ અગ્નિતત્વની છે.

અપરણિતોને માટે

અપરણિત યુવાન યુવક યુવતિઓને આ વર્ષે પણ બહુ સફળતા હાથ નહીં સાંપડે તેવું ગોચર ગ્રહો કહે છે પરંતુ આપના જન્મના ગ્રહો જો મદદકર્તા હશે તો ગોચર ગ્રહોને યુ-ટર્ન ભાવો જ પડશે અને આપની ગાડીને ધક્કો મારવો પડશે. વિદેશના માંગા બહુ આવે તેવા ચાન્સ છે. આપને રોમાન્સમાં સફળતા છે પણ તેને સામાજીક સામાન્યતા અપાવવા માટે મુશ્કેલ સમય રહેશે. આપને સગાઇ લગ્નના નિર્ણયોને લઇને ભાઇબહેનો સાથે મતભેદ રહેશે.

સ્વાસ્થ્યની દ્રષ્ટિએ

સ્વાસ્થ્યની દ્રષ્ટિએ વિક્રમ નવું વર્ષ સામાન્ય રહેશે. આપને વિક્રમની શરૂઆત કરતા વિક્રમના નવા વર્ષનો અંતિમ ભાગ બહુ જ સારો રહેશે. આપ વર્ષ દરમ્યાન હેલ્થ કોન્શીયસ બનશો અને વેઇટ લોસની ઈચ્છા ફળશે. આપ કોઇપણ પ્રકારના વાતારવણમાં આપ એડજેસ્ટ થઇ શકશો. વર્ષના મધ્ય ભાગમાં થોડી વધારે કાળજી લેવાની સલાહ છે. આપને આપના ઉગ્ર સ્વભાવ ને કાબુમાં રાખવાનો છે. દરેક કાર્ય ધીરજથી અને વિચારીને કરવાથી આપનું સ્વાસ્થ્ય સારૂં રહેશે. વર્ષ દરમ્યાન કોઇ મોટી બિમારી કે ઇજાને અવકાશ નથી. આપને વિચાર વાયુ રહેશે. આપ નાની નાની વાતે કોઇ સાથે બાખડી પડો તે સ્વાસ્થય માટે સારૂં નથી તો વર્ષ દરમ્યાન દલિલબાજી અને બીજાની વાતમાં પડવાથી દૂર રહેલું. સ્થાવર મિલ્કત બાબતે -સ્થાવર મિલ્કત બાબતે વિક્રમનું નવું વર્ષ સારૂ રહેવાનું છે. આપને સ્થાવર મિલ્કથી લાભ રહેશે. બિનવારસાની મિલ્કત મેળવવામાં સફળતા મળશે. કોર્ટ કેસ ચાલતા હશે તો તેમાં પણ સફળતા મલશે. આપને આપની જન્મભૂમિ તરફ જબરૂ ખેંચાણ રહેશે. આપને લેખીત દસ્તાવેજે અને જામીનગીરી થી દૂર રહેવાનું છે. ભાગીદારી ધંધા માટે સ્થાવર મિલ્કતનાં રોકાણ લાભ અપાવી જશે. આપને જુની ખેડી વાડી અથવા બહુ જ જુની મિલ્કતને હાલમાં ન વહેચલો તેવી સલાહ છે. આપને મોટ આ સમય મિલ્કતની ખરીદીક રવા માટે બહુ જ ઉત્તમ છે, પરંતુ વેચાણમાં સારી કિંમત નહીં, આવે. આપના નામે જમીન મકાન મિલ્કત જો વિદેશમાં હશે તો તેના વેચાણમાં સારો ફાયદો મલે તેમ છે અને આપને વિદેશમાં જમીન મકાનથી લાભ પણ રહેશે.

વ્યાપારીઓ અને નોકરીયાતોને માટે

વ્યાપારી મિત્રોને ગોચરના ગ્રહો શરૂઆતમાં લોઢાના ચણા ચાવવા પડે તેવા છે ભારી કોમ્પીટીશન અને મંદી સામનો રહે. આપને પેઢી દર ચાલતા જોઇન્ટ બીઝનેશમાં ભાગલા પડે તેવી શકયતા છે પરંતુ આપ જો આ વસ્તુ બને નહિ તેવું ઇચ્છતા હોય તે આપને વર્ષની શરૂઆતના સાતેક મહિના ધીરજ રાખવાની સલાહ સૂચના આપના વ્યવસાયમાં ઉપયોગી સાબિથ થશે. વર્ષ દરમ્યાન આંખ -કાન ખુલ્લા રાખીને કાર્ય કરવાની સલાહ છે. આપને સાઇડ બીઝનેશથી લાભ રહેશે. આપ આ વર્ષ દરમ્યાન માત્ર એક જ વ્યવસાયમાં રોકાણ કરો તેના કરતા આપ અલગ અલગ ઈન્વેસ્ટમેન્ટ કરી લો તો વધુ બચત અને પ્રોફીટ થશે. આપના હિતશત્રુઓ અને નજીક રહેતા શત્રુઓ ઉભા થશે પણ ફાવશે નહી અને તેઓના આપને અહિત પહોંચાડવાના પ્લાન્ટ ફલોપ થઇ જશે.

નોકરીયાત વર્ગને માટે આ વર્ષે સારો સમય છે. જો આપ સારા પગારને માટે નોકરી બદલવા માંગતા હોય તો આપને આ સમયમાં બદલી કરવી યોગ્ય છે, તેમ છતાં વધુ આધાર જન્મના ગ્રહો ઉપર રહે છે. નોકરીના કામે વારંવાર મુસાફરી થાય. આપને આપના કાર્યોમાં પંકચ્યુઅ્પાલીટી લાવવાની રહેશે. નવા વર્ષે સમયની કિંમતને ઓળખવાની સલાહ છે. ટાઇમ ઇઝ મની આજના સમયમાં સમય જ મહાન છે અને સમય જ ભગવાન છે. તો આપને સમયના પાબંધ રહેવાની ખાસ સલાહ છે. વર્ષ દરમ્યાન નોકરીમાં બદલીના ચાન્સીસ છે. આપને ઉપરી અધિકારીઓની સાથેનો સુમેળ સારો રહેશે. આપને વર્ષના મધ્ય સુધી થોડુ એડજેસ્ટમેન્ટ કરી લેવાની સલાહ છે.

મહિલાઓને માટે

મહિલાઓને માટે વિક્રમનું નવું વર્ષ સામાન્ય રહેશે. આપ મોબાઇલ કે વાહનની ખરીદી કરી શકશો. દામ્પત્ય જીવનમાં સારો સુમેળ રહેશે. જીવન સાથી સાથે ગેરસમજો અને મતેભદોનો તાત્કાલીક નીકાલ લાવવાની સલાહ છે. આપના સંતાનોને લઇને કોઇ ટેન્શન સતાવતુ રહેશે. આપની વિદેશ જવાની મહત્વાકાંક્ષાઓ પૂર્ણ થશે. કોઇ કોર્ટ કેસ ચાલતા હશે તો તેનો નિકાલ બહુ જ ધીરે આવતો જણાશે. આપની ધાર્મિક ભાવના પ્રબળ થવાની છે. આપ જો વર્ષ દરમ્યાન વ્યાપાર કરવા ઇચ્છતા હોય તો આપને ફૂડ રેસ્ટોરન્ટ નાના કે મોટા પાયો કરવાથી લાભ રહેશે એટલે કે ખાણીપીણીના વ્યવસાયમાં લાભ મલશે. જુના મિત્રોની ઓળખાણ કામ લાગશે, વર્ષ દરમ્યાન આપની કિંમત ચીજવસ્તુ-દાગીના પૈસા વગેરે બાબતે સાવધ રહેવાની સલાહ છે. સારસીયાના સગાઓની સાથે મતભેદમાં ઉતરવાથી દૂર રહેવું.

વિદ્યાર્થી મિત્રોને માટે


વિદ્યાર્થી મિત્રોને માટે આ વર્ષ કસોટીનું વર્ષ સાબિત થવાનું છે. આપને મહેનત છતાં ધાર્યુ પરિણામ ન મલે તેમ છતાં હાર્યા વગર વિચાર કર્યા વગર જ સતત મહેનત કરવાની સલાહ છે. ભગવત ગીતામાં પણ લખેલું છે કે કર્મ કર્યા જાવ ફળની ચિંતા ન કરો. આપને વર્ષ દરમ્યાન આપના વડિલો તરફથી સ્પેશ્યલ સરપ્રાઇઝ મલશે. જેની આપને બહુ જ જરૂર હશે અને તે વસ્તુ બહુપયોગી હશે. વર્ષ દરમ્યાન આપને આપના મિત્રોનો સહકાર અભ્યાસ માટે સારો રહેશે આપને વર્ષ રોમાન્સ વગેરેથી દૂર રહેવાની સલાહ છે. આપની આ ઉંમર અભ્યાસની છે. આપને આવી બાબતોમાં ધ્યાન આપવું નહી હરવા ફરવા, પિકનીક વગેરેનું સુંદર આયોજન થવાનું છે.

કૌટુંબિક બાબતે

કૌટુંબિક બાબતે આપનું નવું વર્ષ મધ્યમ રહેશે આપના કુટુંબના સભ્યોની પ્રગતિ થશે બાળકોના સંતાનોના કોઇ પ્રશ્ન હશે તો તેનો હલ આવશે આપને વ્યર્થચિંતાઓ છોડવાની ખાસ સલાહ છે આપ નહી વિચારો તો કુટુંબને કોઈ જ ગેરલાભ નહીં થાય યર્થ વિચાર વાયુથી ફક્ત આપનું સ્વાસ્થ્ય બગડશે કારણ કે વિચારેલું કશું થતું નથી થાય છે તો દરેક વ્યક્તિના કર્મ અનુસાર જ જીવનસાથી સાથે મતભેદો ટાળવા તેમનો સહકાર આપને મળશે આપને વડીલો સાથે ચર્ચા વિચારણામાં ન ઉતારવાની ખાસ સલાહ છે વિદેશથી લાભ રહે વિદેશથી રહેતા મિત્રો કુટુંબીજનોની મુલાકાત થાય કોઈ બહેનોનો આ સાથે વિચાર ભેદ રહે જીભ પર કાબુ રાખવાનું ઘણા પ્રશ્નોનો હલ થશે.

આર્થિક બાબતો

આર્થિક બાબતો વિશ્વનું નવું વર્ષ નબળું રહેશે આપના ખર્ચામાં વધારો કરશે વર્ષ દરમિયાન ધીરજ ખૂબ જ મોટો રોલ ભજવશે તો ધીરજ રાખવી મનને શાંત રાખવું કોઈને દેખા દેખી ઈર્ષ્યામાં આવી આંધળુ કિયા ન કરવા મોટા રોકાણ ન કરવા આપ જે પણ કરો તે આપનાના સાહસ બુદ્ધિથી વિચારીને કરશો તો હાનીથી બચી જશો. વિદેશી કંપનીમાં રોકાણ થી લાભ રહેશે આપણી પ્રતિષ્ઠામાં વધારો થશે આપનું યોગ્ય રોકાણ આપના પરફેક્ટ સમય લીધેલ પરફેક્ટ નિર્ણયો આપનું વર્ષ નક્કી કરશે ઉધારી ધંધાથી બંને ત્યાં સુધી દૂર રહેવું લેવા અને દેવા બંને બાબતો આપના કપરા સમયમાં આપે અગાઉ કરેલ કાર્યો કર્મો આપણી પ્રતિષ્ઠા આપને ખૂબ જ ઉપયોગી થશે આપના જીવનસાથી નો સહકાર આપને સારો મલશે છે જેનાથી આ કુટુંબની આર્થિક બાજુને વધુને વધુ પ્રબળ બનાવી શકશો. (૯.૫)





કન્યા રાશિ (પ. ઠ. ણ.)

કન્યા રાશિ રાશિ ચક્રની છઠ્ઠી રાશિ છે કન્યા રાશિની રાશ્યાકૃતિ એક કન્યા છે કન્યા રાશિના રાશ્યાકૃતિ બુધ છે કન્યા રાશિમાં ઉતરા ફાગુનની નક્ષત્રના ત્રણ ચરણ, હસ્ત નક્ષત્રના ચાર અને ચિત્રાના બે ચરણ સમાયેલા છે કન્યા રાશિ દ્વિસ્વભાવ રાશિ છે અને સ્ત્રી જાતિની રાશિ છે જયારે દિશા દક્ષિણ દિશા છે કન્યા રાશિના વ્યક્તિઓ કલાપ્રિય અને આત્મવિશ્વાસ શૌર્યથી ભરેલા હોય છે કન્યા રાશિનો લકકી રંગ લીલો અને ગ્રીનના તમામ શેડસ તથા ક્રીમ કલર છે.

વિક્રમ સવંત ની શરૂઆતમાં પ્રથમ સ્થાને કેતુ બિરાજે છે જ્યારે આપના દેવભૂવનનો સ્વામી આપના રાશિયાધિપતિ બુધ ત્રીજા સ્થાને બીરાજેલ છે આપના ધન સ્થાનમાં સૂર્ય ચંદ્રની યુતી છે આપના ધન સ્થાનમાં સ્વામી આપના ત્રીજા સ્થાને બુધની યુતી માં બિરાજેલ છે આપના શુક્રસ્થાનનો સ્વામી મંગળ છે જે આપના ભાગ્ય ભુવનમાં બિરાજેલ છે આપના સુખ સ્થાને વર્ષારંભ કોઈ જ ગ્રહ નથી આપના સુખસ્થાનના સ્વામી આપના ભાગ્ય ભુવનમાં બિરાજેલ છે આપના પંચમ સ્થાને પણ વર્ષના પ્રારંભ કોઈ જ ગ્રહ નથી વર્ષના પ્રારંભે પંચમ સ્થાનના સ્વામી સ્વગ્રહી થઈને શત્રુસ્થાને બિરાજેલ છે સાતમા સ્થાને રાહુલ મહારાજ બીરાજેલ છે સાતમા સ્થાનના સ્વામી ગુરુદેવ આપના ભાગ્ય ભુવનમાં બીરાજેલ છે આપના આયુષ્ય ભવનના સ્વામી મંગળ મહારાજ આપના લાભસ્થાનમાં બિરાજેલ છે જ્યારે આપના લાભસ્થાનમાં સ્વામી ચંદ્ર આપના ધન સ્થાનને સૂર્યની સાથે બીરાજમાન છે આપના આયુષ્ય સ્થાનમાં વર્ષારંભે કોઈ જ ગ્રહ નથી જ્યારે આયુષ્ય સ્થાનના સ્વામી લાભસ્થાને છે આપના વ્યય સ્થાનમાં કોઈ ગ્રહ નથી જ્યારે વ્યય સ્થાનના સ્વામી બીજા સ્થાને ચંદ્રની સાથે યુતીમાં છે

નવા વર્ષની નવી શરૂઆત નવી સોનેરી સવાર આપે ખૂબ જ શુભદાયક લાભદાયક નિવડે તેવી શુભકામના સાથે આગળ વધીએ ગ્રહોની પરિસ્થિતિ હોય તો જોશું જ પણ સાથે સાથે આપને ટેરોટ કાર્ડ મુજબ નાઈ ઓફ કપ્સ કાર્ડ મલે છે.

નાઈનટ ઓફ કોસ જેને વોશિંગ કાર્ડ કહેવાય છે મતલબ કે આપની તમામ ઈચ્છા પૂર્ણ કરનાર કાર્ડ પણ સાથે તે પણ એટલું મહત્વ છે કે આપ તેનો ઉપયોગ કેવી રીતે કરો છો વર્ષ દરમિયાન ઘણા સારા અનુભવો અને ખુશી પ્રોસપેરીટી પર્સનલ પ્રોગ્રેસ, સેટીસ્ફેશન મલવાનું છે.

વર્ષ દરમિયાન આપણને હાથ પર અનેક સારી તકો આવવાની છે જેને આપ કેવી રીતે અને ક્યારે ઝડપો છો તેના પર વધુ આધાર રાખે છે કોઈપણ સ્થિતિમાં આપને મનમાં આનંદ અને પોઝિટિવ રહેવા પર ફોકસ કરવાનું છે તો જ નાઈટ કપ્સ, નવ કપ આપના માટે સરપ્રાઈઝ લાવશે તે ને આપ સ્વીકારી શકશો તો પોઝિટિવિટી અને જોયફૂલ નેસ ખૂબ જ મહત્વનો ભાગ ભજવશે.

નાણાકીય બાબતે આપનું વર્ષ ખૂબ જ સરસ રહેશે કોઈ જુના ફસાયેલા નાણા છૂટા થશે મિલકતથી લાભ થશે નોકરી વ્યાપારમાં આર્થિક લાભ પ્રમોશનથી લાઈફમાં આનંદ રહેશે કોઈ ચોક્કસ કાર્ય માટે આપને સારું એવું ઈનામ બોનસ મલે તેવી સૂચના કરે છે

આ બધા જ લાભો સાથે આપને મટીરીયાલીટીકની સાથે આપનો સ્પીરીચ્યુલ ગ્રોથ કરવાનો રહેશે બાકી આપ વસ્તુ પૈસાના ભોગમાં ખોવાઈ જશો તો મોટા લાભને સમયસર જોઈ નહીં શકો અને મોટી તકને જતી કરશો પૈસા ની સાથે કોઈ ડીલ કરવી પણ પહેલા આપની અંદરની મનની વાત સાંભળીને આગળ વધતું.

વર્ષને વધુ સરસ બનાવવા માટે આપને ઓમના ઉચ્ચારણ નું ધ્યાન કરવું તે પણ નિયમિત તમારી સમય અનુકૂળતા મુજબ વર્ષ શુભ કાર્ય તેવી શુભેચ્છા.

અપરણિતોને માટે લગ્ન ઈચ્છકો અપણિત યુવાન યુવક યુવતીઓને માટે વિક્રમના નવા વર્ષના પ્રારંભે આપના ગ્રહો નબળા છે આપને આવતા માંગા જોઈને ધ્યાનમાં રાખવા પણ ઉતાવળ નિર્ણય ન આપો. વર્ષ દરમિયાન આપના સગાઈ લગ્નમાં બાધા આવતી જણાઈ નાના નાના કારણોથી અટકતું હોય તેવું લોકો પણ ચિંતા કરવાની જરૂર નથી કારણ કે વર્ષને ઉતરાર્ધ આપના માટે શુભ છે અડચણો ફક્ત ગોચર ગ્રહો મુજબ જણાય છે પરંતુ આપના જન્મના ગ્રહો જો પાવરફુલ હશે તો આપને અચૂક રાહત રહેશે.

સ્વાસ્થ્યની દ્રષ્ટિએ

સ્વાસ્થ્યની દ્રષ્ટિએ વિક્રમ નું નવું વર્ષ આપના માટે સામાન્ય રહેશે આપને માનસિક ટેન્શન રહે વધુ વિચાર વાયુ પરેશાની કરે વર્ષ દરમિયાન નાની એવી સર્જરી થાય તેવી શક્યતા છે વાહન ચલાવવામાં ધ્યાન રાખવું અને કોઈની સાથે દલીલબાજીમાં ન પડવું લાંબી મુસાફરી વિદેશ પ્રવાસથી લાભ રહેશે બહારની ખાણીપીણી થી સંભાળવું માનસિક રીતે મગજ પર બરફ રાખીને કામ કરવું તેવી સલામ ખોટી નહીં કહેવાય યોગા મેડીશનથી લાભ રહેશે વર્ષ દરમિયાન આપને મહાદેવની પૂજા અર્ચના ઓમ નમઃ શિવાય ના જાપ અને જરૂરિયાત વાળી વ્યક્તિને મદદ કરવાની સલાહ છે આપ આપના ઈષ્ટ દેવનું સ્મરણ પણ કરી શકો છો એકલતાથી દૂર રહેવાની ખાસ સલાહ છે.

સ્થાવર મિલ્કત બાબતે

વિક્રમના નવા વર્ષના ગ્રહો જોઈએ તો સ્થાવર મિલકત બાબતે આપનું વર્ષ સારું રહેશે. કોર્ટ કચેરીના કાર્યોને ઢીલ આપવાની સલાહ છે મિલ્કતમાં વધારો થાય તેવું કહેવું ખોટું નહીં થાય આપ આપના ફેમિલી મેમ્બર્સ ના નામે મકાનની ખરીદી કરી શકો છો તેથી વધુ લાભ મળશે અને રાહત પણ મળશે ભાગીદારી વ્યવસાયમાં મિલકત રૂપે રોકાણ કરતા પૂર્વ લાંબા વિચારો અને સિક્યોરિટીને ધ્યાનમાં લેવી અને બની શકે તો મિલકતની કોઈપણ જગ્યાએ રોકાણમાં ન લેવી. આપણે વર્ષ દરમિયાન આપની સુઝપ્રબુઝ ગોચર ગ્રહો અને જો જન્મતાના ગ્રહો મદદ કર્તા હશે તો આપની મિલકતોમાં વૃદ્ધિ થશે અને આપ જો ભાડૂતી મકાનમાં રહેતા હશો તો ઘરનું ઘર થવાની શક્યતા પૂરેપૂરી છે જમીન મકાન મિલકતને ઉતાવળ થઈને વેચવાના નિર્ણયો ન લેતા.

વ્યાપારીઓન અને નોકરીયાતોને માટે વ્યાપારીઓને અને નોકરીયાતો અને માટે વિક્રમના નવા વર્ષના ગ્રહો સારા છે ભાગીદારી વ્યવસાયમાં કુટુંબક ના સભ્ય હશે તો મિશ્ર વાતાવરણ અને મિશ્ર આવક એટલે કે નો પ્રોફિટ નો લૉસ રહેશે. આપ જો વર્ષ દરમિયાન સાઈટ બિઝનેસ કરતા ઈચ્છતા પ્રોફિટ હોય તો લાભ રહેશે. આપને નાણાકીય હીસાબ કિતાબ અથવા મોટી રકમની દેતીમાં જાતે જ ધ્યાન આપવાની સલાહ છે નારા ફસાઈ નહીં તેનું ધ્યાન રાખવું. હિત શત્રુઓ ઊભા થાય પણ ફાવે નહીં. હિત શત્રુઓ આપને ગમતા હોય તેવું પણ બને વિદેશ સાથેના વ્યવસાયના નવા કાર્યની શરૂઆત વર્ષ દરમિયાન લખી શકો. આપ આપના વ્યવસાયમાં નવી પ્રોપર્ટી ખરીદવા માટે વધારવા માટે ઉત્તમ સમય છે રીક્સ હોય તેવા વ્યવસાયમાં થોડું ધ્યાન રાખવાની સલાહ છે ફેક્ટરી ટ્રેડિંગના વ્યવસાયીઓનું કાર્ય ગણતરી અને સમજણ સાથે ધીરજ પૂર્વક કરવાના છે

નોકરીયાતો માટે વિક્રમના નવા વર્ષના પ્રારંભના ગ્રહો આપને માટે સામાન્ય રહેશે. આપના ને વર્ષ દરમિયાન ઉપરી અધિકારીઓની સાથે મતભેદ ન થાય તેનું ધ્યાન રાખવું આપના વણ ઉકેલ્ય પ્રશ્નનો સારો નિકાલ થવાનો છે પેન્શન ગ્રેજ્યુટી પ્રોવિડન્ટ ફોનથી લાભ રહેશે આપને લાંચપ્રરૂશ્વતની બંધીથી દૂર રહેવાની સલાહ છે. આપને ભાઈ બહેનનોની સાથે મતભેદમાં ઉતારવું નહીં સહકર્મચારીઓની વાતોમાં આવીને કોઈ કાર્યો કરવા નહીં આપણે નોકરીમાં ફેરફારો કરવા ઈચ્છતા હશો તો આપને નોકરીમાં ફેરફારો કરવા માટે વર્ષાન્તનો સમય યોગ્ય છે.

નોકરીયાત વર્ગ દરમિયાન સાઈડ બિઝનેસ કરવા ઈચ્છતા હશો તો તેમાં આપને બહુ દેખી તો લાભ ન થાય પણ ધીરજ રાખવાની ધીરજ રાખવાથી લાભ રહેશે.

મહિલાઓને માટે મહિલાઓને માટે આ વર્ષ સારું રહેવાનું છે નોકરી કરતી મહિલાઓને પોતાની મનપસંદ જગ્યાએ બદલી થશે આપને ત્યાં સંતાનયોગ ઉભો થાય આપને આપના જીવનસાથીનીનો સહકાર સારો રહેશે. વડીલોની સલાહ માનવામાં જ સારું છે. આપ આ વર્ષ દરમિયાન જો ભાગીદારી વ્યવસાય કરવા ઈચ્છતા હોય તો સફળ થવાના છો આપ આપની સાહિત્ય કલાને આગળ વધારી શકશો. આપ આપની સાહિત્યીક કલાને આપના સાહિત્ય જ્ઞાનને આપ આગળ વધારી શકશો. આપના સંતાનોની સારી પ્રગતિ થશે અને તેઓને ઉચ્ચ અભ્યાસને માટે વિદેશ જવાનો સારો ચાન્સ છે

વિદ્યાર્થી મિત્રોને માટે


વિદ્યાર્થી મિત્રોને માટે વિક્રમ સવંત નું નવું વર્ષ સારું જવાનું છે એમ કહી શકાય કે ખૂબ જ સારું જવાનું છે આપ આ વર્ષે ઓછી મહેનતે એને મહેનતને ધાર્યું પરિણામ મેળવી શકશો. આપને વર્ષ દરમિયાન યસ ની પ્રાપ્તિ થશે. આપને વર્ષ દરમિયાન સ્કૂલનું મેટ કે કોલેજ મેન્ટના ઝઘડામાં વચ્ચે પડવું નહીં કે દલીલબાજી કરવી નહીં. આપને વર્ષ દરમિયાન આપણી ઈચ્છિત સ્કૂલ કોલેજ કે યુનિવર્સિટીમાં એડમિશન મેળવી શકશો. વર્ષ દરમિયાન મક્કમ મને અભ્યાસ કરવાની સલાહ છે વડીલોની સલાહ સૂચના અને તેમના અનુભવો આપને ઉપયોગી થવાના છે વિદેશ જઈને અભ્યાસની ઈચ્છા ફળવાની છે


કૌટુંબિક બાબતે

કૌટુંબિક બાબતે આપનું વર્ષ સારૂ રહેશે. આપે આ વર્ષ દરમ્યાન મન ને શાંતચિત રાખવાનો છે આપના કુટુંબના સભ્યોનો સહકાર આપને સારા રહેશે. જીવન સાથીની શોધમાં જરાપણ ઉતાવળા કરશો નહિ નહિતર મુશ્કેલી જ હાથ લાગશે. જીવનસાથી સાથે મનભેદો પરિવર્તન પામે તેવી શકયતાઓ છે. વિદેશી જવાની ઓફર રહેવા જવા માટે આવે તો ભાઇ બહેનો મિત્રોને પ્રેમથી જ કરવી. આપનું કુનેહપૂર્વકનું વર્તન આપને મુશ્કેલીઓમાંથી બહાર કાઢવામાં મદદ કરશે. કાનૂની કાવાહી ટાળવી કુટુંબીઓ સાથેની આપને વર્ષ દરમ્યાન ભાઇપ્રબહેનો, વડિલ, મિત્રોનો સાથ સહકાર સારો મલશે. જે આપને આપનું મનોબળ મજબુત કરશે. વર્ષને સારૂ બનાવવા વહેતા પ્રવાહમાં જવાનું શીખવાનું છે. અને કોઇ નવા સાહસો ન કરવા હિતાવહ.

આર્થિક બાબતે

આર્થિક બાબતે આપનું આ વર્ષ મધ્યમ રહેશે. નવા સાહસો ન કરવા, નવી ભાગીદારી હમણાં વર્ષની શરૂઆતમાં બીલકુલ કરવી જ નહિ. આપની પ્રતિષ્ઠામાં વધારો થશે. વધુને વધુ બચત કરવાની સલાહ. બચત આપનું ભવિષ્ય બનાવશે. ફસાયેલા નાણા છુટા થશે તેમ છતાં શેરબજારમાં નવું રોકાણ કરવું ઇચ્છનીય નથી આપના જન્મના ગ્રહો જો સૂરપુરાવતા હશે તો આપને અગાઉથી ફાયદા નુકશાનની જાણ થશે. ઓચિંતા જ ભાગ્યોદયની તક પ્રાપ્ત થશે. નવીનકરણ કરવાની આપની ઇચ્છા પૂર્ણ થશે. (૯.૬)





તુલા રાશિ (ર. ત.)

તુલા રાશી રાશીચક્રની સાતમી રાશી છે. તુલા રાશીની રાશ્યાકૃતિ ત્રાજવું છે અને રાશ્યાધીપતિ શુક્ર દેવ છે. તુલા રાશીમાં ચિત્રા નક્ષત્રની બે ચરણ, સ્વાતિના ચાર અને વિશાખાના ત્રણ ચરણનો સમાવેશ થાય છે. તુલા રાશીની સંજ્ઞા ચર છે. દિશા પશ્ચિમ છે. વાયુ તત્વવાળી રાશી છે. તુલા રાશીના વ્યકિતઓ તેમની રાશ્યાકૃતિ મુજબ દરેક બાબતે બેલેન્સ રાખવામાં સક્ષમ હોય છે. સૌંદર્ય અને કલા પ્રત્યે તેમને ખુબ જ લગાવ હોય છે. દરેક વાતમાં નફા નુકશાન જોઇને આગળ વધે છે. પિંકના તમામ શેડસ તેમના માટે લક્કી કલર રહેશે. સફેદ રંગ પણ ખુબ લાભદાયક રહેશે.

વિક્રમના નવા વર્ષના પ્રારંભે આપના દેહભુવનમાં સુર્ય-ચંદ્રની યુતી છે. આપના દેહભુવનનો સ્વામી શુક્ર આપના બીજા સ્થાને બુધની સાથે યુતીમાં છે. જયારે આપના દ્વિતીય સ્થાનના સ્વામી આપના કર્મસ્થાને બીરાજેલ છે. આપના ત્રીજા અને ચોથા સ્થાનમાં વર્ષ આરંભે કોઇ જ ગ્રહ નથી. ત્રીજા સ્થાનના સ્વામી ગુરૂ આપના આઠમાં સ્થાને છે. જયારે ચોથા સ્થાનના સ્વામી સ્વગૃહી થઇને પંચમ સ્થાને બીરાજેલ છે. આપના શત્રુસ્થાનમાં રાહુ બીરાજેલ છે. આપના શત્રુસ્થાનનો સ્વામી ગુરૂ આપના અષ્ટમ સ્થાને બીરાજેલ છે. આપના સપ્તમ સ્થાને કોઇ જ ગ્રહ નથી. જયારે સપ્તમ સ્થાનના સ્વામી મંગળ કર્મસ્થાને બીરાજમાન છે. આપના આયુષ્ય સ્થાનમાં ગુરૂ બીરાજમાન છે. આપના આયુષ્યસ્થાનનો સ્વામી આપના બીજા સ્થાને બુધની સાથે બીરાજેલ છે. બુધ આપના ભાગ્યભુવનનો સ્વામી છે. વર્ષારંભે કોઇ જ ગ્રહ નથી. કર્મસ્થાને મંગળ મહારાજ છે. જયારે લાભસ્થાનમાં કોઇ જ ગ્રહ નથી. આપના કર્મસ્થાન અને લાભસ્થાનના સ્વામી સુર્ય ચંદ્ર પ્રથમ સ્થાને છે.

ગ્રહોની દશા તો એકંદરે શુભ છે અને ટેરોટ કાર્ડ મુજબ આપને આવે છે. ધ ટાવર નામક કાર્ડ, કાર્ડનું નામ જ સુચવે છે કે ઉંચાઇને લગતુ કાર્ડ આવેલ છે. વર્ષ દરમ્યાન આ કાર્ડ આપને અણધાર્યા ચેન્જ લઇને આવે છે. આ કાર્ડ આપને ડગલેને પગલે ધ્યાનથી આગળ વધવાનું સુચવે છે અને પોઝીટીવ રહેવાનું ખાસ જરૂરી છે.

વર્ષ દરમ્યાન અનપેક્ષીત પરિવર્તન ઉથલપાથલની ક્ષણો છે. જે અવિશ્વસનીય અનુભવ કરાવી જશે. પરંતુ કંઇક ખરાબમાં પણ વૃધ્ધિ અને પરિવર્તનનો માર્ગ મોકળો કરશે. સરળ ભાષામાં કઇએ તો જે થશે તે સારા માટે જ થશે.

ઘણા સમય આપને કોઇ ભય, તકલીફ સતાવતી હશે. કોઇ મુશ્કેલી હશે આપના જીવનમાં તો હવે તેનો અંત આવશે. મનમાં અનેક વિચારવાયું રહે. પણ તેને આપના મન પર હાવી થવા ન દેશો. ઘણી વાર લાઇફને આપણે ટલી રૂટીન બનાવી હોય છે કે જેમાં ચેન્જીસને એક મીનીટ પણ આપણે વિચારી નથી શકતા. ઘણી વખત કોઇ ચેન્જ શરૂઆતમાં ન ગમે પણ આગળ જતા સમજાય કે તે યોગ્ય હતું જે થયું તે બરોબર હતું. હિતશત્રુઓથી સાવધ રહેવું.

વર્ષ દરમ્યાન કોઇ ઉપર આંધળો વિશ્વાસ ન મુકવો. જેનાથી આપનું ઘણુ નુકશાન થશે અને તે આપને મેન્ટલી ડીસ્ટર્બ કરી મુકશે. આપને વર્ષ દરમ્યાન ઘણી સફળતા મલશે પણ દરેક સફળતાને નિરાંતે અને સજાગતા પુર્વક આગળ વધશો તો તકલીફ નહી થાય. મનમાં હરહંમેશા અહંકારથી દુર રહેજો ઘણી વખત બહુ ઉંચે ગયા પછી નીચે આવવામાં તકલીફ થાય છે. એટલે બેલેન્સનું મહત્વ બહુ જ રહેશે. આ વર્ષે તે પછી કેરીયર બાબતે હોય, ફેમીલી રીલેશન બાબતે હોય કે નાણા બાબતે વર્ષ દરમ્યાન ભુલથી પણ લોન-ઉધાર લેવા કે દેવા નહી જ.

વર્ષને વધુ સારૂ બનાવવા માટે આપને દર સોમવારે મહાદેવની પુજા અર્ચના કરવી, આપની સાથે સફેદ વસ્તુ, ફુલ પર્સ કે પેન, રૂમાલ રાખી શકાય. સફેદ વસ્તુનું દાન કરવું.

અપરણીતોને માટે

અપરણીત યુવાન-યુવતીઓને માટે વિક્રમ સવંતના નવા વર્ષના ગ્રહો ઉતમ રહે તેવું દર્શાવે છે. મોટી ઉંમરના લોકોને થોડુ એડજસ્ટમેન્ટ કરી લેવાની સલાહ છે. આપને તેવું આભાસ થાય કે મનગમતું નથી પણ આપને પ્રેમ કરે તેવું પાત્ર મલશે. વર્ષ દરમ્યાન વિદેશ રહેનાર વ્યકિતના માંગા આવશે. આપને સમજદાર અને મિતભાષી જીવનસાથે મલશે. મિત્ર વર્તુળમાં જ સગાઇ લગ્ન અથવા નજીકના સંબંધીઓમાં થાય તેવી શકયતા છે પરંતુ તે વ્યકિતને પરખી લેવાની સલાહ છે.

સ્વાસ્થ્યની દ્રષ્ટિએ

સ્વાસ્થ્ય બાબતે વિક્રમનું નવુ વર્ષ સારૂ ગવાનું છે. આપને વર્ષારંભે માનસીક ટેન્શન રહે. પરંતુ વર્ષ દરમ્યાન હળવુ થઇ જશે. આપને માત્રને માત્ર આગળવૃતિ છોડવાની સલાહ છે. નહિતર આપ મેદસ્વી અને મનથી નિરાશ બની જશો. વર્ષ દરમ્યાન આખના ઈન્ફેકશન થવાની શકયતાઓ છે. આપને આર્યુવેદીક-દવાઓથી જુના હઠીલા રોગોના ડાયોગ્રોસીસમાં મુશ્કેલી આવે પણ તેનાથી લાભ રહેશે. આપના વડીલોના સ્વાસ્થ્યને લઇને આપને સામાન્ય ચિંતા રહે. આપના ઘરમાં માગલીક પ્રસંગોનું આયોજન થાય અને આપને દોડધામને લઇને સ્વાસ્થ્ય બગડે તેવી શકયતા છે. વધુ પડતા ઈમોશનલ બનાવથી દુર રહેવાની સલાહ છે વર્ષ દરમ્યાન સંતાનોની પ્રગતી જોઇને મનમાં આનંદ ઉલ્લાસ રહે.

સ્થાવર મિલ્કત બાબતે

સ્થાવર મિલ્કત બાબતે નવા વર્ષના ગ્રહો સારા રહેવાના છે. આપનું ફોર વિલર કે ટુ વ્હીલર લેવાનું સ્વપ્નું સાકાર થવાનુ છે. જુના વ્હિકલ વધુ સર્વિસ માંગશે. જેથી નાણાકીય ખર્ચ રહેશે. કર્જ કે લોન લઇને જમીન મકાન કે ઓફીસ ખરીદતા પહેલા લાંબાગાળાની તેની ઈએમઆઇની રકમનું વિચારવાની સલાહ છે. આપના નવા ઈનોવેટીવ આઇડીયાઝથી આપ આપના ઘર-ઓફીસમાં નવીનતા લાવી શકવાના છે. મોર્ડનાઇઝેશન કરાવવામાં પણ સફળતા મલશે. વારસાગત જમીન મકાન ખેતરો, વાડીઓ વગેરે માટે પારીવારીક મતભેદો ચાલતા હોય તેવું ગ્રહો સુચવે છે. વર્ષ દરમ્યાન જમીન મકાન કે કોઇ મિલ્કત વહેચવામાં સાવચેત રહેવું અને ખરીદતા પહેલા દસ્તાવેજો ચકાસવાની ખાસ સલાહ છે.

વેપારીઓ અને નોકરીયાતોને માટે :- વિક્રમના નવા વર્ષના ગ્રહો વ્યાપારીઓ ભાઇઓને માટે સારા યછે. આપની પ્રતિષ્ઠામાં આપના યશમાં વધારો થવાનો છે. આપનો આત્મવિશ્વાસ વધવાનો છે. આપ આપના વ્યવસાયની સાથે સામાજીક કાર્યો પણ કરો તેવું ગ્રહો સુચવે છે. આપ આપના વ્યાપાંરનો વિસ્તારી શકવામાં સક્ષમ બનવાના છો. આપને પેઢી દર વ્યવસાયથી લાભ રહેશે. આપને ભાઇ બહેનો કે અંગત કુટુંબીજનોની સાથે ભાગીદારી વ્યવસાય કરવામાં ચેતવું, આપના હિતશત્રુઓ આપની સામે ફાવશે નહી આપને વર્ષ દરમ્યાન પરિસ્થિતિના તાબે ન થવાની સલાહ છે. પરંતુ તેનો સામનો કરી અને ઝઝુમવામાં સફળ થઇ ગયા તો બાજી તમારા હાથમાં છે. આપ જો ઈમ્પોર્ટ એકસપોર્ટના વ્યવસાય સાથે જોડાયેલા હશો તો આપને આ વર્ષે સારો ફાયદો થશે. નવા કલાઇટ, કસ્ટમર બનશે. વ્યવસાયને લગતા નિર્ણયો જાતે જ લેવા મિત્રોની સલાહથી કામ બગડી પણ શકે છે.

નોકરીયાતો માટે વિક્રમનુ નવુ વર્ષ સારૂ જવાનું છે. આવર્ષ આપના માટે ભાગયોદયકારક બનશે. આપની બઢતીમાં આવતા અવરોધો દુર થતા જણાશે. સહકર્મચારી વર્ગની વાતોમાં આવવાથી દુર રહેશો. જેમને કોઇ કારણસર નોકરીમાંથી છુટા કરવામાં આવ્યા હોય તેમને પુનઃનોકરીમાં પાછા બોલાવવામાં આવે. આપને પાર્ટટાઇમ જોબથી સારી આવક થવાની છે. આપને નોકરીનાં સ્થળાંતરથી દુર રહેવુ આપને ઉચ્ચ અધિકારીઓનો સહકાર સારો રહેશે. આપને આપની નોકરીમાં આપના જીવનસાથીનો સહકાર મલશે.

મહિલાઓને માટેઃ- મહિલાઓને માટે વિક્રમનું નવુ વર્ષ સામાન્ય રહેશે. આપ મોબાઇલ કે વાહનની ખરીદી કરી શકશો. આપને પાર્ટી પિકનીકનું સારૂ આકર્ષણ રહેશે. દાંપત્ય જીવનમાં ગેરસમજો અને મતભેદો દુર થવાના છે. આપના સંતાનો તરફથી આપને વિદેશી રહેવા માટે આમંત્રણ મલશે. આપની વિદેશ જવાની મહત્વકાંક્ષા પુર્ણ થવાની છે. આપનામાં એક એવી દેવી શકિતનો સંચાર થશે અને તેના દ્વારા તમો બીજાના દુઃખોના ઔષધી જેવા બની શકશો. કોર્ટ કેસ ચાલતા હોય તો તેમાં સમાધાનકારી વલણ રાખવું. આપ કોઇ અંધશ્રધ્ધામાં ઉતરો નહી તેનું ધ્યાન રાખશો. આપની ધાર્મિક ભાવના પ્રબળ થવાની છે. આપ જો ધંધો કરવા ઇચ્છતી હોય તો આપને ફુડ રેસ્ટોરન્ટ નાના પાયે કે મોટા પાયે કરવાથી લાભ રહેશે. જુના મિત્રોની ઓળખાણ કામ લાગશે.

વિદ્યાર્થી મિત્રોને માટે


વિક્રમનું નવુ વર્ષ વિદ્યાર્થી મિત્રોને માટે સારૂ રહેવાનું છે. વિદ્યાર્થી મિત્રો જો વિદેશમાં જઇ નવુ સાહસ કરવા ઇચ્છતા હોવ તો આ વર્ષે વિદેશ જવામાં અને ત્યાંથી જવાથી સફળતા મલશે. આપે આપના માતા-પિતાની સાથે કોઇ જાતભેદમાં ઉતરવુ નહી. કારણ કે તેમના આશીર્વાદ જ સાચી પ્રભુ ભકિત છે. જે આપના અભ્યાસ અને રમતગમત ક્ષેત્રે સફળતા આવશે. સ્વાર્થી મિત્રો, ટીવી, ટેપ, પાર્ટી, પિકનીકથી જેમ બને તેમ દુર રહેવાથી ફાયદો થશે. અભ્યાસની સાથોસાથ આપ આર્થિક ઉપાર્જન પણ કરી શકશો.


કૌટુંબીક બાબતે

કૌટુંબીક બાબતે વિક્રમનું નવુ વર્ષ બહુ જ સારૂ રહેશે. આપને આપના કુટુંબીઓનો સાથ સહકાર સારો રહેવાનો છે. વિદેશ રહેતા મિત્રો સગા સ્નેહીથી લાભ રહેશે. તેમની સાથે લાંબી મુસાફરીનો પ્લાન સફળ થશે. વડીલોના આશીષ અને સાથ સહકાર સારા રહેશે. મોસાળ પક્ષેથી થોડી તકલીફો રહેશે. પરંતુ આપ કુનેહપુર્વક મનદુઃખ ટાળવાની સલાહ છે. આપના માન પ્રતિષ્ઠામાં વધારો થશે. સંતાનોના લગ્ન કે સગાઇ ના કાર્યો વિના કારણે લંબાઇ તેવી શકયતા બતાવે છે. પરંતુ જે થશે તે સારા માટે જ થશે તે યાદ રાખીને આગળ વધવું. પોઝીટીવ એટીટયુડ ખુબ જ મહત્વનો ભાગ ભજવશે. આ સાથે સ્વાસ્થ્ય બાબતે બેદરકાર બનવુ નહી તેનું ધ્યાન રાખશો.

આર્થિક બાબતે

આર્થિક બાબતે આપનું વર્ષસારૂ રહેશે. વર્ષ દરમ્યાન અચાનક ધન લાભ થશે અને લકઝરીયસ ચીજ વસ્તુઓની ખરીદી પણ થશે. જેમાં નાણાખર્ચ પણ રહેશે. વિદેશ સાથે ઈમ્પોર્ટ એકસપોર્ટના વ્યવસાયમાં સારો ધન લાભ બતાવે છે. આપને આપના કર્મો, મહેનત મુજબ લાભાલાભ થશે. હિતશત્રુઓ ઉભા થાય પણ ફાવે નહી. વર્ષનું મધ્ય અને વર્ષના અંતે થોડુ ચેતીને રહેવું ત્યારે કંઇ જ નવીનીકરણ કરવા નહી. કોઇ ફેરફારો હાથ પર લેવા નહી તે ખાસ ધ્યાન રાખશો. બાકી સમય આપના કર્મફળ અચુક અપાવશે. તે સમયમાં કોઇ નવી ડીલ નવા આર્થીક જોડાણ, ભાગીદારી વગેરે ટાળવુ કોઇ મોટુ રોકાણ પણ મધ્ય અને અંતમાં કરશો નહી. (૪.૩૦)





વૃશ્ચિક રાશિ (ન.ય.)

વૃશ્ચિક રાશિ રાશિચક્રની આઠમી રાશી જેની રાશ્યાકૃતિ વિંછી છે. તેમના રાશ્યાધિપતિ મંગળ છે. વૃશ્ચિક રાશિમાં વિશાખા નક્ષત્રના એક ચરણ અનુરાધાના ચાર, તેમજ જયેષ્ઠા નક્ષત્રના ચાર ચરણ સમાયેલ છે. વૃશ્ચિક રાશિની દિશા ઉતર છે. વૃષ્વિક રાશિ જલતત્વ વાળી રાશિ છે. વૃશ્ચિક રાશિની સંજ્ઞા સ્થિર છે. વૃશ્ચિક રાશિના વ્યકિતઓ સ્વભાવ વ્યંગ પ્રિય, જીદી અને એકદમ ડિસિપ્લીન વાળા હોય છે. વચનના પાકકા હોય છે. વૃશ્ચિક રાશિના વ્યકિતઓ માટે રેડ, પિંક અને બ્રાઉનના ડાર્ક શેડસ લકકી છે.

વિક્રમના નવા વર્ષની શરૂઆતમાં બુધ-શુક્રની યુતિ આપના દેહભુવનમાં છે. જયારે દેહભુવનનો સ્વામી આપના રાશિયાધિપતિ આપના ભાગ્ય ભુવનમં બીરાજેલ છે. આપના ધનસ્થાનમાં વર્ષની શરૂઆતે કોઇ જ ગ્રહ નથી. આપના પરાક્રમ સ્થાને પણ કોઇ જ ગ્રહ નથી આપના ધનસ્થાનનો સ્વામી ગુરૂ છે. સાતમાં સ્થાને બીરાજેલ છે. આપના ત્રીજા સ્થાનનો સ્વામી સ્વગૃહી શનિદેવ સુખ સ્થાને બીરાજેલ છે. આપના વિદ્યાભુવનમાં રાહુ વિદ્યાભુવનનો સ્વામી ગુરૂભાગીદારી સ્થાને છે. આપના છઠ્ઠા સ્થાને કોઇ ગ્રહ નથી છઠ્ઠા સ્થાનનો સ્વામી આપના ભાગ્યભુવન માં છે. આપના ભાગીદારી સ્થાને ગુરૂ છે અને આયુષ્ય સ્થાનમાં કોઇ જ ગ્રહ નથી. આપના ભાગીદારી સ્થાનનો સ્વામી શુક્ર અને આયુષ્ય સ્થાનનો બુધ એક સાથે યુતિમાં આપના દેહ ભુવનમાં બીરાજેલ છે. આપના ભાગ્ય ભુવનનો સ્વામી અને કર્મ સ્થાનનો સ્વામી વ્યયસ્થાને યુતિમાં છે. આપના ભાગ્ય ભુવનમાં ચંદ્ર છે જયારે કર્મસ્થાન ખાલી છે. આપના લાભસ્થાનમાં કેતુ છે અને વ્યય સ્થાને સૂર્ય- ચંદ્રની યુતિ છે. લાભસ્થાનનો સ્વામી અને વ્યય સ્વામી આપના પ્રથમ સ્થાને છે.

નવા વર્ષ માટે આપનું કાર્ડ છે 'ધ મૂન' એટલે ચંદ્રમાં ચંદ્રને જેમ ઘણા તબકકાઓ હોય છે જેને આપણે મૂન ફેઝ કહીએ છે તેમ જ વર્ષ દરમ્યાન આપના જીવનમાં ઉતાર ચડાવના અનેક તબકકાઓ આવશે. આ કાર્ડ છે. આપને અગાવ થી ઈન્સ્યુએશન મલશે સારા નરસાની જેને તમારે તમારા મનની શકિતથી ઓળખાવુ પડે. આ કાર્ડ પ્રમણા, ગેરસમજને દર્શાવે છે. આપ સત્યને સ્વીકારી ન શકો તેવુ પણ બને તો આપને વર્ષ દરમ્યાન આપના જ મન નું સાંભળવાની સલાહ છે. ચંદ્ર મનનો કારક છે. દરેક જગ્યાએ બુધ્ધિથી કામ ન લેવુ મન એકવાર કોઇ કાર્ય માટે ન માને તો તે બીલકુલ કરવા માટે વિચારવુ નહી.

આપનુ મન આપના ફાયદામાં આપને સૂચનો આપશે જેને આપ અવગણશો નહી આ કાર્ડ આપને વર્ષ દરમ્યાન આપની મનગમતી વ્યકિતની મૂલાકાત કરાવશે. આપની લવ લાઇફ સરસ બનાવશે. ઈન્ચયુએશન પર ભરોસો રાખવો.

ધ મૂન કાર્ડ એક શકિતશાળી પ્રતિક છે જે સમય ચક્રને રોજે રોજ તબકકાવાર ફેરવે છે. દિવસ- રાત- તડકો છાયો તેને આધિન છે. તેથી આપનુ સમજદારી ભર્યુ વર્તન, સમજદાર દ્રષ્ટિકોણ અને મજબૂત અંતઃ પ્રેરણા એટલે કે ઈન્ચ્યુએશન, સીકસ્થ સેન્સ ને મજબૂત કરવી તેના મુજબ ચાલતુ, કારણ વગર નો વ્યર્થ ભય આપને સતાવે ચંદ્ર રાત્રીનો રાજા છે, જે આપની કોઇ ખરાબ શકિતઓથી બચાવે

વર્ષ દરમ્યાન આપને વિદેશ કે દરિયા કિનારાની જગ્યાથી લાભ અપાવશે. ત્યાં ની મુસાફરી કરાવશે. વિદેશ રહેતા મિત્રોથી લાભ રહે. શેરબજારમાં રોકાણ કરતા ખૂબ જ ધ્યાન રાખવુ આપ. રીસ્ક લઇ શકો નુકશાન ખમી શકો તેનો વિચાર પહેલા કરવો બાકી આ વર્ષે નુકશાન બતાવે છે. વિદ્યાર્થી ઓ અભ્યાસમાં અડચણો આવે.

વર્ષ દરમ્યાન આપને મેડિટેશન કરવાની ખાસ સલાહ છે. જેના થી આપનું મન મજબૂત થશે અને આપ આપના મનની અંદરથી સાંભળી શકશો કોઇને પણ વ્હાઇટ કલરની ચીજ વસ્તુ આપના હાથેથી આપવી નહી કાગળ કે ફાઇલ દેવા હોય તો ઉપર નીચે બીજા કલરના કવરથી કવર કરીને આપવું

અપરણિતોને માટે

વિક્રમના નવા વર્ષના પ્રારંભના ગ્રહો લગ્ન ઈચ્છુ યુવાન-યુવક યુવિતઓને માટે સારૂ રહેવાનું છે. આપને સગાઇ કે લગ્નના કાર્યમાં સફળતા મળશે. વિદેશથી લાભ થાય તેવી શકયતાઓ નકારી ન શકાય વિદેશી માંગા પણ આવશે આપના ભાઇ બહેનના સાસરીયા તરફથી પણ આપને માંગા આવવાની શકયતા છે. વર્ષ દરમ્યાન આપને આપની સગાઇ કે લગ્ન ને લઇને ચિંતિત ન રહો તેવી સલાહ છે. આપને જો કોઇ પાત્ર પસંદ હોય તો તેમાં પણ સફળતા મલવાની ચાન્સીસ છે.

સ્વાસ્થ્યની દ્રષ્ટિએ

સ્વાસ્થ્યની દ્રષ્ટિએ વિક્રમનું નવુ વર્ષ આપના માટે નરમ ગરમ રહેશે. આપને શરદી સળેખમ સતાવશે આપનું વ્યસન આપના માટે અનેક મુશ્કેલીઓ ઉભી કરશે. લોહી વિકાર પરેશાન કરે જૂની બિમારી બાબત ખાસ કાળજી રાખવી. આપને વેઇટ લોસ કરવાથી ફાયદો રહેશે. વધુ પડતા ઉજાગરા અને દોડધામથી દુર રહેવુ દરેક કાર્યો ધીરજ અને સહન શીલતાથી કરવાની સલાહ છે. વર્ષ દરમ્યાન નાની એવી શસ્ત્રક્રિયા થાય તેવી શકયતાઓ છે. વધુ આધાર જન્મના ગ્રહો પર આપને વધુ પડતા વિચાર વાયુથી દુર રહેવાની સલાહ છે. આપને આપના વડિલોના સ્થળાંતર અંગે ની ચિંતા દુર થવાની છે. આપને વધુ પડતો કાર્યોભાર રહેશે પરંતુ સ્વાસ્થય બાબતે બેદરકાર ન બનવું.

સ્થાવર મિલ્કત બાબતે

વિક્રમનું નવું વર્ષ સ્થાવર મિલ્કત બાબત આપને માટે મધ્યમ રહેવાનું છે. જમીન મકાનની લે વેચ માં આપને બહુ ફાયદો ન થાય તેવી શકયતા છે. આપની જમીન પર બનતા મકાન કે ઓફિસ વગેરેમાં ચાલતા કાર્યો હવે વેગ પકડવાના છે. કાકા બાપાની મિલ્કતની વહેચણીમાં સમાધાન કારી વલણ રાખવાની સલાહ છે. આપ કોઇની કાભંભેરણીમાં આવી ને અને વાત માની ને મોટા ફેરફારો ન કરી નાંખો તેનું ધ્યાન રાખજો આપને મકાન દુકાન કે ઓફિસમાં રીનોવેશન કરવાનું મન થશે અને આપની આ ઇચ્છા પુરી પણ થશે. વર્ષ દરમ્યાન આપને સોના ની થાળી આપણને આકર્ષી શકે છે પણ ભૂખ લાગે ત્યારે એ થાળી ખાલી હોય તો તેનું આર્કષણ ટકી શકતું નથી તે જ રીતે આપની વારસાગત મિલ્કત સોનાની થાળી સમાજ છે પણ તેને ખરીદી ને યોગ્ય કિંમત આપનાર વ્યકિત મળતા નથી

વ્યાપારીઓ અને નોકરીયાતોને માટે

વ્યાપારી વર્ગને માટે વિક્રમનું નવું વર્ષ સારૂ જવાનુ છે હોટેલ, મોટેલ, દવા, ફાર્માસ્યુટી કંપની અનાજ વગેરેના વ્યાપારમાં વ્યાપારી ઓને આવકમાં વધારો થશે. આપના ચાલતા બીઝનેશમાં આપ નવીનતા લાવી શકવાના છો. ખાણી પીણીના સ્ટોલ, રેસ્ટોરાના વ્યાપારીઓને સારો લાભ થશે. ઈમ્પોર્ટ એકસર્પોટના વ્યાપારીઓને લાભ રહેશે નવા કલાન્ટ બનશે લેખક મેન્યુફેકચરીંગના વ્યાપારીઓને પણ ફાયદો થશે વર્ષ દરમ્યાન આપને કુટુંબના સભ્યો સાથેની ભાગીદારીમાં લાભ રહેશે, પણ આપને અજાણી વ્યકિત અથવાતો ફેમિલીના બહારના સભ્યો સાથે ભાગીદારી કરવી હિતાવહ નથી. આપના સંતાનો તેના જનરેશન પ્રમાણે આપના બીઝનેશને ઈનોવેશન કરશે, જેના થકી આપના વ્યાપારને નવી દિશા અને વધુ પ્રોફિટ અને વધુ વ્યવસ્થીત કાર્યશૈલીની સ્થાપના થશે. નોકરીયાતોને નોકરીમાં સારો સમય છે. જો આપ સારા પગારને માટે નોકરી બદલવા માંગતા હોવ તો આપને આ સમયમાં બદલી કરવી યોગ્ય છે. નવી નોકરીમાં પણ આપને વર્ષના મધ્ય સુધી એકજેસ્ટમેન્ટ તો કરવુ જ પડશે નોકરીના કામે આપને વર્ષ દરમ્યાન વારંવાર મુસાફરીના યોગ છે. નોકરીમાં ઉપરી અધિકારી વર્ગનો સાથે સહકાર સારો રહેશે. આપને આપના કાર્યો માં પંકચ્યુઆલિટી લાવવાની છે. આજના સમયમાં જ સમય જ ભગવાન છે અને સમય મહાન છે. તો આપને સમયના પાબંધ રહેવાની ખાસ સલાહ છે.


મહિલાઓને માટે

મહિલાઓની માટે વિક્રમ સંવતનું નવુ વર્ષ સામાન્ય રહેશે. આપ આપના સંતાનોના આચાર વિચારથી ચિંતિત રહેવાના છે. તેમની પ્રગતિ અને અભ્યાસ કે તેમની કારકીર્દી બાબતેના પ્રશ્નો આપને ચિંતિત કરશે. આપનો સ્વભાવ ગંભીર બનવાનો છે. આપને આ વર્ષે કોઇ ખુબ જ સારો આર્થિક લાભ થશે આપ આપના નામ થી સ્થાવર મિલ્કતની ખરીદી કરવાના છો. સાસરીયાના સગાઓની સાથે મતભેદમાં ઉતરવાથી દુર રહેવું વિદેશ યાત્રા કરવાની આપની ઇચ્છા ફળવાની છે. ભાઇ-બહેનો અને મિત્રોનો સહકાર આપને આપની નિરાશા ઓથી દુર રખાવશે. આપને આપના ભાઇ બહેનો ના પ્રશ્નો અંગે ચિંતા રહેશે. વર્ષ દરમ્યાન આપને આપની કિંમતી ચીજવસ્તુ ખોવાય કે ચોરાય જાય તેવી શકયતા છે. વિદ્યાર્થી મિત્રોને માટેઃ- વિદ્યાર્થી મિત્રોને માટે આ વર્ષ કસોટીનું વર્ષ સાબિત થવાનું છે. આપને મહેનત છતા ધાર્યુ પરિણામ ન મલે, તેમ છતા હાર્યાવગર વિચાર કર્યા વગર જ સતત મહેનત કરવાની સલાહ છે. ભગવતગીતામાં પણ લખેલુ છે કે કર્મ કર્યા જાવ ફળની ચિંતા ન કરો આપને વર્ષ દરમ્યાન આપનો વડિલો તરફથી બહુ જ સોશ્યલ સરપ્રાઇઝ પાર્ટી અથવા સરપ્રાઇઝ ગીફટ મલશે. જેની આપને બહુ જ જરૂર હશે તેવી વસ્તુ આપને મલશે. આપને તે ગીફટ કે કોઇ સરપ્રાઇઝ આપના મોટા ભાઇ કે બહેન તરફથી પણ મલશે. આપના મિત્રો પણ આપને લાઇફ લાઇન જેવા સાબિત થશે પરંતુ હરવા-ફરવા ટી.વી. ટેપ.પિકનીક વગેરેથી દુર રહેવાની સલાહ છે.

કૌટુંબિક બાબતે

કૌટુંબિક બાબતે આપનું નવું વર્ષ સારૂ રહેશે વડિલોનું સ્વાસ્થ્ય નરમ ગરમ રહેશે, વડિલોને લઇને ચિંતા રહે- સંતાનોના કોઇ પ્રશ્નો રહે જેનાથી આપ ચિંતિત રહો ઘરના સભ્યો સાથે મોટી રકમની લેતી દેતી કરવી નહી. જીવન સાથીનો સહકાર સારો રહેશે. જૂની કૌટુંબિક મિલ્કત ને વેચવાની ઉતાવળ કરશો નહી. કુટુંબના સભ્યોનું સ્થાળંતર થાય તેવી શકયતાઓ છે. પરિવારમાં સુમેળ રાખવો કુટુંબની પ્રતિષ્ઠા અને માનમાં વધારો થાય તેવા ઈવેન્ટ વર્ષ દરમ્યાન આયોજીત થશે કુટુંબ સાથે યાત્રા થશે. આપ અપરિણત હશો તો રોમાન્સના ચાન્સીસ છે. જેથી વર્ષ દરમ્યાન સગાઇ લગ્ન નું કાર્ય સંપન્ન થશે. જીવન સાથી નો સહકાર સારો રહેશ. આર્થિક બાબતોઃ- આપનું નવું વર્ષ આર્થિક રીતે સારૂ જવાનું છે. આપની આવકમાં વૃધ્ધિ થવાની છે. આપના નાણા ઉપાર્જનમાં આપના જીવન સાથીનો મહત્વનો ફાળો રહેશે. સંતાનોના અભ્યાસ સગાઇ લગ્ન કે અન્ય બાબતે નાણા ખર્ચ રહે. શેર બજારમાં નુકશાન થાય તો સમજી વિચારીને ઈન્વેસ્ટ કરવું થોડી થોડી લાલચ થી દુર રહેવું નોકરીમાં ફેરફારો થાય જયા સુધી ન કરવા પડે તો બીલકુલ કરવા નહી. આ વર્ષ આપની મહેનત અને ફકત મહેનત જ રંગ લાવશે તો નસીબ પર છોડવું નહી અને મહેનત કરવી ખૂબ જ જરૂરી રહેશે. આપના કર્મો મુજબ ફળ મળશે અને ત્યારબાદ ભાગ્યોદય થશે.

વિક્રમ સંવત ૨૦૮૧નું વાર્ષિક રાશિ ભવિષ્ય





ધન રાશિ (ભ.ફ.ધ.ઢ.)

ધન રાશિ રાશ્યાકૃતિ જેની લક્ષ્ય સાંધતો શિકારી છે જે રાશિચક્રમાં નવમાં સ્થાને આવે છે આ રાશિના રાશ્યાધિપતિ ગુરૂ દેવ છે. ધન રાશિમાં મુળ નક્ષત્રના ચાર ચરણ, પૂર્વાષાઢાના ચાર ચરણ અને ઉતરાષાઢા નક્ષત્રના એક ચરણનો સમાવેશ થાય છે. ધન રાશિની સંજ્ઞા દ્વિવ સ્વાભાવ છે. દિશા પૂર્વ છે. અગ્નિ તત્વવાળી રાશિ છે. ધન રાશિના વ્યકિતઓ સ્વભાવ દયાળુ, માયાળુ, સંવેદનશિલ હોય છે. તેમ છતાં મનથી અને તેમના નિર્ણયો પર પાકકા હોય છે. તેમનું વ્યકિતત્વ આકર્ષક હોય છે. વિદ્વાન હોલ છે. યેલો, ગોલ્ડન અને ઓરેન્જ તેમના લકકી કલર છે. ઓરેન્જનો લાઈટ શેડ જ લાભદાયક છે.

વિક્રમ સંવતના પ્રારંભે આપના દેહભુવનમાં કોઇ જ ગ્રહ નથી તેવી જ રીતે આપના બીજા સ્થાને પણ કોઇ ગ્રહ નથી આપના દેહભુવનનો સ્વામી શત્રુસ્થાને છે. જયારે બીજા સ્થાનના સ્વામી શનિદેવ સ્વગૃહી થઈને ત્રીજા સ્થાને બીરાજેલ છે. આપના સુખ સ્થાને રાહુ બીરાજે છે. જયારે સુખ સ્થાનનો સ્વામી આપના રાશિયાધિપતિ છે. જે આપના શત્રુસ્થાને બીરાજે છે. આપના વિદ્યા ભવનમાં કોઇ ગ્રહ નથી, જયારે તેમના ગૃહપતિ મંગળ આયુષ્ય સ્થાને બીરાજે છે. વર્ષા રંભે શત્રુ સ્થાને ગુરૂ મહારાજ બીરાજે છે, શત્રુસ્થાનનો સ્વામી શુક્ર વ્યયસ્થાને સાતમ સ્થાનના સ્વામી બુધની સાથે છે. જયારે સાતમ સ્થાને કોઇ જ ગ્રહ નથી. આયુષ્ય સ્થાને સેનાપતિ મંગળ છે. આયુષ્ય સ્થાનના સ્વામી ચંદ્રદેવ ભાગ્યભુવનના સ્વામી સુર્યદેવ સાથે બિરાજેલ છે. ભાગ્યભુવન વર્ષારંભે ખાલી છે. આપના કર્મસ્થાને કેતુ બિરાજેલ છે. લાભસ્થાને સુર્ય-ચંદ્ર બીરાજે છે. જયારે વ્યય સ્થાને બુધ-શુક્રની યુતિ છે. કર્મ સ્થાનના સ્વામી બુધ, લાભ સ્થાનના સ્વામી શુક્ર વ્યય સ્થાન યુતિમાં છે. આપના લાભસ્થાન બાદ આપના વ્યય સ્થાનના સ્વામી મંગળ આપના આયુષ્ય સ્થાને બિરાજેલ છે.

વર્ષ માટેનું આપનું કાર્ડ છે 'ધ હાઈ પ્રિસ્ટેસ''. આ કાર્ડ આપને સ્પીરસચ્યુલ પ્રગતિ દર્શાવે છે. આપને આપના અંતરમન અને આંતરિક જ્ઞાન પર વિશ્વાસ રાખવા માટે છે. આપને આ વર્ષે પોતાની જાતનું જ વિશ્લેષણ કરવા માટેનું છે. વર્ષ દરમ્યાન આપને કોઇ ને કાંઇક કહેવા માંગતા હોવ પણ તેનો અર્થ કઇ બીજો જ થાય અને મતભેદ થાય તો આપને વર્ષ દરમ્યાન ચોખ્ખા શબ્દોમાં વાત કરવાની સલાહ છે.

વર્ષ દરમ્યાન આપ આપના કલા પ્રત્યેના શોખને ફરીથી ઉજાગર કરી તેમા આગળ વધશો તો વધુ પોઝીટીવીટી મલશે, આપનો કોન્ફીડન્સ વધશે, સેલ્ફ એપોર્ચ સારો થશે. આપ એક જ્ઞાન પીપાસુ જીવ છો તો વર્ષ દરમ્યાન આવ તેમાં આગળ વધો અને બીજુ બધુ ભુલીને આપના ધ્યેય તરફ આગળ વધશો.

ધ પ્રિસ્ટેસ કાર્ડ દિવ્યતાનું પ્રતિક છે, શાણપણાનું સર્વોચ્ચ સ્ત્રોત છે. આધ્યાત્મિકતા અને અર્ધજાગ્રત મનનું પ્રતિનિધિ છે. એટલે આપ વર્ષ દરમ્યાન જેવું વિચારશો તેવું બનશે. આપના વિચારો આપનુ ફયુચર બનાવે છે તે આપે હંમેશ યાદ રાખવું. તો ભુલે ચુકે પણ આપના મનમાં નેગેટીવ વિચારો ન લાવશો. પોતાને નીચા પાડતા શબ્દો ન બોલશો. આપનું સબ કોન્શીયસ માઈન્ડ ખુબ પાવરફુલ છે. જે આપના વિચારો શબ્દોને ધ્યાનપૂર્વક સાંભળે છે.

આધ્યાત્મિકતા તરફ આગળ વધશો, એટલે જમીન મકાન મિલ્કત વારસાગત હોય કે પોતાની અર્જીત કરેલ તેમાં બહુ લાભ નથી. તો તેનાથી દુર રહેવું નિર્ણયો ટાળવા પોતે તેમાં ઈન્કલુડ ન થવું.

વર્ષ દરમ્યાન આપની ગટ ફીલીંગને ખુબ જ ધ્યાન આપવું. આપને મલતી સાઈન, સીમ્બલ આસપાસના વાતાવરણમાં પલ્ટાને અનદેખુ ન કરવું. તેમાંથી આપને ઘણી હિન્ટ મલશે. જે આપની લાઈફ માટે ખુબ જ અસરકારક રહેશે.

વર્ષ દરમ્યાન આપની હિમંત અને પરાક્રમમાં વધારો થશે અને એક અલગ જ છટ્ટા મળશે, પણ તે સાથે અંર્તમનનું સાંભળવું નાણાકીય રીસ્ક લેવા નહી.

વર્ષને વધુ સારૂ બનાવવા માટે ધ્યાન કરવું ઓમના જાપ કરવા અને નીયમીત જીવન જીવવું.

અપરણિતોને માટે

અપરણિત યુવાન યુવક યુવતિઓને માટે વિક્રમના નવા વર્ષના ગ્રહો બહુ અનુકુળ નથી. આપને આવતા માંગા જોઈને ધ્યાનમાં રાખવા પણ ઉતાવળો નિર્ણય ન લેવો અને સગાઇ લગ્ન બાકી હોય ફકત નકકી જ કરેલ હોય તો ઉતાવળા ન થવું. બધુ જ નિરાંતે ચોકસાઈપૂર્વક ચકાસીને આગળ વધવું. ''ઉતાવળા સો બાવરા ને ધીરા સો ગંભીર'' આપના જન્મના ગ્રહો જો અનુકુળ હશે તો આપને વર્ષ દરમ્યાન બહુ જ સરસ અને મનપસંદ જીવનસાથી મેળવવામાં તકલીફ નહી પડે.

સ્વાસ્થ્યની દ્રષ્ટિએ

સ્વાસ્થયની દ્રષ્ટિએ આપનું આ વર્ષ નરમ ગરમ રહેશે. આપની બીમારીઓ બાબતે બેજવાબદાર રહેશો નહી નહીંતર બિમારીઓ મોટુ સ્વરૂપ ધારણ કરી જશે. પડવા વાગવાથી ધ્યાન રાખશો. આંખના દુઃખાવાથી આપ પરેશાન રહો. વર્ષ દરમ્યાન પેટને લઈને તકલીફ રહે. આપ આપની રોજિંદી દિનક્રિયાની દોડધામથી થાકી જતા હશો તો આપને લાંબી મુસાફરી અને આરામ કરવાની સલાહ પુરતો આરામ અને પૌષ્ટીક ખોરાક જરૂરી રહેશે. વધુ પડતા ઉજાગરા અને કાર્યભારથી દુર રહેવું, કુટુંબના પ્રશ્નોને લઈને આપને ચિંતા રહે જેનાથી આપનું સ્વાસ્થ્ય બગડે આપને વર્ષ દરમ્યાન વાહનચાલકોએ વાહન ધીમે ચલાવવાની ખાસ સલાહ છે. આપને કોઇ એવી વાત મનમાં હોઇ જેને કોઇ શેર ન કરી શકે.

સ્થાવર મિલ્કત બાબતે

વિક્રમના નવા વર્ષના ગ્રહો આપના કુટુંબમાં વિભાજનની પ્રક્રિયાઓ થાય તેવુ દર્શાવે છે. આપને આપના મકાન કે ઓફીસ કે દુકાનમાં કોઇ નવા ફેરફારો કરવાની ઈચ્છા પેર્ણ થવાની છે. આપ આપના ઘર માટે કોઈ સુંદર અને ઉપયોગી ઐશ્વર્યભર્યુ અને રાચરચીલી ચીજ વસ્તુની ખરીદી કરી શકશો. આપ જો કલાકાર કે કસરતના શોખીન હશો તો આ વર્ષે આપ આપને ઉપયોગ અને ખુબજ મોંઘા સાધનો વસાવવા માટે સમર્થ બનવાના છો. આપને વારસાગત મિલ્કતથી લાભ રહેવાનો છે. આપ જો વાહન કોઇ ચોકકસ બાઈક, કાર પસંદ હશે તો તે પ્રમાણે ખરીદી કરવા સક્ષમ બનવાના છો. વર્ષ દરમ્યાન વારસાગત મિલ્કતને લગતા કેમ ચાલતા હશે. તો આપને તે બાબતે સમાધાનકારી વલણ રાખવાની સલાહ છે. જેથી કુટુંબમાં મતભેદો મનભેદમાં પરિવર્તન ન પામે.

વ્યાપારીઓ અને નોકરીયાતોને માટે

વ્યાપારી મિત્રોને માટે આ વર્ષના પ્રારંભના ગ્રહો થોડા કટોકટીવાળા રહેવાના છે. જેનાથી આપના સ્વાસ્થય ઉપર ખરાબ અસર થવાની છે તો આપને વર્ષ દરમ્યાન સ્વાસ્થ્યનું ધ્યાન રાખવાનું છે. લકઝરીયસ આઈટમો અને સફેદ કલરની વસ્તુઓના વ્યવસાય વાળાઓને સારો ફાયદો થવાનો છે. વર્ષ દરમ્યાન આપ જો આપને મનપસંદ હોય તેવું કાર્ય કરશો તો આપને તે કાર્યમાં આનંદ અને ફાયદો બન્ને રહેશે. તમે તે કાર્ય દિલથી કરશો, ''યુ રેરલી સકસીડ એ ઓપનીંગ અનલેશ યુ હેવ ફન ટુ ડુ ઈટ'' આધુનિક મશીનરીની ખરીદી આપના વ્યવસાય માટે ઉપયોગી સાબિત થશે. આપના હિતશત્રુઓ ઉભા થશે પણ ફાવશે નહીં. ભાઇ-બહેનોની સાથે વ્યવસાય બાબતે કોઇ મોટી માથાકુટ થાય તેવી શકયતાઓ છે પરંતુ આપને ઈમોશનલ બનીને કળ અપનાવવાની સલાહ છે. આપને વર્ષ દરમ્યાન કોઇ એવી વ્યકિત બીઝનેશ ટાયકુન જેની મુલાકાતની કલ્પના ન હોય અને મુલાકાત થઇ જાય.નોકરીયાતોને નોકરી માટે સારો સમય છે. આપ આપની આંતરીક સુઝબુઝ ટેલેન્ટ અને ઈન્ટલીજન્સીના કારણે અધિકારીઓને પ્રભાવીત કરી શકશો અને પ્રમોશન મેળવી શકશો. આપને કલા પ્રત્યે રમત-ગમત પ્રત્યે લગાવ વધશે. નોકરીમાંથી આપને કોઇ સારો આર્થિક લાભ મળશે. જેના દ્વારા આપ આપના સંતાનોના લગ્નપ્રસંગ વગેરે પ્રસંગોને ધામધુમથી ઉજવી શકવાના છો. ઉપરી અધિકારીઓનો સહકાર સારો રહેવાનો છે. વર્ષ દરમ્યાન આપના સંતાનોને પણ વર્ષ દરમ્યાન સારી નોકરી મળે તેવી શકયતાઓ છે. જીવનસાથીનો સહકાર સારો રહેશે.

મહિલાઓ માટે

મહિલાઓને માટે વિક્રમનું નવુ વર્ષ સામાન્ય રહેશે. આપ મોબાઈલ કે વાહનની ખરીદી કરવાના છો. આપને પાર્ટી પિકનિકનું સારૂ આકર્ષણ રહેશે. દાંપત્યજીવનમાં ગેરસમજો અને મતભેદો દુર થવાના છે. આપના સંતાનો તરફથી આપને વિદેશ રહેવા માટે આમંત્રણ મળશે. વિદેશ જવાની આપની વર્ષો જુની મહત્વકાંક્ષા પૂર્ણ થવાની છે. આપનામાં એક એવી દૈવી શકિતનો સંચાર થશે અને તેના દ્વારા તમો બીજાના દુઃખોના ઔષધ જેવા બની શકશો. કોર્ટ કેસ ચાલતા હશે તો તેમાં સમાધાનકારી વલણ રાખવું. આપ કોઇ અંધશ્રધ્ધામાં ઉતરો નહી તેનું ધ્યાન રાખશો. આપની ધાર્મિક ભાવના પ્રબળ થશે. આપ જો વ્યાપાર કરવા ઈચ્છતી હોય તો આપને ફુડ રેસ્ટોરન્ટ નાના કે મોટા પાયે કરવાથી સારો લાભ રહેશે.

વિદ્યાર્થી મિત્રોને માટે


વિદ્યાર્થી મિત્રોને માટે આ વર્ષ સામાન્ય જવાનું છે. આ વર્ષ આપની થોડી સફળતા સામે વધુ પરિશ્રમ અને સારો એવો સમય માંગે છે. આ વર્ષ દરમ્યાન આપને કોઇ ખુબજ સારી સ્કુલ કોલેજમાં એડમિશન માટે સારો સમય છે. વર્ષ દરમ્યાન આપને આપના રમતા ભમતા મનને એક જ લક્ષ્ય તરફ લઇ જવાનું છે અને એકલવ્ય બનવાથી સફળતા મળશે. વ્યસની મિત્રોથી દુર રહેવાની સલાહ છે. આપની વિદેશ અભ્યાસ કરવા જવાની ઈચ્છા ફળશે. કોલેજમાં અભ્યાસ કરનાર વિદ્યાર્થીઓને વર્ષ દરમ્યાન સ્કુલના બહુજ જુના મિત્રોને અચાનક અને ન ધારેલી જગ્યાએ મુલાકાત થશે.


કૌટુંબિક બાબતે

કૌટુંબિક બાબતે આપનું વર્ષ મધ્યમ રહેશે. આપને વિચારવાયુ થી દુર રહેવાની સલાહ છે. વર્ષ દરમ્યાન કોઇ ફેરફારો હિતાવહ નથી. સ્વાસ્થ્ય અંગે ચિંતા રહે, સંતાનોના પ્રશ્ન રહે. વડિલો સાથે મતભેદો તેમના સ્વાસ્થ્ય અંગે ચિંતિત રહો. વર્ષ દરમ્યાન આપના સારા ધાર્મિક કાર્યો દાનપુણ્ય કરવાની ખાસ સલાહ છે. આપના કર્મ આપનું વર્ષ બનાવશે. દરિયાકિનારાથી લાભ રહેશે. ત્યાં રહેતા મિત્રો સગા સ્નેહીનો સાથ વધુ રહેશે. જીવનસાથી સાથે મુસાફરી તેમનો સાથ સહકાર સારો રહેશે. વિલ વારસા બાબતે આપને કોઇ ફાયદો ગોચર ગ્રહો મુજબ હાલ દેખાતો નથી.

આર્થિક બાબતે

આર્થિક બાબતે આપનું વર્ષ સારૂ રહેશે. આપને વધુ મહેનત રહેશે પણ આર્થિક રીતે કોઇ ચિંતા રહેશે નહી, મુશ્કેલ સમયમાં પણ આપને નાણાનો કોઇ પ્રશ્ન સતાવશે નહી અંતે આપને નાણા યેનકેન પ્રકારે મલી રહેશે એ પણ લોન લીધા વગર જુની ઉઘરાણીઓ છુટી થશે. ભાઈ-બહેન સાથે નાણાકીય વ્યવહાર વધે વર્ષ દરમ્યાન કોઇ નુકશાન નથી. આપને જમીન મકાન મિલ્કતમાં ફેરફારો ન કરવા. તેમાં કંઇ લાભ નથી. અચાનક જ ભાગ્ય પરિવર્તનનો અહેસાસ થશે. આર્થિક બાબતે કોઇ પર વિશ્વાસ કરવો નહી, અંગત વ્યકિતઓ બાબતે પણ આપે આપના પુરતુ આપના પ્રોફિટ એન્ડ લોનને ધ્યાનમાં લઇને જ આગળ વધશો.





મકર રાશિ (ખ.જ.)

મકર રાશિ રાશિ ચક્રની દશમી રાશિ છે. જેની રાશ્યાકૃતિ મગર છે. મકર રાશિમાં ઉતરાષાઢાના ત્રણ ચરણ શ્રવણના ચાર ચરણ અને ઘનિષ્ઠા નક્ષત્રના બે ચરણ સમાયેલ છે. મકર રાશિનો સ્વામી શનિ છે. મકર રાશિ પૃથ્વી તત્વવાળી રાશિ છે. મકર રાશિ ચર સંજ્ઞાની રાશિ છે. મકર રાશિની દિશા. મકર રાશિના વ્યકિતઓનો સ્વભાવ રહસ્યમય હોય છે. તે શુ કરશે તેનો નિર્ણય લેવો અઘરો છે. તેઓ ઉડા વ્યકિતત્વ ધરાવે છે. ધન સંચય કરનાર ખૂબ જ મહેનતી વ્યકિતઓ હોય છે. ડાર્ક ગ્રે અને બ્લૂના તમામ શેડસ તેમને પ્રિય હોય છે.

વિક્રમ સંવતના પ્રારંભે આપના દેહભુવનમાં કોઇ ગ્રહ નથી. આપના દેહભુવનનો સ્વામી ધન સ્થાને સ્વગૃહી થઈને બિરાજેલ છે. ત્રીજા સ્થાને રાહુ છે. જયારે ત્યાં તો સ્વામી વિદ્યાભુવનમાં બીરાજમાન છે. આપના ચોથા સ્થાનમાં વર્ષારંભે કોઇ જ ગ્રહ નથી. ચોથા સ્થાનનો સ્વામી સપ્તમ સ્થાને બીરાજમાન છે. પંચમ સ્થાનમાં વર્ષના પ્રારંભે ગુરૂ મહારાજ છે જ્યારે છટ્ટા સ્થાને કોઈ જ નથી. પંચમ અને ષષ્ટમ એક સાથે યુતિ કરીને લાભ સ્થાન ને શોભાવે છે. આપના સપ્તમ સ્થાનમાં સેનાપતિ મંગળ બીરાજેલ છે. સપ્તમ સ્થાન ના સ્વામી ચંદ્ર અને આયુષ્ય સ્થાના સ્વામી સૂર્ય આપના કર્મસ્થાને યુતિમાં છે. આપના આયુષ્ય સ્થાનમાં વર્ષારંભે કોઇ જ ગ્રહ નથી. આપના ભાગ્યભુવનમાં કેતુ છે. આપના ભાગ્યભુવનનો સ્વામી બુધ આપના લાભ સ્થાનમાં શુક્રની યુતિમાં છે. આપના કર્મ સ્થાનમાં સૂય-ચંદ્રની યુતિ છે. શુક્ર આપના કર્મસ્થાનના સ્વામી છે. લાભસ્થાનમાં શુક્ર -બુધની યુતિ છે. લાભ સ્થાનના સ્વામી સપ્તમ સ્થાને બીરાજેલ છે. તેમજ વ્યય સ્થાન વર્ષારંભે ખાલી છે. વ્યય સ્થાનનો સ્વામી ગુરૂ પંચમ સ્થાને બિરાજેલ છે.

આ વર્ષનું આપનું કાર્ડ આવે છે 'ધ સ્ટાર' ધ સ્ટાર કાર્ડ એ આશા, પ્રેરણા, સકારાત્મકતા અને નવી ભાવનાઓ નવી આશાઓનું પ્રતિનિધિત્વ કરે છે. આપનું આધ્યાત્મિકતા સાથે મજબૂત જોડાણ દર્શાવે છે.

સ્ટાર કાર્ડ આપની લાઈફમાં નવીનતા, નવા મિત્રો, નવા કાર્યો નવી એકટીવીટી કરવાનો રસ, દરેક ક્ષેત્રે આપને નવીન અનુભવ કરાવશે. આપને નવીનતમ કાર્યો કરવા પ્રોત્સાહિત કરશે. આપને વર્ષ દરમ્યાન નવીન કરવા તરફ ધ્યાન આપવું બાકી આપ નિરાશા એકવિધ કાર્યોથી કંટાળી જશો અને આપની અંદર રહેલ સર્જનાત્મકતાને ઓળખી શકશો નહીં.

સ્ટાર કાર્ડ એક પ્રકારે પડકાર છે નવા ચેલેન્જ અને ચેન્જીસને સ્વીકારવા માટેનો તમારી જાતને દરેક નવી પરિસ્થિતીઓનો કુશળતા પૂર્વક સામનો કરવાનું શીખવશે. આપને અંદરથી મજબુત બનાવશે.

સ્ટાર કાર્ડ રહસ્યમય કાર્ડ પણ છે જે પહેલા નિરાશા અને ચિંતા કરાવશે પણ તેનું પરિણામ સારૂ જ આવશે. આપને હાર માનવી નહિ તે શિખવી જશે. આપને લાઈફને સેકન્ડ ચાન્સ આપીને આશાસ્પદ સાથે આગળ વધવાનું છે અને આપના મનના અવાજથી આગળ વધશો તો સારૂ પરિણામ મેળવશો. જે કાંઈ થશે અને થવા જઈ રહ્યુ છે કે થયુ છે. તે આપના સારા માટે જ છે અને પુરૂ વિશ્વ આપને તેમા સાથ આપશે.

વર્ષ દરમ્યાન આપના જૂના ઘા રૂજાય જશે. આપ કોઇ દુઃખમાંથી બહાર નિકળી શકશો. અને આગળ વધશો. પોતાનાથી વધુ કોઇ પર પણ વિશ્વાસ કરવો હિતાવહ નથી.

વિક્રમના નવા વર્ષને વધુ સારૂ બનાવવા આપે હંમેશા આપની આસપાસ કોઇ ફુલછોડ ઉગેલ રાખવું પ્લાન્ટ આર્ટીફિશ્યલ ન હોવા જોઇએ અને બોનસાઇ કે કેકટસ ન રાખવા. મની પ્લાન્ટ સારૂ રહેશે. સ્નેક પ્લાન્ટ સારૂ રહેશે. જેનાથી આપની પોઝીટીવીટી વધશે.

અપરણિતો માટે

અપરણિત લગ્નઈચ્છુક યુવાન યુવક-યુવતીઓને માટે વિક્રમના નવા વર્ષના ગ્રહો મધ્યમ રહેશે. અનેક સારા સારા માંગાઓ આવશે પરંતુ આપનુ મન નહી માને. મનગમતુ ન લાગે મનથી બરાબર ન લાગે આનંદ ન થાય તેથી આપને વર્ષના મધ્યથી પ્રયત્નો કરવા જેથી આપને નિરાશા સાંપડીના લે. નિરાશા બહુ જ ખરાબ વસ્તુ છે. જીવનમાં જો એક વાર નિરાશા ડિપ્રેશન આવી જાય તો વ્યકિતને તેમાંથી નિકળતા બહુ જ સમય લાગે છે.

સ્વાસ્થ્યની દ્રષ્ટિએ

સ્વાસ્થ્ય બાબતે વિક્રમનું નવું વર્ષ સારૂ થવાનું છે. આપની બિમારીઓ બાબતે બેજવારદાર રહેશો નહિ. નહિતર બિમારીઓ મોટુ સ્વરૂપ ધારણ કરી જશે. પડવા વાગવાથી ધ્યાન રાખશો. આંખના દુઃખાવાથી આપ પરેશાન રહો કે આંખમાં બળતરા થાય. વર્ષ દરમ્યાન મોટી બિમારીનો કોઇ અવકાશ નથી. વધુ પડતા વિચારો અને કાલ્પનિક ભયને ટાળવો. આપ આપની રોજિંદી દિનક્રિયામાં વ્યવસ્થિત બનો અને આપને આરામ આપે તેવી કસરત કરવાની આપ શાંતિનો અનુભવ કરી શકવાના છો. વધુ પડતા ઉજાગરા અને કાર્યભાર અને ટેન્શનોથી મનને દૂર કરવાની કોશીશ કરવી. વાહન ચાલકો અને વાહન ખૂબ જ ધીરેથી ચલાવવું.

સ્થાવર મિલ્કત બાબતે

વિક્રમના નવા વર્ષના ગ્રહો આપના કુટુંબમાં વિભાજનની પ્રક્રિયાઓ થાય તેવું દર્શાવે છે. આપને આપના મકાન કે ઓફિસ કે દુકામાં કોઇ નવા ફેરફારો કરવાની ઈચ્છા પૂર્ણ થવાની છે. આપને વારસાગત મિલ્કતથી લાભ રહેવાનો છે. જમીન મકાનથી લાભ અપાવશે. આપ આપના ઘર માટે કોઇ સુંદર અને ઉપયોગી ઐશ્વર્યભયુ અને રાચરચીલી ચીજવસ્તુની ખરીદી કરી શકશો. આપ જો કલાકાર હશો કે કસરતના શોખીન હશો તો આ વર્ષે આપ આપને ઉપયોગી અને ખૂબ જ મોંઘા સાધનો વસાવવા માટે સમર્થ બનવાના છો. આપ જો. બાઇકના શોખીન હોય કે કોઇ પણ વાહન આપની પસંદ પ્રમાણ હોય તેવી ખરીદી કરી શકો.

વ્યાપારીઓ અને નોકરીયાતો માટે

વ્યાપારીઓને માટે વિક્રમનું નવું વર્ષ વ્યાપાર માટે સારૂ રહેવાનું છે.આપ આપની કલા, કૌશલ્ય, વિદ્યા વગેરેને વ્યાપારમાં કનવર્ટ કરીને આપ તેને આર્થિક ઉપાર્જનનું સાધન બનાવી શકશો. સોના, ચાંદી, કાપડ, હીરામોતી વગેરે સાથેના વ્યાપારમાં સંકળાયેલા જાતકોને માટે આ વર્ષ લાભદાયક રહેશે. વર્ષ દરમ્યાન આપને નવી ભાગીદારીના યોગ પણ છે. જે આપને માટે પણ ફાયદાકારક છે. પણ આપને ભાઇ બહેનો કે અંગત મિત્રોની સાથે ભાગીદારી કરવામાં ધ્યાન રાખવું તમે જે પણ કાર્ય કરો તેને મનપસંદ કાર્ય છે તેવી રીતે કરશો તો જ કાર્યમાં સફળતા મળશે. 'યુ રેરલી સકસીડ એટ એનીથીગ અનલેશ યુ હેવ ફન ટુ ડુ ઈટ' આધુનિક મશોનની ખરીદી આપના વ્યવસાય માટે ઉપયોગી સાબિત થશે. આપના હિત શત્રુઓ ઉભા થશે પણ ફાવશે નહિ.

નોકરીયાતોને નોકરી માટે વિક્રમનું નવું વર્ષ સારૂં છે. આપની સામાજિક પ્રતિષ્ઠામાં વધારો થશે. સામાજીક સંસ્થામાં પણ આપ આગળ પડતા રહીને હોદો મેળવશો. આપ નોકરીનસ સાથે સાથે એકાદ પાર્ટનરશીપ કરો તો પણ ફાયદામાં રહેવાના છો. આપના જૂના મિત્રોની ઓળખાણ આપને આજે ઘણા વર્ષો પછી ફાયદાકારક સાબિત થવાના છે. આપનું કાર્યબોજ વધશે. આપને વર્ષ દરમ્યાન આવક પ્રમાણે ખર્ચ કરવા માટેનુ બજેટ બનાવી લેવાની જરૂરીયાત રહેશે. આપના પગાર ધોરણમાં વર્ષ દરમ્યાન ફેરફારોની શકયતાઓ નકારી ન શકાય.

મહિલાઓ માટે

મહિલાઓને માટે વિક્રમ સંવતનું નવું વર્ષ સારૂ રહેવાનું છે. આપના સંતાનોને કે નાના ભાઇ બહેનોની સગાઇ-લગ્નના યોગ છે. આપને ત્યાં માંગલિક પ્રસંગ બહુ જ સુંદર રીતે પૂર્ણ થશે. આપ જો વર્ષ દરમ્યાન કોઇ બીઝનેસ કરવા માંગતા હશો તો વર્ષના મધ્યમાં સફળતા વાળો સમય છે. ડ્રેસ મટીરીયલ્સ કે રેડીમેઈડ ગારમેન્ટસના વ્યવસાયથી સારો લાભ રહેશે. દામ્પત્ય જીવનમાં સુમેળ રાખવો જરૂરી રહેશે. જીવન સાથી સાથેની ગેરસમજો જેમ બને તેમ જલ્દી ટાળવી નાની નાની વાતોને સુલટાવી લેવી. મતભેદ મનભેદ ન બને તેનું ધ્યાન રાખવું બહુ જરૂરી હોય છે. જીવનને સુખી બનાવવા માટે આપને વર્ષ દરમ્યાન વિલવારસાથી લાભ છે. આપને વર્ષમાં એકાદ વાર તો ઘરમાં ધાર્મિક કાર્ય કથા વગેરે કરાવવાની સલાહ છે. આડોશી-પાડોશીઓની વાતોને મન પર ન લેવી.

વિદ્યાર્થી મિત્રો માટે


વિદ્યાર્થી મિત્રોને માટે આ વર્ષ દરમ્યાન સ્વાસ્થ્ય પર વધારે ધ્યાન દેવાની સલાહ છે. પહેલુ સુખ તે જાતે નર્યા, વિક્રમ સંવતનું નવું વર્ષ અભ્યાસ સાથે મિશ્રફળ દર્શાવે છે. આપનું પરિણામ એવરેજ આવીને ઉભુ રહે. મેદવૃધ્ધિથી સંભાળવું. મોજશોખ અને આળસ પાછળ સમય ન વેડફતા મહેનતે લાગી જાય કારણ કે જે સમય આપને મળ્યો છે તે અમૂલ્ય છે અને ગોચર ગ્રહો આપને પરીક્ષા સમયે બિમાર પાડે તેવું દર્શાવે છે. ભાઇ-બહેનો તરફથી આ બાબતે આપનો સારો સહકાર મળશે. આપની શકિતને પાડી દે તેવા મિત્રો કે કોઇ પણ વ્યકિતથી દૂર રહેવું લાભદાયક રહેશે.


કૌટુંબિક બાબતે

વિક્રમના નવા વર્ષમાં કૌટુંબિક રીતે આપનું વર્ષ મધ્યમ રહેશે. સંતાનોની પ્રગતિ થશે. સંતાનોને લગતા કોઇ પ્રશ્નો હશે તો હલ થશે. ભાગ્યોદયમાં કોઇને કોઇ કારણે અડચણ આવતી હોય તેવું લાગશે. નિર્ણયો લેવામાં ઉતાવળ ન કરશો. ઘરે માંગલિક પ્રસંગોનું આયોજન થશે. ભાઇ બહેનો સાથે મિત્રો સાથે મતભેદ રહે. કોઇની વાતમાં આવીને કોઇ નિષ્કર્ષ પર આવવું નહિ. નહિતર હિતશત્રુઓ ફાવી જશે. મોસાળ પક્ષેથી સારો લાભ રહેશે. વડિલોના સ્વાસ્થ્યમાં સુધારો. આપને આપના અહંકારી સ્વભાવને દૂર કરવાની સલાહ છે. નહિતર મુશ્કેલીઓ ઉભી થતા વાર નહિ લાગે. કુટુંબ સાથે સ્થળાંતરની ઈચ્છા ફળશે. વધુ પડતા સાહસિકતાથી દૂર રહેશો.

આર્થિક બાબતે

આર્થિક બાબતે વર્ષ મધ્યમ રહેશે. જીવનસાથી તરફથી નાણાકીય મદદ મળશે. નાણા ફસાય જાય નાણા ભીડ થાય તેવી શકયતા છે. તો નાણા રોકાણ સમયે ઉધારી આપતા સમય ખૂબ જ વિચારી ને આપવા અને અંગત વિશ્વાસ જૂના સંબંધોને નિર્ણયો પર હાવી ન થવા દેવા. આપને પી.એફ., એલ.આઇ.સી. પેન્શનથી નાણા મળવાની શકયતા છે. માંગલિક પ્રસંગના આયોજનથી નાણાકીય ખર્ચ રહે તેવી શકયતા છે. સલામતી પૂર્વક અને જોખમ વગરના નાણાકીય આયોજનથી ધન લાભ અવશ્ય થશે. ભાગીદારી વ્યવસાયની શરૂઆત થાય. વર્ષ દરમ્યાન જામીનગીરીમાં ઉતરવું નહિ નહિતર આપ મુશ્કેલીમાં મુકાય જશો અને પોતે જાતે જ પોતાના પગે કુહાડી મારી બેસશો. આ સાથે મની મેનેજ સાથે ટાઈમ પણ મેનેજ કરવાનો છે.





કુંભ(ગ.શ.સ.)

કુંભ રાશિ રાશિચક્રની અગિયારમી રાશિ છે. કુંભ રાશિની રાશ્યાકૃતિ ઘડો છે. કુંભ રાશિનો સ્વામી શનિ મહારાજ છે. કુંભ રાશિની સંજ્ઞા સ્થિર છે. પુરૂષ જાતિની રાશિ છે. વાયુ તત્વવાળી રાશિ છે. અને દિશા પશ્ચિમ છે. કુંભ રાશિમાં ધનિષ્ઠા નક્ષત્રના બે ચરણ, શતભિષાના ચાર ચરણ અને પૂર્વ ભાદ્ર પદ નક્ષત્રના ત્રણ ચરણ આવેલ છે. કુંભ રાશિના વ્યકિતઓ સ્વભાવે આનંદી, મન મૌજી અને એકાંતપ્રિય હોય છે. બદામી, કાળો અને ગ્રે કલર તેમના માટે લક્કી કલર છે.

વિક્રમ સંવતના પ્રારંભે આપના દેહ ભુવનમાં શનિદેવ સ્વગૃહી થઈને બીરાજેલ છે. જે આપના વ્યય સ્થાનના પણ સ્વામી છે. આપનું વ્યય સ્થાન વર્ષારંભે ખાલી છે. આપના બીજા સ્થાને રાહુ બીરાજમાન છે. આપના બીજા સ્થાનના સ્વામી ગુરૂ મહારાજ આપના ચોથા સ્થાને બીરાજેલ છે. આપના ત્રીજા સ્થાનમાં કોઇ જ ગ્રહ નથી. આપના ચોથા સ્થાનમાં ગુરૂ દેવ છે. આપના પંચમ સ્થાને પણ કોઇ જ ગ્રહ આપના ત્રીજા સ્થાનના સ્વામી મંગળ આપના શત્રુ સ્થાન છે. જયારે ચોથા અને પાંચમા સ્થાન ના સ્વામી શુક્ર - બુધ આપના કર્મસ્થાને બીરાજેલ છે. આપના શત્રુસ્થાનમાં સેનાપતિ મંગળ છે તો આપના સાતમ સ્થાન જે ભાગીદારી સ્થાન પણ કહેવાય છે તે વર્ષારંભે ખાલી છે. શત્રુસ્થાન અને ભાગીદારી સ્થાનના સ્વામી ચંદ્ર અને સૂર્ય ભાગ્ય ભુવનમાં યુતિ જમાવેલ છે. આપના આયુષ્ય સ્થાનમાં કેતુ બીરાજમાન છે. આયુષ્ય સ્થાનના સ્વામી બુધ અને ભાગ્યભુવનના સ્વામી શુક્રદેવ યુતિમાં કર્મસ્થાનને શોભાવે છે. ભાગ્ય ભુવન વર્ષારંભે સૂર્ય-ચંદ્રની યુતિ છે. કર્મસ્થાનના સ્વામી મંગળ છટ્ટા સ્થાને છે. લાભ સ્થાન અને વ્યય સ્થાન વર્ષારંભે ખાલી રહેશે. લાભ સ્થાનના સ્વામી ચોથા સ્થાને છે જયારે વ્યય સ્થાનના સ્વગૃહી થઈને દેહભુવનમાં છે.

વિક્રમના નવા વર્ષ માટેનું આપનું કાર્ડ આવે છે ફાઈવ ઓફ વોન્ડસ' જે સંઘર્ષ, સ્પર્ધા અને ખૂબ જ સંઘર્ષ સાથે સફળતા સૂચવે છે. વર્ષ દરમ્યાન આપના કાર્યોમાં અનેક અડચણો આવશે પણ આપ આ તમામમાંથી ઉગરી આવશો અને આગળ વધશો.

વર્ષ દરમ્યાન ઘરના સભ્યો સાથે મતભેદોથી દૂર રહેવું. લગ્ન જેવા શુભ કાર્યો લંબાય અને વિઘ્નો આવે. નાણાકીય રોકાણ બાબતે પણ ધ્યાન રાખવું અંગત વ્યકિતઓને ઉછીના રૂપિયા આપવા પણ નહિ જ પરત મલે તેવા વિચારથી આપવા.

સોનુ જેમ વધુને વધુ ગરમ થાય છે તેમ વધુને વધુ ચમકે છે તેવી જ રીતે વ્યકિત જેટલી વધુ મહેનત કરે છે, તેટલી તે વધુ સફળતા મેળવે છે. અસલ સોનું અગ્નિપરિક્ષાથી પાછુ પડતુ નથી તે વધુ ખરૂ થઈને નીકળે છે. તેવી જ રીતે આપને આ સમય તપાજશે, મહેનત કરાવશે પણ અંતે સફળતા અપાવશે, જેનો તમને સંતોષ થશે.

આપને વર્ષ દરમ્યાન સ્વાસ્થ્ય સારૂ રહેશે. આપને આ કાર્ડની નેગેટીવીટીને દૂર કરવા આપનો આધ્યાત્મિક ગ્રાફ વધારવો પડશે. જે આપના રસ્તાને સરળ બનાવશે. વર્ષ દરમ્યાન કોઇ નવા ફેરફારો કરવા નહિ. આપના વડિલોની સૂચના આપને નુકશાનથી બચાવશે તો તે બાબતે જયાં આપ અટકો મૂંઝાવ ત્યારે વડિલો સાથે ચર્ચા કરવી.

વ્યાપાર ભાગીદારીમાં વિદેશથી લાભ છે પણ સાથે રીસ્ક પણ તેટલું જ રહેશે. આપની છટ્ટી ઈન્દ્રિય અને સમય સૂચકતા નક્કી કરશે કે આપને કેવો અને કેટલો લાભ મળશે.

વર્ષ દરમ્યાન મગજ પર બરફ અને મનમાં શાંતિ રાખીને આગળ વધવું. નાનામાં નાની વ્યકિત મહત્વની છે. તે વાત યાદ રાખવી. તે કયારે અને કેમ ઉપયોગી થશે તે સમય બતાવશે.

વર્ષને સારૂ બનાવવા માટે આપે આપની સાથે હમેંશા પાણી સાથે રાખવું, નાની બોટલ રાખવી આપને બને તો પ્લાસ્ટિક બોટલ ન રાખવી વધુ લાભ અપાવશે.

અપરણિતો માટે

અપરણિત યુવાન યુવક યુવતિઓને માટે સગાઇ લગ્ન માટે વિક્રમનું નવું વર્ષ પ્રબળ લગ્નયોગ વાળુ રહેવાનુ છે. આપના વડિલોની મહેનત રંગ લાવશે, આપનો સ્વભાવ આપનો હસમુખો ચેહરો આપને લાભ આપશે, આપને માટે વર્ષના મધ્ય પછીનો સમય વધુ સારો રહેવાનો છે જેને પ્રબળ યોગવાળો સમય કહી શકાય. વર્ષ દરમ્યાન સારી એવી ભાગ્યોદયની તક પ્રાપ્ત થવાની છે. મોસાળ પક્ષેથી કોઇ સગાઇ લગ્ન માટે માંગુ લઈને આવે અથવા તેઓ બતાવે. વર્ષ દરમ્યાન રોમાન્સ કરનારાઓએ ઉતાવળા પગલા ન લેવા.

સ્વાસ્થયની દ્રષ્ટિએ

વિક્રમનું નવું વર્ષ સારૂ રહેવાનું છે. તબીયત જાળવવા માટે ખાવાપીવા અને વ્યવહાર અગત્યનો ભાગ ભજવે છે. તેને આપને આ બાબતે ધ્યાન રાખવું. આપને શરદી સળેખમ જેવા ગળાને લગતી વ્યાધિઓ ઉદભવે. હાથ, પગ, સ્નાયુમાં કળતર વગેરે રહે. આપને વર્ષ દરમ્યાન ગુસ્સાને કાબુમાં રાખવાની સલાહ છે. આપના ગુસ્સાને લઈને માનસિક ચિંતા કે બેચેની ઉદભવે. વર્ષ દરમ્યાન ચક્ષુઓની કાળજી લેવી. આપની આધ્યાત્મિક શકિતઓના કારણે અનેક નાની મોટી બિમારીઓ દુર થશે અને તેમાંથી જલ્દીથી શાંતિ પણ મલી જવાની છે. આપનું આરોગ્ય વર્ષ દરમ્યાન સુધરતુ જણાશે. કુટુંબના સભ્યોને લઈને કોઇ ચિંતા રહે પણ યાદ રાખવું કે ચિંતા કોઇ પણ પ્રશ્નનું સોલ્યુશન નથી તે ફકત સ્વાસ્થય જ બગાડે છે.

સ્થાવર મિલ્કતની દ્રષ્ટિએ

સ્થાવર મિલ્કતની દ્રષ્ટિએ નવું વર્ષ આપના માટે મધ્યમ રહેવાનુ છે. આપને આ વર્ષ દરમ્યાન જમીન મકાનના વેચાણ કે ખરીદી માટે વર્ષાન્તનો સમય બહુ જ સારો રહેશે. આપને જમીન મકાનના પ્રશ્નોમાં ઉતાવળથી ખરીદી કે વેચાણના નિર્ણયો ન લેવા. વિલ વારસાના પ્રશ્નો વર્ષ દરમ્યાન હલ થતો જણાશે. આપને વર્ષ દરમ્યાન મિલ્કત - ખેતર જમીન - મકાન વગેરેમાં કોઇ મોટો ફેરફાર થાય તેવી સંભાવના વર્ષ દરમ્યાન દેખાતી નથી. હા પણ મકાન ઓફીસમાં રીનોવેશન કરાવવાની ઈચ્છા જરૂરથી પૂરી થવાની છે. અને આપને આપનું સુંદર મજાનું સ્વપ્ન ઘરે જોવા મળશે. સંયુકત પરિવારની મિલ્કત માટે માતૃશ્રીનો સહકાર સારો મલવાનો છે. આપ વર્ષ દરમ્યાન કોઇ પણ સ્થાવર મિલ્કત પર જોખમ ન લેવાની સલાહ છે. સ્થાવર મિલ્કતને લગતા પ્રશ્નોમાં વડિલોની સલાહ ઉપયોગી થવાની છે.

વ્યાપારીઓ અને નોકરીયાતોને માટે

વ્યાપારી ભાઈઓને માટે આ વર્ષ સામાન્ય રહેશે જ નહી, નફો નહી નુકશાનવાળું. આપને આપના કુટુંબના પરંપરાના વ્યવસાયથી લાભ રહેશે. આપને આપના વડિલો સૂચનો તેમની સલાહથી વ્યાપારમાં ઉપયોગી સાબિત થશે. આપને આપના સ્વભાવમાં થોડા ચેન્જીસ લાવવાના છે જેનાથી આપનું મન શાંત રહેશે. જમીન મકાનના બ્રોકરને વર્ષ દરમ્યાન બહુ જ સારો લાભ મલશે. ભાગીદારી ધંધામાં આપને ભાગીદારનો સહકાર સારો રહેશે, આપને આપની મહેનત અને ઈન્વેસ્ટમેન્ટ રંગ લાવતા દેખાશે. આપના સંતાનોની સાથે વ્યાપારની બાબતે મતભેદો ઉભા થાય. વર્ષ દરમ્યાન આપ લાલચમાં આવીને ખોટા નિર્ણયો અને ખોટુ કાર્ય ન કરી બેસો તેનું ધ્યાન રાખવું. આપ લાલચમાં આવીને ખોટા નિર્ણયો અને ખોટુ કાર્ય ન કરી બેસો તેનું ધ્યાન રાખવું. આપ જો વ્યાપારની સાથે સાઈડમાં નોકરી કરવા ઈચ્છતા હશો તો આપને આ વર્ષ મજા નહી આવે. વ્યાપારમાં વિક્રમના નવા વર્ષમાં આપ નવા પ્લાનિંગ નવું મેનેજમેન્ટ અને નવી યોજનાઓને અમલમાં મૂકી શકવાના છો. આપના જન્મના ગ્રહો જો સાથ આપશે તો આપને વિદેશથી ભાગ્યોદયની તક પ્રાપ્ત થશે.

નોકરીયાતોને માટે વિક્રમનું નવું વર્ષ વધુ મહેનત અને મુશ્કેલીએ સફળતા અપાવશે તેવું વર્ષ રહેશે. આપને નોકરીની નવી ઓફર આવશે પરંતુ નોકરીમાં ફેરફાર કરવામાં વાંધો નથી પણ ફેરફારો કરતા પહેલા એકવાર કે બેવાર નહિ પરંતુ ૧૦૦ વાર વિચારીને કોઇની સલાહ લઈને ફેરફાર કરવા. આપના ઘરનું ટેન્શન, આપની નોકરીના કાર્ય પર હાવી ન થાય તેનું ખાસ ધ્યાન રાખશો. નવા નોકરીયાતોને શરૂઆતમાં ઘણુ બધુ એડજસ્ટમેનટ કરવું પડશે. વિદેશી કંપનીની નોકરીયાતોને નોકરીમાંથી સારો લાભ મલવાનો છે.

મહિલાઓને માટે

વિક્રમ સંવતનું નવુ વર્ષ મહિલાઓને માટે સારૂ રહેવાનું છે. આપને વર્ષ દરમ્યાન જીવનસાથી સાથે નાની વાતને મોટુ સ્વરૂપ આપીને ઝઘડા ન થાય તેનું ધ્યાન રાખવું. આપને આપની સખી સહેલીઓની વાતમાં આવીને કોઇપણ જાતના નિર્ણયો ન લેવા અને તેમની વાત સાંભળી ન સાંભળી કરવાની સલાહ છે. ભાગીદારી વ્યવસાય કરવા ઈચછતા હોવ તો આપને સારી સફળતા મલશે. આપને સામાજિક પ્રસંગો દરમ્યાન કોઈની સારી સફળતા મલશે. આપને સામાજિક પ્રસંગો દરમ્યાન કોઇની સાથે મન મુટાવ થાય તેવી શકયતા છે. સંતાનોના અભ્યાસ અંગેની વ્યર્થ ચિંતાઓથી દૂર રહેવું. બી.પી હોય તો રેગ્યુલર ચેકઅપ કરાવતા રહેવું. આપને રોમાન્સમાં સફળતા મલશે. સગાઇ લગ્ન માટે અનુકુળતાવાળો સમય છે. આપને મનપસંદ પાત્ર મલશે.


વિદ્યાર્થી મિત્રોને માટે : વિદ્યાર્થી મિત્રોને માટે વિક્રમ સંવતનું નવુ વર્ષ મિશ્ર ફળવાળું રહેશે. આપનામાં કંઇ જ છે નહિ અને અમુક કાર્ય આપનાથી થવાના જ નથી એવા નિરાશાવાદી વિચારોથી દૂર રહેવું. નહિંતર તે આપનામાં રહેલી અથાગ શકિતઓને સમાપ્ત કરી નાંખશે. આપને આપના અભ્યાસમાં આપના મોટા ભાઈઓ - બહેનોનો સહકાર લેવો જોઈએ. કોઇના કહેવાથી કે ચાલુ ટ્રેન્ડ જોઈને નહિ, પરંતુ આપને આપનો મનપસંદ અભ્યાસક્રમને જ સિલેકટ કરવાની સલાહ છે. વર્ષ દરમ્યાન આપના થકી આપના વડિલો ગર્વ અનુભવશે અને તેમની પ્રતિષ્ઠા વધવાની છે. આપને વર્ષ દરમ્યાન ઈત્તર પ્રવૃતિઓમાં પણ સફળતા મલશે.


કૌટુંબિક બાબતે

વિક્રમનું નવું વર્ષ સારૂ રહેશે. આપને માનસિક શાંતિનો અનુભવ થશે પણ પોઝીટીવ વિચાર રાખશો તો જે થાય છે તે સારા માટે એમ વિચારવું. કોઇ લાંબા ગાળાના આયોજનો સફળતાપૂર્વક થશે. વડિલોના સ્વાસ્થ્ય અંગે સામાન્ય સમય છે. જીવનસાથીને પ્રગતિકારક સમય છે. સંતાનોની પ્રગતિ થશે. અમુક પ્રશ્નો એવા ઉભા થશે કે તેનો ઉકેલ સમય પર મૂકવાની સલાહ છે. તેથી વિચાર વાયુથી દુર રહેશો. ભાઇભાડુ સાથે મતભેદો ઉભા થાય જેથી આપના સ્વાસ્થ્ય પર અસર થાય, પેટને લગતી પિત વાયુ રહે.

આર્થિક રીતે

વિક્રમના નવા વર્ષે ગોચર ગ્રહોનું ફળ નબળુ બતાવે છે. આપના જન્મના ગ્રહો પ્રબળ હશે તો જ મુશ્કેલીમાંથી નિકળી શકશો. સ્વાસ્થ્ય અંગે ખર્ચાઓ રહે. જમીન મકાનના રોકાણમાં લાભ થશે. આપને વર્ષ દરમ્યાન યેનકેન પ્રકારે સારો એવો ધન લાભ થશે. આપના સ્વભાવની સ્થિરતા આપને બહુ જ ઉપયોગી થશે તો જીવનમાં થોડી સ્થિરતા અને સંયમ સબ્ર રાખવાની જરૂર છે. આ વર્ષના અંત સુધીનો સમય થોડો મુશ્કેલ રહેશે. ત્યારબાદ પરિસ્થિતીઓ થાળે પડી જશે. ઉધાર નાણા લેવાથી દૂર રહેશો. નાણા હોવા છતાંય નાણા ફસાયેલ રહે તો નાણા અંગે ઉતાવળા નિર્ણયો ન લેશો.





મીન રાશિ (દ. ચ. ઝ. થ.)

મીન રાશિ રાશિ ચક્રની બારમી રાશિ છે. અને છેલ્લી રાશિ છે. મીન રાશિની રાશ્યાકૃતિ માછલીઓ છે. મીન રાશિમાં પૂર્વાભાદ્રપદા નક્ષત્રનું એક ચરણ ઉતરા ભાદ્રપદા નક્ષત્રના ચાર ચરણ અને રેવતીના ચાર ચરણોનો સમાવેશ થાય છે. આ રાશિનો સ્વામી ગુરૂ છે. મીન રાશિની વ્યકિતઓનું તત્વ જળ તત્વ છે. સંજ્ઞા દ્વિસ્વભાવ છે. અને દિશા ઉત્તર છે. આ રાશિના વ્યકિતઓ ખૂબ જ મળતાવડા અને મહત્વાકાંક્ષી હોય છે. તેઓનો લક્કી કલર ઓરેન્જ, યેલો અને બ્લુ હોય છે. બ્લુ કલર દરેક મીન રાશિના વ્યકિતઓને લાભદાયક રહેશે નહી અને અમુકને વધુ લાભકારક રહેશે જેના માટે જન્મના ગ્રહો વધુ મહત્વના રહેશે.

વિક્રમ સંવતના પ્રારંભે પ્રથમ સ્થાને રાહુ મહારાજ છે. જયારે આપનો રાશ્યાધિપતિ ત્રીજા સ્થાને શોભાવે છે જે આપના કર્મસ્થાનનો પણ સ્વામી છે. આપના બીજા સ્થાને વર્ષારંભે કોઇ જ ગ્રહ નથી, અને તેના સ્વામી છે મંગળ જે વિદ્યાભુવનમાં બીરાજેલ છે. ત્રીજા સ્થાને ગુરૂ છે. જયારે ત્રીજા સ્થાનનો સ્વામી શુક્ર અને સુખસ્થાનનો સ્વામી બુધ આપના ભાગ્યભુવનમાં યુતિ કરે છે. આપના સુખ સ્થાનમાં કોઇ જ ગ્રહ નથી. આપના વિદ્યાભુવનમાં સેનાપતિ મંગળ છે. તો આપના વિદ્યાભુવન અને છટ્ટાસ્થાનના સ્વામી સૂર્ય-ચંદ્ર યુતિમાં આયુષ્ય સ્થાને બીરાજમાન છે. આપના શત્રુસ્થાનમાં વર્ષ પ્રારંભે કોઇ જ ગ્રહ નથી. શત્રુસ્થાનના સ્વામી સૂર્યદેવ છે. ભાગીદારી સ્થાને કેતુ છે. ભાગીદારી સ્થાન અને આયુષ્ય સ્થાનના સ્વામી બુધ-શુક્ર અનુક્રમે ભાગ્યભુવનમાં છે ભાગ્યભુવનના સ્વામી પંચમસ્થાને છે. કર્મસ્થાન અને લાભસ્થાનમાં કોઇ ગ્રહ નથી. કર્મસ્થાનના સ્વામી ત્રીજાસ્થાને અને લાભસ્થાન તથા વ્યય સ્થાનના સ્વામી સ્વગૃહી થઈને વ્યય સ્થાને શનિદેવ બીરાજેલ છે.

વિક્રમના નવા વર્ષ દરમ્યાન આપનું કાર્ડ છે. 'નાઈટ ઓફ સ્વોર્ડ્સ' જે જીવનમાં મહત્વના ફેરફારોનું સૂચન કરે છે. તે ફેરફારો આપના પર્સનલ લાઈફ અને એકપીરીયન્સ, આપની લાઈફ સ્ટાઈ,ને આધિન છે. આ કાર્ડ આપને હિંમતભેર અને આત્મવિશ્વાસ સાથે પડકારોને સ્વીકારવાની સલાહ છે, જેથી આપ આપના નિશ્ચિત ગોલને મેળવી શકશો.

વર્ષ દરમ્યાન આપે આપની બુધ્ધિમતાને ખીલવવાની છે. આપના વાકચાર્તુય, મહત્વાકાંક્ષી, એકલા આગળ વધવાથી હારવાનું નથી. પરંતુ આમા પ્રામાણિકતાને આગવા સ્થાને રાખવુ અને આગળ વધવુ ભલે રસ્તો લાંબો થાય પણ શોર્ટકટ લેવા નહિ કોઇને મદદે આગળ વધવું નહિ.

જીવનમાં મહત્વના ફેરફારો થાય, મન અસ્વસ્થ રહે. સગાઈ લગ્નના કાર્યો ટાળવા, આપના નિર્ણયો પર અડગ રહેવું. ભલે પછી તેમાં મુશ્કેલીઓ આવે, એક વાત યાદ રાખવી કે જો મહેનત કર્યા પછી પણ સપના પુરા ના થાય તો રસ્તો બદલો પણ સિધ્ધાંત નહિ. વૃક્ષ પર હંમેશા પાંદડા બદલે છે મૂળ નહિ. પોતાની મહેનત, સિધ્ધાંત અને પ્રામાણિકતા પર એટલો ભરોસો રાખો કે ઉડાન થોડી મોડી મુશ્કેલ હશે પણ તે સૌથી ઉંચી હશે તો હારયા વગર આગળ વધો. વર્ષ દરમ્યાન ફેમિલી ઈસ્યુશ, હેલ્થ પ્રોબ્લેમ પણ આવશે.

આ કાર્ડ આપને આપના કેરિયરમાં આગળ વધારશે. ભાગ્યોદયની તક પ્રાપ્ત કરાવશે. જો આપના જન્મના ગ્રહોને લઈને કોઇ કાર્ડ ગ્રહો પોઝીટીવ હોય તો જરૂરીથી સફળતા મળશે. વર્ષ દરમ્યાન વિદેશ જવાનું ટાળવું વિદેશ કંપનીમાં વ્યાપાર નોકરી બાબતે રોકાણ હિતાવહ નથી.

વર્ષ સારૂ બનાવવા અને આપને પોઝીટીવીટી વધારવા આપે આપની પાસે હંમેશા યેલો કે વ્હાઈટ ફુલ રાખવું. મહાદેવ ની માળા કરવી આપ આપના ઈષ્ટદેવની માળા કરી શકો છો. જે રેગ્યુલર કોઇ નક્કી સમયે રોજે કરવી ખાસ જરૂરી છે. જેનાથી આપની પર્સનાલીટીને સમયનું મહત્વ દર્શાવશે.

અપરણિતો માટે

અપરણિત યુવાન યુવક-યુવતિઓને માટે વિક્રમના નવા વર્ષના પ્રારંભના ગ્રહો નબળુ સુચન કરે છે. બધી જ વાત પાકી થઇ જાય અને અંતે ના આવી ને ઉભી રહે બધુ બરાબર જ હોય તેમ લાગે પણ છેલ્લી ઘડીએ ના આવીને ઉભી થાય તેથી આપને વર્ષાતથી પ્રયત્નો કરવાની સલાહ છે. નબળી વિચારધારાથી દૂર રહેવાની સલાહ છે. આપે જો વર્ષની શરૂઆતથી પ્રયત્નો કરશો તો માત્રને માત્ર નિરાશા હાથ લાગશે, તો ખોટા સમયે મહેનત ન કરવાની સલાહ છે.

સ્વાસ્થ્યની દ્રષ્ટિએ

સ્વાસ્થ્યની દ્રષ્ટિએ વિક્રમના નવા વર્ષના પ્રારંભના ગ્રહો આપને માટે સારા રહેવાના છે. આપને આળસ પ્રકૃતિથી દૂર રહેવાની સલાહ છે. ખાવાપીવામાં શકય હોય તેટલી કાળજી રાખવી. શરદીપ સળેખમ, કફ પરેશાન કરે. આપને આપની જીવ પર દરેક રીતે કાબુ રાખવાનો છે. પેટમાં વાયુની બિમારીથી પરેશાન રહેવાના છો. ડાયાબિટીસના દર્દીઓએ ખાવાપીવામાં ખાસ ધ્યાન રાખવું. આ વર્ષ દરમ્યાન મોટી બિમારીને કોઇ જ અવકાશ નથી. પરંતુ સ્વાસ્થ્ય બાબતે જરાપણ બેદરકાર ન બનવું. આપને જો કોઇ પણ જાતનું વ્યસન હોય જેમ કે ગુટખા, પાન, સિગરેટ, તમાકુ, ફાકી વગેરે તો આ સમય માં તે ટેવને સુધારવા માટે ખુબ જ યોગ્ય સમય છે. આપ આપની કોશીષમાં સફળ થશો.

સ્થાવર મિલ્કત બાબતે

વિક્રમના નવા વર્ષના પ્રારંભેના ગ્રહો જોતા એમ કહી શકાય કે સ્થાવર મિલ્કત બાબતે વિક્રમનું નવું વર્ષ આપને માટે નબળુ આપને વર્ષ દરમ્યાન જમીન, મકાન, ઓફિસ, ખેતર કે વાડી કોઇ પણ સ્થાવર મિલ્કત બાબતે હુ તો એમ કહીશ કે વાહનની પણ વેચાણ કે ખરીદીના કાર્યો ન કરવાની સલાહ છે. આખા વર્ષ દરમ્યાન આપને સ્થાવર મિલ્કતના પ્રશ્નો બાબતે ચેતતા રહેવું અને નવા ફેરફારો ન કરવાની સલાહ છે. ઓફિસ વર્કને માટે આપ મશીન, કોમ્પ્યુટર વગેરેની ખરીદી કરી શકશો. જે આપના ઓફિશીયલ વર્ક માટે જરૂરી છે. આપના અગત્યના ડોકયુમેન્ટસની ફેરબદલીની શકયતાઓ નકારી ન શકાય તો આપને ધ્યાન રાખવું.

વ્યાપારીઓ અને નોકરીયાતો માટે

વ્યાપારી વર્ગને માટે વિક્રમનું નવું વર્ષ સારૂ રહેવાનું છે. આપને આપના કુટુંબના પરંપરાના વ્યવસાયથી લાભ રહેશે. આપને આપના વડિલોના સુચન થી વ્યાપારમાં લાભ રહેશે. વ્યાપારમાં આપ નવા પ્લાનિંગ અને નવું મેનેજમેન્ટ અને નવી યોજનાઓને અમલમાં મૂકી શકશો. આપના સંતાનો આપના વ્યવસાયમાં આપને લાભ અપાવશે. અને ઉપયોગી સાબિત થશે. આપને વધુ પડતી દોડધામ અને ઉજાગરા ન કરવાની સલાહ છે. જમીન મકાનના બ્રોકરોને વર્ષ દરમ્યાન બહુ જ સારા લાભ મળશે. ભાગીદારી ધંધામાં ભાગીદારોનો સહકાર સારો રહેશે. આપ આપના વ્યાપાર સાથે સાઈડ બીઝનેશ માં કોઇ નોકરી પણ કરી શકશો અને આપને તેનાથી સારો લાભ રહેશે. આપને આપના સ્વભાવમાં થોડો ફેરફાર કરવાનો છે. જેનાથી આપનું મન શાંત રહેશે.

નોકરીયાતોને નોકરી માટે નબળો સમય પુરવાર થશે. આપને વર્ષ દરમ્યાન બહુ લાભ મળશે નહિ. આપને વર્ષ દરમ્યાન જીભ ઉપર કાબુ રાખવાની સલાહ છે. 'મુખ મ્યાનમાં રહેતી જીભ બે ધારી તલવાર છે.'એ સંબંધો જોડી શકે છે તેમજ તોડી પણ શકે છે. કોઇને ઘાયલ કરે છે તો કોઇ ના ઘા રૂઝાવે છે જીભ છે તો નાની પણ તેના ઉપર કાબુ રાખવો બહુ જ અઘરો છે. અને આ કાર્ય કરનાર એટલા અંશે જીંદગી જીતી શકે છે. આપ ઉપરી અધિકારીની વાતોમાં હા પાડતા શીખી લો. ઓફિસના અગત્યના અને તેમને સોંપેલ ડોકયુમેન્ટસનું ખાસ ધ્યાન રાખવાની સલાહ છે.

મહિલાઓ માટે

મહિલા વર્ગ માટે વિક્રમ સંવતનું નવું વર્ષ સારૂ જવાનું છે. આપ કૌટુંબિક બજેટ બનાવવામાં સફળ થવાના છો. અને ઘરના દરેક સભ્યોની ફરમાઈશ પણ પુરી કરી શકશો. આપને માટે આ વર્ષ આનંદદાયક સાબિત થવાનુ છે. વર્ષ દરમ્યાન આપની ધાર્મિક યાત્રા કે કોઇ ધાર્મિક યજ્ઞ, હવન, જાપ વગેરેની ઈચ્છા પૂર્ણ થવાની છે. આપને વાહન ચલાવતા કે રસોઇ વખતે નાની એવી ઈજાઓ બાબતે સાવધાન રહેવાની ખાસ સલાહ છે. આપના સંતાનો કે પરિવારજનો આપને કોઇ યાદગાર ભેટ આપે. આપને વર્ષ દરમ્યાન પેટને લગતી પરેશાની પરેશાન કરે. આપના સંતાનોની સારી પ્રગતિ થવાની છે. નોકરીયાત મહિલાઓને નાની એવી મુસાફરીના યોગ છે. આપના દામ્પત્ય જીવનમાં આનંદ, કિલ્લોલ અને શાંતિ આપની રાહ જુએ છે વર્ષ દરમ્યાન.

વિદ્યાર્થી મિત્રો માટે

વિદ્યાર્થી મિત્રોને માટે વિક્રમસંવતનું નવું વર્ષ સામાન્ય રહેશે. વર્ષ દરમ્યાન આપને સારા પરિણામને માટે સખત પરિશ્રમ કરવો પડશે. શાળા કોલેજની હરિફાઈમાં આપને ઈનામ મળે તેવી શકયતાઓ છે. વર્ષની શરૂઆતના પાંચ-છ મહિના આપને આપના અભ્યાસ બાબતે સખત મહેનત કરવાની છે. ખોટી સોબત, ટીવી, ટેપ, સિનેમા વ્યસની મિત્રો વગેરેથી દૂર રહેવાની સલાહ છે. ઉચ્ચ અભ્યાસ પુરૂ કરેલા વિદ્યાર્થીઓને સારી નોકરી મેળવવામાં સફળતા મળશે. વિજ્ઞાનક્ષેત્રે ભણતા વિદ્યાર્થીઓને વર્ષ દરમ્યાન સારી સફળતા મળશે. આપને આપના વડિલોનો સહકાર સારો રહેવાનો છે.

કૌટુંબિક બાબતે

કૌટુંબિક બાબતે આપનો સમય નબળો રહેશે. આપને કુટુંબમાં વિભાજનની શકયતા છે. આપને માનસિક તનાવ રહેશે જીવનસાથી સાથે મતભેદો રહે. અપરણિત યુવાન યુવક-યુવતિઓને સગાઇ લગ્નના કાર્યો ટાળવાની સલાહ છે. સંતાનો અંગે શુભ સમાચાર મળશે. સંતાનોની પ્રગતિ રહે. વિદેશ વસતા મિત્રો સગાસંબંધીઓથી લાભ મુલાકાત રહે. ભાઈબહેનોનો સહકાર સારો મળશે. આપના હિતશત્રુઓને પછડાટ આપવામાં આપ સફળ થશો. આધ્યામિક ક્ષેત્રે સારી પ્રગતિ કરવાના છે. જીવનમાં ઉત્સાહ ઉલ્લાસ જાણવી રાખવો. કોઇ પણ કાર્ય કરવા બાબતે આળસ કે કામચોરી ન કરવાની ખાસ સલાહ છે.

આર્થિક બાબતે

આર્થિક બાબતે વર્ષ સારૂ રહેશે. ધન લાભ સેલેરીમાં વધારો થાય નવી નોકરીથી પણ ધન લાભ થવાના ચાન્સીસ છે. આપને મનગમતુ વ્યવસાય કે નોકરી મળે પણ કાર્યભાર વધુ રહે. અગાઉ કહ્યુ તેમ કાર્યમાં કામચોરી આળસ કરવી નહીં. ભાગીદારી વ્યવસાય ટાળવો નવી ભાગીદારી કરવી નહિ અને ચાલુ ભાગીદારીમાં નાણા વ્યય થશે તો સાઈડમાં બીજો વ્યવસાય કે નોકરી કરવાની સલાહ છે. ઈમ્પોર્ટ એકસપોર્ટના વ્યવસાયથી લાભ પણ અડચણો આવતા રહે. કૌટુંબિક પ્રશ્નોના લીધે આપ આર્થિક બાબતે ધ્યાન આપી ન શકો સરખુ કોન્સન્ટ્રેશન ન થવાથી થોડી તકલીફો રહેશે.





તસ્વીરમાં 'અકિલા'ના મોભી શ્રી કિરીટભાઇ ગણાત્રા સાથે જયોતિષ શાસ્ત્રી કુમારભાઇ ગાંધી, ફોરમબેન મહેતા (ગાંધી) આદિત્ય ગાંધી (સીએ), ધિમહી મહેતા નજરે પડે છે.

ન્યાયધીશ શનિદેવ

શનિદેવ કે જેઓના ગુરૂ દેવોના દેવ મહાદેવ છે. શનિદેવની ન્યાય પ્રક્રિયા જેટલી સુંદર છે તેટલા સુંદર શનિદેવના વલયોખુબ જ સુંદર છે વલયોને લઇને શનિદેવ બધા ૮ ગ્રહોમાં એક આકર્ષણ ઉભુ કરે છે. શનિ દેવના ત્રણ મુખ્ય વલયો છે. શનિની નિકટ આવેલા વલય ક્રોપ કંકણ છે અને તે શનિ થી લગભગ ૧૪,૪૦૦ કિમી. દુર છે. તેની પહોળાઇ ૧૭,૬૦૦ કિમી. છે. સારા દુરબીનના ઉપયોગથી આ વલયોને નિહારી શકાય છે. બીજુ વલય મધ્યમ કંકણ જેની પહોળાઇ ૨૫,૬૦૦ કી.મી. અંદાજે છે તે પછી ૨૭,૨૦૦ કીમી.ની જગ્યા ખાલી છે, પછી આવે છે ત્રીજુ વલય જે ૧૭,૬૦૦ કીમી. પહોળાઇનું છે.

શનિના વલયો લાંબા-પહોળા છે. પણ જાડાઇ ખુબ જ ઓછી છે. ખગોળ શાસ્ત્રીઓ મુજબ ૧૫ કીમી. અને વધુમાં વધુ ૬૫ કીમી. જાડી હશે. શનિની ગતિ ખુબ જ ધીમી છે.

શનિ અષ્ટોતરી મહાદશા પ્રમાણે પૂર્વાષઢા, ઉતરાષઢા અને શ્રવણ નક્ષત્રમાં થઇ કુલ દશ વર્ષ પસાર કરે છે. જયારે વિશોતરી પ્રમાણે પુષ્ય, અનુરાધા અને ઉતરાભાદ્રપદ નક્ષત્રમાં ઓગણીશ વર્ષ તેના દરેક ક્ષેત્રોમાં રહે છે. શનિને અંગ્રેજીમાં સટર્ન કહેવાય છે. શનિના દેવતા બ્રહ્માં અને રૂદ્ર કે નીલ રૂપે શિવ મનાય છે. શનિદેવ બે પુત્રોની નોંધ મહાકવિ કાલીદાસે કરી છે, પણ જયોતિષ આચાર્યોના મતે એક પુત્રના બે નામ છે - માંદી ઉર્ફે ગુલિકા જેનું પણ જયોતિષ ફળ કથનમાં મહત્વ રહેલું છે. શનિની અસર સૌરાષ્ટ્ર-ગુજરાતમાં પ્રબળ ગણાય છે. શનિ સંધ્યાકાળે પશ્ચિમ દિશામાં વધુ બળવાન બને છે. નીચ રાશીમાં શનિ વક્રી થતા પ્રબળ બને છે.

શનિદેવ કે જેઓનો જન્મ ગુજરાતમાં પોરબંદર-જામનગર રોડ ઉપર અંદરના ભાગમાં આવેલા હાથલા ગામમાં વૈશાખ વદ-અમાસના દિવસે થયો હતો. શનિદેવના પિતા સુર્યદેવ, માતા છાયા-સુવર્ણા, ભાઇ-યમરાજ અને બહેન યમુના છે. શનિદેવના ગુરૂ શંકર, મિત્ર વીર હનુમાન અને કાળ ભૈરવ. શનિદેવ ધરતીના ન્યાય દાતા છે. તેઓનો ન્યાય અજોડ છે. ઉજ્જનનગરના રાજા વીર વિક્રમ, રાજા હરિશ્ચંદ્ર પર જયારે શનિદેવની દશા બેઠી ત્યારે તેઓને દુઃખ વેઠવું પડ્યું હતું.

શનિદેવની ન્યાયા લયમાંથી કોઇપણ દોષી છુટી શકતો નથી. કોઇપણ જીવ કર્મ કરે ત્યારે તેને તેના કર્મોનો ખ્યાલ રહેતો નથી, પણ શનિ દેવ તેમનું કાર્ય કરે જ છે. તેથી જ વ્યકિતને તેના સારા નરસા કર્મોનું ફળ મલતુ હોય છે. રાજાને રંક અને રંકને રાજા બનાવે છે. કરોડપતિને રોડપતિ અને રોડપતિને કરોડપતિ બનાવે છે શનિદેવ.

ફળકથનમાં પણ શનિદેવનું આગવું મહત્વ છે. શનિદેવ માત્ર દુઃખના કારક જ નથી ઘણી વખત શનિદેવ બહુ જ સારૂ ફળ આપે છે જેની વ્યકિતએ ધારણા પણ ન કરી હોય.

શનિદેવની ચાર પાયાની પનોતી હોય છે. સોનાનો પાયો- ચાંદીનો પાયો - તાંબાનો પાયો- લોઢાનો પાયો જન્મની ચંદ્ર રાશિથી બારમે પસાર થાય છે ત્યારે સાડાસાતી શરૂ થાય છે. જન્મના ચંદ્ર ઉપરથી પસાર થાય ત્યારે સાડાસાતી પનોતીનો બીજો તબક્કો કહેવાય છે અને ચંદ્રથી બીજે પસાર થતો હોય ત્યારે શનિ સાડાસાતી પનોતીનો છેલ્લો તબક્કો શરૂ થાય છે. ઘણી વખત શનિદેવ પનોતીમાં શુભ ફળ આપે છે. ધનલાભ કરાવે છે.



જન્મકુંડળીમાં શનિ બળવાન હોય કે ઉચ્ચનો હોય તો શનિની પનોતી બહુ મુશ્કેલી નથી આપતી. મકર અને કુંભ રાશીમાં શનિ સ્વગૃહી ગણાય છે. જ્યારે તુલા રાશિમાં શનિ ઉચ્ચનો બનીને શશયોગ રચે છે. જ્યારે શનિ મેષ રાશિમાં નીચનો ગણાય છે. તુલા રાશિનો શનિ વ્યકિતને તેની ઉંમર વધે તેમ વધુ લાભ અપાવે છે. શનિ જીવનમાં ધીમી ગતિએ પરિવર્તન અને ફળ આપે છે, તે વ્યકિતના કર્મો અને વ્યકિતને પારખીને જ ફળ આપે છે.

શનિ પ્રધાન વ્યકિત ધીર ગંભીર હોય છે. રાજકારણી અને સફળ ઉદ્યોગપતિની કુંડલીમાં શનિ બળવાન હોય છે. શનિ સારા લેખક, પત્રકાર કે જયોતિષ કે કોઇ ગુઢ વિદ્યામાં સફળતા અપાવે છે. કેન્દ્રમાં રહેલો શનિ વધુ પુરૂષાર્થ કરાવે છે અને ૩૬ વર્ષ પછી ભાગ્યોદય કરાવે છે.

લગ્ન મેળાપકમાં મંગળની જેમ જ શનિનું પણ મહત્વ છે. જો જન્મકુંડલીમાં શનિની દ્રષ્ટિ અમુક સ્થાનમાં હોય તો અથવા અમુક ગ્રહોને પોતાની દ્રષ્ટિમાં લેતી હોય તો લગ્ન મોડા થાય છે. કોઇપણ કારણ ન હોય તો પણ લગ્નમાં વિલંબ થાય છે. અને જો વહેલા થાય તો મતભેદ કરાવે છે.

શનિ જન્મકુંડલીમાં ૩-૬-૧૦ અને ૧૧માં સ્થાનમાં શુભફળ આપે છે. જ્યારે ૪-૮ અને ૧૨માં સ્થાને શનિ નબળો રહે છે. બુધ, શુક્ર, રાહુ અને કેતુ શનિના મિત્રો છે. જ્યારે સુર્ય, ચંદ્ર અને મંગળ શનિના શત્રુ છે. ગુરૂ સમ છે. શનિની ત્રણ દ્રષ્ટિ છે. ત્રીજા સ્થાને, સાતમા અને દશમા સ્થાન પર મુખ્ય દ્રષ્ટિ છે. શનિને ૧૨ રાશિઓ પર ભ્રમણ કરતા ૩૦ વર્ષ અંદાજે લાગે છે. અંક શાસ્ત્ર મુજબ એક અંકનો સ્વામી શનિદેવ છે. અને પ્રિય રત્ન નીલમ છે.

શનિ પ્રધાન વ્યકિતઓનું જીવન મહેનત વાળુ હોય છે. ખાસ કરીને તેઓનો જન્મ સાધારણ કુટુંબમાં થયો હોય છે. ઉંમર વધતા તે જાત મહેનતે બધુ પામે છે.

લેખક : ફોરમ ગાંધી-મહેતા

''ધોળકીયા ભુવન''
દિવાનપરા મેઇન રોડ-રાજકોટ-૧
ફોન : ૯૩૭૪૮ ૧૬૯૭૭, ૯૪૨૯૪ ૭૨૧૬૦

સંવત - ૨૦૮૧ના ગ્રહણો

(૧) ફાગણ શુક્લ-૧૫, શુક્રવાર, તા. ૧૪-૦૩-૨૦૨૫, ભારતીય દિનાંક-૨૩ ફાલ્ગુન-૧૯૪૬. આ દિવસે સિંહ/કન્યા રાશિમાં થનાર ખંડગ્રાસ ચંદ્રગ્રહણ ભારતમાં નહીં દેખાય.

(૨) ફાગણ કૃષ્ણ-૩૦, શનિવાર, તા. ૨૯-૦૩-૨૦૨૫, ભારતીય દિનાંક-૮ ચૈત્ર-૧૯૪૬. આ દિવસે મીન રાશિમાં થનાર આ ખંડગ્રાસ સૂર્યગ્રહણ ભારતમાં નહીં દેખાય.

(૩) ભાદ્રપદ શુક્લ-૧૫, રવિવાર, તા.૦૭-૦૯-૨૦૨૫, ભારતીય દિનાંક-૧૬ ભાદ્રપદ- ૧૯૪૭. આ દિવસે કુંભ રાશિમાં થનાર ખગ્રાસ ચંદ્રગ્રહણ ભારતમાં દેખાશે.

(૪) ભાદ્રપદ કૃષ્ણ-૩૦, રવિવાર, તા.૨૧-૦૯-૨૦૨૫, ભારતીય દિનાંક-૩૦,ભાદ્રપદ- ૧૯૪૭. આ દિવસે કન્યા રાશિમાં થનાર ખંડગ્રાસ સૂર્યગ્રહણ ભારતમાં નહીં દેખાય.

(૫) માઘ કૃષ્ણ-૩૦, મંગળવાર, તા. ૧૭-૦૨-૨૦૨૬, ભારતીય દિનાંક-૨૮, માથ-૧૯૪૭. આ દિવસે કુંભ રાશિમાં થનાર કંકણાકૃતિ સૂર્યગ્રહણ ભારતમાં નહીં દેખાય.

(૬) ફાગણ શુક્લ-૧૫ મંગળવાર, તા.૦૩-૦૩-૨૦૨૬, ભારતીય દિનાંક-૧૨, ફાલ્ગુન- ૧૯૪૭. આ દિવસે સિંહ રાશિમાં થનાર ખગ્રાસ ચંદ્રગ્રહણ ભારતમાં દેખાશે.

નોંધ : જે ગ્રહણ દેખાવાનું ન હોય તેમજ માંદ્ય ચંદ્રગ્રહણના વેધાદિ નિયમો પાળવાના નથી.

અગાઉ કરેલ આગાહી મુજબ ચંદ્ર ઉપર હિન્દુસ્તાન



૨૩-૮-૨૦૨૩
સાંજે ૬-૦૭



તા.૨૩-૮-૨૩ તારીખ અને નંબરનો અદ્દભૂત મેળ બને છે. ચંદ્રયાન-૩ ઉપર વિશ્વની નજર છે શું થશે શું છેલ્લી મીનીટમાં કોઇ પ્રશ્ન ઉભા થશે. અહીં ગ્રહોની દ્દષ્ટિએ મકર લગ્નના યોગ બને છે. જેમાં શનિ બળવાન છે. તો સૂર્યની સાથે બુધ છે. સૂર્ય પણ પોતાની રાશિમા છે. અહીં બારમાં સ્થાનનો માલીક ગુરૂની સાથે રાહુ હોય છેલ્લા સમયમાં કસોટી થશે. સમય કટોકટી વાળા રહે છે. પણ અહીં ચમત્કાર થશે ચંદ્રની ઉપર ગુરૂની દૃષ્ટિ છે. જેને લઇને ચંદ્રયાન ૩ ચંદ્ર ઉપર સફળતા પૂર્વક લેન્ડીંગ કરશે તેવુ ગ્રહો સુચવે છે. ઈશરોના તમામ ટેકનીકલ સ્ટાફને વિશ્વ તરફથી શુભેચ્છા સંદેશ મળી શકે છે. અહીં અકિલાના વાંચકોસહીતદેશના તમામનાગરીકોની શુભેચ્છા જરૂર સફળતા અપાવશે.



કુમારભાઇ ગાંધી
મોબાઇલ
૭૮૭૮૧ ૭૮૭૮૩

આ કાપલી સાચવી રાખો
સવારે ચા સાંજે અકિલા

એક મુલાકાત ઉજ્જવળ ભવિષ્ય બનાવી શકે છે
જયોતિષ : કુમારભાઇ ગાંધી
એપોમેન્ટ લેવી જરૂરી
મો.૯૩૭૪૮ ૧૬૯૭૭, ૭૮૭૮૧ ૭૮૭૮૩

શનીની પનોતી વિશે વિશેષ



● મેષ (અ.લ.ઇ.)

શનિ વિક્રમ સંવત ૨૦૮૧ દરમિયાન તમારા લાભ સ્થાનમાં ભ્રમણ કરશે અહિ તમારા માટે ખૂબજ સારો સમય કહી શકાય કોઇ નવુ આયોજન થઇ શકે પનોતી નથી. પણ તા. ૨૯-૩-૨૦૨૫થી પનોતી શનિની શરૂ થશે. જે તમારા કર્મો પ્રમાણે લાભ લાભ રહેશે.

● વૃષભ (બ.વ.ઉ.)

શનિ તમારા કર્મ સ્થાન અને લાભ સ્થાનમાં ભ્રમણ કરશે. અહિં તમારે સતત એકાગ્રત રહેવાનુ છે. ખુબજ અનુકુળતા વાળો સમય તમે કેટલી મહેનત કરો છો તે મહત્વનું રહેશે પનોતી નથી.

● મિથુન (ક.છ.ઘ.)

શનિ તમારા ભાગ્ય સ્થાનમાં રહીને બળવાન સ્થિતીમાં છે આર્થિક લાભ રહે નોકરી ધંધામાં ચીવટ રાખવી વધુ પડતો વિશ્વાસ ન રાખવો હરીફો તમારી અંદરના જ હોઇ શકે પનોતી નથી. તા.૨૯-૩-૨૦૨૫થી કર્મસ્થાનમાં ભ્રમણ કરશે. પનોતી નથી.

● કર્ક (ડ. હ.)

શનિ દેવનુ આઠમાં સ્થાનમાં છે મનમાં અશાંતિ રહે જેની સાથે સાથે આર્થિક લાભ રહે જુના પ્રશ્નો હલ થાય નાની પનોતી ચાલે છે. ઈશ્વરનું સ્મરણ અને મહેનત કરવી હનુમાનજીના દર્શન કરવા પક્ષીને ચણ નાખવું. તા.૨૯-૩-૨૦૨૫ શનિ મીન રાશીમાં ભ્રમણ કરશે. જે તમારા ભાગ્ય સ્થાનમાંથી પસાર થશે. જેથી પનોતી પુરી થશે.

● સિંહ (મ.ટ.)

શુભ સાતમા સ્થાનમાંથી પસાર થઇ રહેલ છે સગાઇ, લગ્નમાં અનુકુળતા રહે તંદુરસ્તી સામાન્ય રહે જન્મના ગ્રહો પ્રમાણે લાભ રહે. લાલચથી મનમાં ગેર સમજો ઉત્પન્ન ન કરવી દાન પુન્ય કરવુ પનોતી નથી. તા.૨૯-૩-૨૦૨૫ના રોજ તમારા શનિની નાની પનોતી શરૂ થશે જે તમારા કર્મ પ્રમાણે લાભા લાભ આપશે.

● કન્યા (પ.ઠ.ણ)

શનિનુ ભ્રમણ છઠ્ઠા સ્થાનમાં હોય અનુકુળતા રહેવાની સંતાનો સાથે સુમેળ રાખવો નાણાકીય લાલચથી દુર રહેવું નવુ આયોજન સમયનો કરવુ પરિવારના સભ્યોને સમજવા લાગણીઓ રાખવી પનોતી નથી તા.૨૯-૩-૨૦૨૫ના રોજ મીન રાશીમાં પ્રવેશ કરશે આ સમય માનસીક તનાવ વાળો રહેશે. કોઇ મોટા નિર્ણયો બાબતે સાવધાની રાખવી. અંધશ્રધ્ધામાં ન પડવું

● તુલા (ર.ત)

શનિ દેવનું ભ્રમણ લાભ દાયક રહેશે જીવનમાં જેમ તેમ સમતુલના જળવાઇ રહેશે શેર સટ્ટામાં લાભ રહે ચાલતી તકનો યોગ્ય ઉપયોગ કરવો બુધ્ધિ પ્રતિભા સતેજ થવાથી લગ્ન જીવનમા સુમેળ રાખવો પનોતી નથી. તા.૨૯ માર્ચ ૨૦૨૫થી શનિ તમારા છઠ્ઠા સ્થાનમાં ભ્રમણ શરૂ કરશે જે અનુકુળતા વાળુ કહી શકાય અહી શેરસટ્ટામાં જાળવવું. નવા સાહસોમાં ધીરજ રાખવી.

વૃશ્ચિક (ન.ય.)

શનિ દેવ કેન્દ્રમાંથી પસાર થઇ રહેલ છે મનમાં અશાંતી રહે નોકરી ધંધામાં સર્તકતા રાખવી સંતાનોની સગાઇ લગ્નમાં અનુકુળતા રહેશે દરિયાઇ જગ્યાએથી લાભ રહે રોજ હનુમાનજીના દર્શન કરવા આર્થિક સામાન્ય વ્યકિતઓને માન આપવુ શનીની પનોતી ચાલે છે જે તા.૨૫ માર્ચથી પુરી થશે. જે અનુકુળતા વાળો સમય બતાવશે.

● ધન (ભ.ફ.ધ.ઢ)

શનિનુ ભ્રમણ ખૂબજ અનુકુળતા વાળુ છે આર્થિક લાભ રહે કોઇ નવુ આયોજન થઇ શકે શેર સટ્ટામાં પણ અનુભવ પ્રમાણે લાભ રહે મિલકતથી લાભ રહે નોકરી પ્રમોશનના ચાન્સ ઉભા થાય પનોતી નથી પણ તા.૨૯ માર્ચ ૨૦૨૫ના રોજ શનિ મીન રાશીમાં ભ્રમણ કરશે. જે કારણ વગરના વિચારોને લઇને માનસીક તનાવ રખાવે. જેથી મેડીટેશન યોગ કરવાથી ધાર્મિક કાર્ય કરવાથી લાભ રહે. પક્ષીને રોજ ચણ નાખવુ.

● મકર (ખ.જ.)

શનીનું ભ્રમણ અનુકુળતા વાળુ છે. પણ પનોતી છે છેલ્લો તબકકો ચાલે છે. મિલકત બાબતના પ્રશ્નોમાં તનાવ રહે માનસીક ટેન્સન રહે સોનાના પાયે હોય લાલચ ન રાખવી રોજ હનુમાનજીના દર્શન કરવા. તા.૨૯ માર્ચ ૨૦૨૫ના રોજ પનોતી પુરી થશે.

● કુંભ (ગ.સ.)

શનીની પનોતીનો બીજો તબકકો ચાલે છે તાંબાના પાયે હોય આર્થિક લાભ રહે પણ મનમાં અશાંતી રહે મુંજવણ રહે પરિવારના સભ્યોથી તનાવ રહે સારા વ્યકિતઓની સંગત રાખવી રોજ દાન પુન અને હનુમાનજીના દર્શન કરવા. તા.૨૯ માર્ચ ૨૦૨૫ના રોજ પનોતીનો છેલ્લો તબકકો શરૂ થશે.

● મીન (દ.ચ.જ.થ)

શનીનો પનોતીનો પ્રથમ તબકકો ચાલે છે. રૂપાના પાયે હોય આર્થિક લાભ રહે પણ મનમાં અશાંતી રહે કાનુની પ્રશ્નોથી દુર રહેવું લાલચથી દુર રહેવુ રોજિંદા કામને વળગી રહેવુ પક્ષીને ચણ નાખવુ હનુમાનજીના દર્શન કરવા તા.૨૯ માર્ચ ૨૦૨૫ના રોજ શનિનો બીજો તબકકો શરૂ થશે. નકારાત્મક વિચારો ટાળવા, નબળું વાંચન કે વિચારો ન કરવા.

કુમારભાઇ ગાંધી
જયોતિષકાર ૯૩૭૪૮ ૧૬૯૭૭,૭૮૭૮૧ ૭૮૭૮૩

શ્રી ગણેશાય નમઃ

અનલ નામ સંવત્સર



કાળા માથાનો માનવી કે જેને દેવો જેવો દરજ્જો અપાય છે, અને પોતાના કર્મોના ફળ ભોગવે છે. સારા કર્મોના મિઠ્ઠા ફળ અને ખરાબ કર્મોના ખરાબ ફળ મલે જ છે. માણસને તેના કર્મ સ્વર્ગ જેવા સુખ ભોગવાવે છે. બાકી જન્મમૃત્યુના ફેરામાં ફરતો રહે છે. જયાં સુધી કર્મ અને લેણાદેણી સમાપ્ત નથી થતી ત્યાં સુધી ફેરા પણ સમાપ્ત નથી થતા. સારા કર્મ જ મનુષ્ય જીવનનો સાચો પુરૂષાર્થ છે ફકત દેવી દેવતા હોમહવન, ગ્રહોનાં નંગ પહેરવાથી કશુ જ ફેર પડતો નથી. પ્રભુને ભલે ને માનભાવન ભોજન આપો, સોહામણા વાઘા પહેરાવો કે હીરાથી જડી દો કર્મો જ મહત્વના રહેશે. મંદિર બહાર કોઇ ગરીબ માણસને બાળકને ખાવાનું આપવાથી જ કર્મોનું બેલેન્સ વધશે. બ્રહ્માંમાં રહેલ ગ્રહો નક્ષત્રો પણ શુભાશુભ કર્મોનું જ ફળ આપને સમયે સમયે આપે છે. બ્રહ્માંડમાં ભ્રમણ કરતા ગ્રહો, નક્ષત્રો વગેરેની શુભાશુભ અસરો સમગ્ર સૃષ્ટિમાં પડતી જ રહે છે. કોઇપણ વ્યકિત તેમાંથી બાકાત નથી રહી શકતી. આજ દુનિયાનો ક્રમ છે, અને હંમેશા બીજાના હિતનું રક્ષણ કરવું એ આપણા જ હિતનું રક્ષણ કરવા બરોબર છે તે હંમેશા યાદ રાખવું કોઇ અંધ શ્રધામાં ફસાવવું નહિ, ફળની ચિંતા વગર કર્મ કરવા, જે પોતાનું કામ પોતાની જવાબદારી નિષ્ઠાથી કરે છે તે જ વ્યકિત ધાર્મિક છે જે વ્યકિત ભગવાનનો ડર રાખી ને દરેક કાર્ય કરે છે.

અહીં વાર્ષિક રાશિફળ માટે ગોચર ગ્રહોનો ઉપયોગ કરવામાં આવેલ છે. પરંતુ વ્યકિતગત ભવિષ્ય જાણવા માટે વ્યકિતગત જન્મના ગ્રહો દ્વારા જ ચોકસાઇ પૂર્વક ભવિષ્યકથન થઇ શકે છે. અહીં આપની રાશિ પ્રમાણે રાશિવાર વાર્ષિક ભવિષ્ય આપવામાં આવેલ છે. જે વર્ષભર માર્ગદર્શક અને પ્રેરણારૂપ બનશે. આપ આ વાર્ષિક રાશિવાર ભવિષ્ય વાંચવા માટે ચંદ્ર રાશિ, સૂર્ય રાશિ અને જન્મલગ્ન સહિત જોવામાં આવશે તો આપને વધુ ઉપયોગી થશે. અહીં આપેલ વાર્ષિક રાશિવાર ભવિષ્ય આપ સહુને ઉપયોગી સાબિત થાય તેવી આશા.

વિક્રમ સંવતના રાત્રિના ગર્ભમાં નવા વિક્રમ સવંત સંવત્સરની પ્રભાતનો જન્મ થાય છે ત્યારે સૃષ્ટિ ઉપર આનંદ ઉલ્લાસ છવાઇ જાય છે. જીવનમાંથી જે કંઇ અણગમતુ છે તે ભૂલી જઇને ભૂતકાળ પર વિસ્મૃતિનો પડદો ઢાળી દઇએ વિકાસ ગામી અને આનંદ સમર અને મંગલમય છે. તેના પર એકાગ્ર થઇએ.



નૂતન વર્ષે કુદરતના બાળ પુષ્પો પોતાની નવી સુવાસને વાતાવરણમાં ફેલાવે છે. પૂર્વના નભમાંથી ઉષાએ નવા રંગોની વર્ષા કરી છે. આ નવલી ઉષાની ઉર્જાનો મંગલ સત્કાર કરવા પક્ષીઓના વૃંદ મધુર ટહુકા કરે છે. માનવ જીવન પણ નવા વર્ષને નવા જીવનની જેમ આવકારે છે. નૂતન વર્ષ આપણા સૌ માટે અનન્ય ઉપલબ્ધીઓનું વર્ષ બની રહે તેવી પ્રભુ પાસે પ્રાર્થના છે. આ સાથે ''અકિલા''ના વાંચક મિત્રોને નવુ વર્ષ સુખ સમૃધ્ધિ અને સ્વાસ્થ્ય આપે અને વિશ્વમાં શાંતિ સ્થપાય તેવી આશા સાથે ''અકિલા'' ના તમામ વાંચક મિત્રોને ફોરમ ગાંધીના નૂતન વર્ષાભિનંદન.

ફોરમ ગાંધી-મહેતા,
કન્સલટીંગ વાસ્તુ શાસ્ત્રી,
(ફોન. ૯૩૭૪૮ ૧૬૯૭૭,
૯૪૨૯૪ ૭૨૧૬૦ રાજકોટ)

મોદી PM બનશે તેવી આગાહી કુમાર ગાંધીએ ૨૦૦૨માં કરેલી



જો કોઈ તમને એમ કહે કે ડિસેમ્બર ૨૦૦૨ થી આજથી ૧૨ વર્ષ પહેલા જ ખબર હતી કે નરેન્દ્ર મોદી વિજયકળશ સુધી દેશભરમાં પહોંચીને પી.એમ. બની જશે તો ત્યારે એ વાત મોદી ખુદ પણ માની ના શકે એ સમયે મોદી માટે સી. એમ. તરીકે કપરા ચડાણ હતા. ત્રાસવાદી હુમલાઓ ??? હતા. ગોધરાકાંડનું ભૂત ધુંણતુ હતું.કુદરતી આફતો ૧૧ ઉપરાછાપરી ફટકા ગુજરાતને લાગ્યા હતા અને પક્ષ ભાજપના જ ધુરંધરો અસંતુષ્ટ બની ટાંટીયાખેંચમાં પ્રવૃત્ત હતા રાષ્ટ્રીય સ્તરે ત્યારે એટલ અડવાણી - મહાજનને કોઈ રીપ્લેસ કરી જાય એવું સંઘ પરીવાર પણ વિચારતો નહોતો સમીકરણો વિધાતાએ ગોઠવેલી શતરંજની બાજીની જેમ કેમ ફરતા ગયા એ નજર સામે છે. અટલ હારીને બિમાર પડયા. મહાજનની હત્યા અડવાણી પાકિસ્તાન પ્રવાસ બાદ અળખામણા થઈ ગયા ગુજરાતમાં સ્ટ્રોંગ ગુણાતા કેશુભાઈ- કાશીરામ સાઈડલાઈન થયા સતત સારા ચોમાસા આવ્યા. ઈન્ટરનેટ - ટીવીનો વ્યાપ બેહદ વધ્યો. રાહુલ નબળા ઉત્તરાધિકારી અને મનમોહન નબળા વકતા નીકળ્યા. યાદી લાંબી છે અને જુદા રસપ્રદ લેખનો

વિષય છે, જે હું ભવિષ્યમાં લખીશ. પણ વાત વિધાતા અને ભવિષ્યની નીકળે એટલે જયોતિષ યાદ આવેલ, એ ય એક જુદા લેખનો વિષય છે ને થોડું મેં એના પર લખ્યુ પણ છે. મોટેભાગે જયોતિષીઓ અને જયોતિષ આપણને ફન પૂરૂ પાડતા હોય છે, અને ખાસ તો સંજોગોથી ઘેરાઈને નબળો પડેલો માનવી એના શરણે જતો હોય છે. જયોતિષ વિશે હું ખાસ જાણતો નથી પણ મારો એક સમયનો એ બાબતે હાડોહાડ રેશનલ ઈનકાર આશ્ચર્યજનક અનુભવો પછી ફર્યો છે જરૂર. જયોતિષ કોઈ પડકારોથી સાબિત થઈ શકે એવા નક્કર ગણિત-વિજ્ઞાન કરતા મને કળા વધુ લાગી છે. જેમાં અમુક સમયે બેસ્ટ પર્ફોમન્સ થાય, અને અમુક સમયે ક્ષમતા હોવા છતાં ના પણ થાય, જો કે આ અનિશ્ચિતતાને લીધે સ્તો જગતભરના લોકોને ભાવિના ભેદ જાણવામાં રસ પડે છે!

વેલ, મોદી અને જયોતિષ ક્યાં કનેકટ થાય એવો સવાલ થતો હોય તો સ્વ. સુરેશ દલાલે પ્રકાશિત કરેલી જન્માક્ષર વિધાતાના હસ્તાક્ષર પુસ્તકના વિમોચન વખતનું એમનું વ્યાખ્યાન સાંભળવુ જેમાં એમણે પોતાનામાં રહેલી આ વિદ્યા અંગે અંગુલિનિર્દેશ કરેલો છે. કોઈના જીવનમાં કયારે શું બનશે એ પોતે કહી શકતા, અને એમ થતું એ બાબતે પણ અહીં વાત એથી યે અલગ છે મોટે ભાગે પ્રોફેશનલ જયોતિષીઓ આમ પણ થાય ને તેમ પણ થાય જેવી અનેકાર્થી ગોળ ગોળ વાતો કરી, પરિણામ પછી એનો મનગમતો અર્થ તારવી દાવો ઠોકી દેતા વાહવાહી લૂંટી લેતા હોય છે, જેમ કે મોદી વડાપ્રધાન અને એના ઉજળા સંજોગો છે. એવું છેલ્લા છ મહિનામાં કોઈ ૧ જયોતિષી કહે તો ધાડ મારી ના કહેવાય એ તો સારા તટસ્થ ૧૧ રાજકીય સમીક્ષકને પણ દેખાય.)

પણ હજુ એક વરસ પહેલા તો મોદી માટે ભાજપમાં લોકસભાની ચૂંટણીના સર્વસંમત સેનાપતિ બનવુ પણ કઠીને લાગતુ હતું ત્યારે ઉપર લખ્યું એમ કોઈએ ૨૦૦૨માં જ એ વડાપ્રધાન બની શકે એમ છે. એવુ કુંડળીનાં આધારે ભાખ્યુ હોય એનો પુરાવો હોય તો? તો જયોતિષમાં ના માનતા હો ત્યારે પણ એનો ન્યુઝ વેલ્યુ તો બને જ ! આવા એક જૂના મિત્ર છે અમારા રાજકોટના કુમારભાઈ ગાંધી રાજકોટનું પત્રકાર જગત એનાથી અજાણ નથી. મને તો એમના જડબેસલાક અંગત અનુભવો પણ છે. પણ એ બાજુએ રાખીએ પણ ૬ જાન્યુ., ૨૦૦૩નાં ચિત્રલેખામાં કુમારભાઈ ગાંધીએ મિત્ર અને હવે ફુલછાબતંત્રી કૌશિક મહેતાને સ્પષ્ટ કહેલુ કે મોદી જો આગામી બે-ચાર વર્ષ ટકી જાય, (જે સાચે જ મુશ્કેલ હતા એમના માટે ત્યારે !) તો એ સી. એમ. માંથી પી. એમ. બની શકે એમ છે. એટલું જ નહી મોદી હરીફોને પછાડતા જશે અને કોમ્પ્યુટર ક્ષેત્રે પ્રગતિ કરશે એવુ પણ કુમારભાઈએ ત્યારે કહેલું છે, જયારે ફેસબુક, ટ્વીટર, વોટ્સઅપ- હેન્ગઆઉટ, પોડકાસ્ટ થ્રીડી જેવી બાબતોનો જન્મ જ નહોતો થયો ! ટેકનો સાવી મોદીની બ્રાન્ડ બિલ્ડીંગમાં આ ઈન્ફોટેકનો સિંહફાળો આજે સ્વયંમ સ્પષ્ટ છે, ઉપરાંત કુમારભાઈએ સ્પષ્ટ લખેલુ કે વિદેશમાં વસતા ગુજરાતીઓ મોદી ગુજરાત તરફ આકર્ષણ અનુભવશે (ત્યારે એન. આર. આઈ. માં મોદીને પોપ્યુલર બનાવવાવાળો અમેરીકાનાં વિઝાવાળો ઈસ્યુ હતો નહીં!) અને મોદી ઉદ્યોગ બાબતે સફળતા મેળવશે (મોદીના ઉદ્યોગપ્રેમ બાબતે તો એમના ટીકાકારો સૌથી વધુ સહમત છે !))

મેગેઝીન છપાયેલી તારીખથી એક સપ્તાહ પહેલા માર્કેટમાં આવે ને એના એક સપ્તાહ પહેલા તૈયાર થવા લાગે, એટલે સત્તાવાર રીતે કુમાર ગાંધીની આ સ્યોરશોટ નિવડેલી આગાહીઓ એમણે ફક્ત કુંડળી પરથી ડિસે., ૨૦૦૨માં કરી હતી. ખાતરી ના થતી હોય તો તત્કાલીન ચિત્રલેખાનો આ લેખ જ અહી કિલક કરી, ઝૂમ કરી જાતે જ વાંચી લો ને ! બોલો, પાંચ વરસ પૂરા કરવાના જયાં સવાલ હોય ત્યાં

કોમ્પ્યુટર - ઉદ્યોગ ક્ષેત્રે પ્રગતિથી / એન. આર. આઈ. માં લોકપ્રિયતા અને સી. એમ. થી પી. એમ. ની ખુરશી સુધી એમને પહોંચતા કોઈ અટકાવી શકશે નહીં, એ ફાડીતોડીને ૧૨ વરસ પહેલા કહી દેવું કોઈ જેવી તેવી વાત નથી. (ધારો કે રીઝલ્ટ પછી કોઈ કારણથી મૌદી પી.એમ. ના બને તોય ઓલમોસ્ટ ત્યાં પહોંચી જ ગયા અત્યારથી -જયોતિષ કે ભવિષ્યકથનનું કોઈ શાસ્ત્ર આવુ એકઝેટ તો ભાગ્યે જ કહી શકે, પણ દિશાસૂચન કરી શકે અને એ રીતે મોદી પી.એમ.બનવાની ધારે પહોંચી ગયા. એમાં કુમારભાઈનું ફળકથન સાચુ પડી ગયેલું જ ગણાય મારા મતે!) માત્ર કુંડળીના નિષ્ણાંત કુમાર ગાંધી વળી ટીપીકલ જયોતિષની વાતો કરનારા પણ નથી. એ કદી કોઈને નંગ પહેરવાનું કહેતા નથી. ભગવાન સિવાય ભાગ્ય દોરાધાગા કે વીંટી - રત્નૌથી ના ફરે એવું અફર રીતે (પોતાની આવક ગુમાવીને પણ ! માને છે !) ચોક્કસ, હું આ ક્ષેત્રનો અધિકારી નથી, કુમારભાઈના ફળકથનના મને સચોટ અનુભવો છે, કોઈ એમાં ઝૂકાવવા માંગતા હોય એમણે પોતાની રીતે એનો નિર્ણય લેવો. પણ આ વાત જરૂર રોમાંચક છે. એટલે તો શેર કરી ! જગતમાં ઘણુય આપણે માની ના શકીએ કે સમજી ના શકીએ એવું છે. તો મલેશીયાના પેલા વિમાને પણ આપણને વધુ એક વખત દેખાડી દીધું. મને આવા અમુક અનુભવો પણ છે. આ બાબતે કોઈને કુતુહલ હોય તો ટુંકો પડુ અને આમેય આવું વાંચીને કુમારભાઈનો કોન્ટેકટ મેળવવા લોકો મારલી પાછળ પડે એ તો માનવસ્વભાવ છે. એટલે એમનો નંબર જ મૂકી દઉં છું. અહીં એમની અનુમતિ લઈને માણસ સરળ સ્વભાવનો અને સ્પષ્ટવકતા છે. અને હા, કુમારભાઈ કહે છે કે કુંડળી જોતા મોદીને આગામી સમયમા શારીરીક રીતે ત્રાસવાદી હુમલાનો ખતરોખરો! (શ્રી જય વસાવડાનો અહેવાલ સાભાર .(૯.૧૯)

પુષ્ય નક્ષત્ર

પ્રારંભ		સમાપ્ત	
તારીખ	ક.મિ.	તારીખ	ક.મિ.
૨૦-૧૧-૨૦૨૪	૧૪:૪૧	૨૧-૧૧-૨૦૨૪	૧૫:૩૪
૧૭-૧૨-૨૦૨૪	૨૪:૪૩	૧૮-૧૨-૨૦૨૪	૨૪:૫૭
૧૪-૦૧-૨૦૨૫	૧૦:૧૬	૧૫-૦૧-૨૦૨૫	૧૦:૨૭
૧૦-૦૨-૨૦૨૫	૧૮:૦૦	૧૧-૦૨-૨૦૨૫	૧૮:૩૩
૦૯-૦૩-૨૦૨૫	૨૩:૫૪	૧૦-૦૩-૨૦૨૫	૨૪:૫૦
૦૫-૦૪-૨૦૨૫	૨૯:૩૧	૦૬-૦૪-૨૦૨૫	૩૦:૨૪
૦૩-૦૫-૨૦૨૫	૧૨:૩૩	૦૪-૦૫-૨૦૨૫	૧૨:૫૨
૩૦-૦૫-૨૦૨૫	૨૧:૨૮	૩૧-૦૫-૨૦૨૫	૨૧:૦૬
૨૭-૦૬-૨૦૨૫	૦૭:૨૧	૨૮-૦૬-૨૦૨૫	૦૬:૩૫
૨૪-૦૭-૨૦૨૫	૧૬:૪૩	૨૫-૦૭-૨૦૨૫	૧૬:૦૦
૨૦-૦૮-૨૦૨૫	૨૪:૨૬	૨૧-૦૮-૨૦૨૫	૨૪:૦૮
૧૭-૦૯-૨૦૨૫	૦૬:૩૫	૧૮-૦૯-૨૦૨૫	૦૬:૩૩
૧૪-૧૦-૨૦૨૫	૧૧:૫૩	૧૫-૧૦-૨૦૨૫	૧૧:૫૯
૧૦-૧૧-૨૦૨૫	૧૮:૪૭	૧૧-૧૧-૨૦૨૫	૧૮:૧૭
૦૭-૧૨-૨૦૨૫	૨૮:૧૧	૦૮-૧૨-૨૦૨૫	૨૬:૫૨
૦૪-૦૧-૨૦૨૬	૧૫:૧૦	૦૫-૦૧-૨૦૨૬	૧૩:૨૪
૩૧-૦૧-૨૦૨૬	૨૫:૩૩	૦૧-૦૨-૨૦૨૬	૨૩:૫૭
૨૮-૦૨-૨૦૨૬	૦૯:૩૪	૦૧-૦૩-૨૦૨૬	૦૮:૩૩
૦૯-૦૩-૨૦૨૫	૨૩:૫૪	૧૦-૦૩-૨૦૨૬	૨૪:૫૦

પંચક


પ્રારંભ		સમાપ્ત	
તારીખ	ક.મિ.	તારીખ	ક.મિ.
૦૯-૧૧-૨૦૨૪	૨૩:૨૭	૧૩-૧૦-૨૦૨૪	૨૭: ૧૦
૦૬-૧૨-૨૦૨૪	૨૯:૦૬	૧૧-૧૨-૨૦૨૪	૧૧:૪૭
૦૩-૦૧-૨૦૨૫	૧૦.૪૭	૦૭-૦૧-૨૦૨૫	૧૭.૪૯
૩૦-૦૧-૨૦૨૫	૧૮:૩૪	૦૩-૦૨-૨૦૨૫	૨૩:૧૬
૨૬-૦૨-૨૦૨૫	૨૮:૩૬	૦૩-૦૩-૨૦૨૫	૦૬:૩૮
૨૬-૦૩-૨૦૨૫	૧૫:૧૪	૩૦-૦૩-૨૦૨૫	૧૬:૩૪
૨૨-૦૪-૨૦૨૫	૨૪:૩૦	૨૬-૦૪-૨૦૨૫	૨૭:૩૮
૨૦-૦૫-૨૦૨૫	૦૭-૩૫	૨૪-૦૫-૨૦૨૫	૧૩:૪૭
૧૬-૦૬-૨૦૨૫	૧૩:૦૯	૨૦-૦૬-૨૦૨૫	૨૧ઁ:૪૪
૧૩-૦૭--૨૦૨૫	૧૮:૫૨	૧૭-૦૭-૨૦૨૫	૨૭:૩૮
૦૯-૦૮-૨૦૨૫	૨૬:૧૦	૧૪-૦૮-૨૦૨૫	૦૯:૦૫
૦૬-૦૯-૨૦૨૫	૧૧:૨૦	૧૦-૦૯-૨૦૨૫	૧૬:૦૨
૦૩-૧૦-૨૦૨૫	૨૧:૨૭	૦૭-૧૦-૨૦૨૫	૨૫:૨૭
૩૧-૧૦-૨૦૨૫	૦૬:૪૭	૦૪-૧૧-૨૦૨૫	૧૨:૩૪
૨૭-૧૧-૨૦૨૫	૧૪:૦૬	૦૧-૧૨-૨૦૨૫	૨૩:૧૭
૨૪-૧૨-૨૦૨૫	૧૯:૪૫	૨૯-૧૨-૨૦૨૫	૦૪:૪૦
૨૦-૦૧-૨૦૨૬	૨૫:૩૪	૨૫-૦૧-૨૦૨૬	૧૩:૩૫
૧૭-૦૨-૨૦૨૬	૦૯:૦૫	૨૧-૦૨-૨૦૨૬	૧૯:૦૬
૧૬-૦૩-૨૦૨૬	૧૮:૧૩	૨૦-૦૩-૨૦૨૬	૨૬:૨૭

વિંછુડો

પ્રારંભ		સમાપ્ત	
તારીખ	ક.મિ.	તારીખ	ક.મિ.
૦૨-૧૧-૨૦૨૪	૨૩.૨૨	૦૫-૧૧-૨૦૨૪	૦૯:૪૪
૩૦-૧૧-૨૦૨૪	૦૬:૦૨	૦૨-૧૨-૨૦૨૪	૧૫:૪૮
૨૭-૧૨-૨૦૨૪	૧૩:૫૬	૨૯-૧૨-૨૦૨૪	૨૩:૨૧
૨૩-૦૧-૨૦૨૫	૨૨:૩૨	૨૬-૦૧-૨૦૨૫	૦૮:૨૫
૨૦-૦૨-૨૦૨૫	૦૬-૪૯	૨૨-૦૨-૨૦૨૫	૧૭:૩૯
૧૯-૦૩-૨૦૨૫	૧૪:૦૬	૨૧-૦૩-૨૦૨૫	૨૫:૪પં
૧૫-૦૪-૨૦૨૫	૨૦:૨૬	૧૮-૦૪-૨૦૨૫	૦૮: ૨૦
૧૨-૦૫-૨૦૨૫	૨૬:૨૬	૧૫-૦૫-૨૦૨૫	૧૪:૦૭
૦૯-૦૬-૨૦૨૫	૦૮:૪૯	૧૧-૬-૨૦૨૫	૨૦:૧૦
૦૬-૦૭-૨૦૨૫	૧૬:૦૦	૦૮-૦૭-૨૦૨૫	૨૭:૧૪
૦૨-૦૮-૨૦૨૫	૨૩:૫૨	૦૫-૦૮-૨૦૨૫	૧૧:૨૨
૩૦-૦૮-૨૦૨૫	૦૭:૫૨	૧-૯-૨૦૨૫	૧૯:૫૪
૨૬-૦૯-૨૦૨૫	૧૫:૨૩	૨૮-૯-૨૦૨૫	૨૭:૫૪
૨૩-૧૦-૨૦૨૫	૨૨:૦૫	૨૬-૧૦-૨૦૨૫	૧૦:૪૬
૧૯-૧૧-૨૦૨૫	૨૮:૧૩	૨૨-૧૧-૨૦૨૫	૧૬:૪૬
૧૭-૧૨-૨૦૨૫	૧૦:૨૫	૧૯-૧૨-૨૦૨૫	૨૨:૫૦
૧૩-૦૧-૨૦૨૬	૧૭:૨૦	૧૫-૦૧-૨૦૨૬	૨૯:૪૭
૦૯-૦૨-૨૦૨૬	૨૫:૪૦	૧૨-૦૨-૨૦૨૬	૧૩:૪૧
૦૯-૦૩-૨૦૨૬	૦૯:૨૯	૧૧-૦૩-૨૦૨૬	૨૧:૫૯

અગાઉ ૩૦-૯ના રોજ કરેલી આગાહી

કંકણ કૃતિ સૂર્ય ગ્રહણ વિશ્વ માટે કપરો સમય- શેરબજારમાં જાળવવુ





તા. ૨-૩ ઓકટોબર ૨૦૨૪ ને બુધવારના રોજ અમાસને દિવસે સૂર્ય ગ્રહણ થશે.

આ ગ્રહણ ભારતમાં નહી દેખાય પણ તેની અસરો જોવા મળશે.

- ★ ભૂકંપની શકયતાઓ - સુનામી
- ★ આતંક વાદી હુમલાની શકયતા
- ★ વિશ્વ યુધ્ધનો માહોલ
- ★ બોમ્બ ધડાકા - આગ-અકસ્માત વધે
- ★ લોકો ડીપ્રેશનનો ભોગ બની શકે.
- ★ બુલીયન માર્કેટોમાં અફડા તફડી મચી શકે
- ★ કન્યા રાશિ-કર્ક રાશિના શેર માટે સાવધાની રાખવી.
- ★ બજારમાં ગ્રાહકોનો અભાવ જોવા મળે
- ★ મંદીનો માહોલ - નાણા ભીડ રહેશે.



કુમારભાઈ ગાંધી
અકિલા કોલમીસ્ટ,
મો. ૯૩૭૪૮ ૧૬૯૭૭

મેળાપકમાં મંગળની ભૂમિકા



આજકાલ લોકો જયોતિષમાં વધુ વિશ્વાસ અને રસ ધરાવતા થઈ ગયા છે. ખાસ કરીને સગાઈ લગ્ન વખતે જન્માક્ષર મેળવે છે અને ખાસ કરીને મંગળવાળી કુંડલી છે કે ચોખ્ખા જન્માક્ષર છે તેની જાણકારી મેળવે છે.

જો જન્માક્ષરમાં મંગળ છે તેવી જાણકારી મળે તો યુવક-યુવતી કે તેમના માતા-પિતા વડીલો ટેન્શનમાં આવી જાય છે અને જો જન્મ કુંડલીમાં યુવકને મંગળ હોય કે યુવતિને મંગળ હોય તો સામેના પાત્રના જન્માક્ષરમાં મંગળ હોય તો જ આગળ વધવું તેવો નિર્ણય લે છે. જન્મ કુંડલીમાં ૧-૪--૭-૮ કે ૧૨ માં મંગળ હોય તો મંગળવાળી કુંડલી છે તેવું સર્ટિફિકેટ આપી દેવામાં આવે છે.

હવે ખરેખર ૧-૪-૭-૮ કે ૧૨ માં ખાનામાં મંગળ હોવા છતાં પણ કઈ રાશીમાં મંગળ છે તે ખાસ જોવું જોઈએ.

જો લગ્નમાં પ્રથમ સ્થાનમાં મંગળ છે, તેવું કહેવામાં આવે અને અધકચરી જાણકારીને લઈને આ

વાત સ્વીકારી લેવાય તો મુશ્કેલીઓ ઊભી થાય છે. જો પ્રથમ સ્થાનમાં મંગળ હોય પણ મેષ રાશિ કે લગ્નમાં હોય અને પ્રથમ સ્થાનમાં મંગળ હોય તો મંગળ ઘેષ લાગતો નથી. ટૂંકમાં આજ પ્રમાણે ચોથા સ્થાનમાં સાતમા કે આઠમા સ્થાનમાં કે બારમા સ્થાનમાં પણ મંગળ હોય છતાં પણ મંગળ નથી નડતો અથવા મંગળવાળી કુંડલી નથી હોતી.

મેળાપકમાં ફકત મંગળવાળી કુંડલી છે કે કેમ ? તે નક્કી કરીને સગાઈ-લગ્ન કરવામાં ઘણું જોખમ હોય છે.

કારણકે મેળાપકમાં જન્મપત્રિકા ના બારેબાર ખાનાની આઈડેન્ટિટી મેળવવી જોઈએ. ખાસ કરીને જન્મ લગ્નથી બીજું સ્થાન અને સાતમું સ્થાન ખાસ કરીને જોવું જોઈએ.

મંગળ અગ્નિતત્વની પ્રકૃતિ દર્શાવે છે. મંગળને જયોતિષમાં સેનાપતિનું બિરૂદ આપવામાં આવેલ છે. મંગળ પથ્વી પુત્ર છે, જેથી ૧-૪-૭-૮ કે ૧૨ માં સ્થાનમાં મંગળ હોય તો આવી વ્યકિતનો સ્વભાવ ઉગ્ર હોય છે, જીદ્દી હોય છે તેવું કહી શકાય છે. ખરેખર આવું ફળકથન યોગ્ય નથી જ.

મંગળ એટલે ઉગ્રતા, ઉશ્કેરાટ, ગુસ્સો, જીદ્દીપણુ આ બધી નેગેટિવ વાતો જ અત્યાર સુધી રજુ થઈ છે અને ખરેખર મંગળ એટલે શું મારા વર્ષોના અનુભવ ઉપરથી મેં મારા અંગત અભિપ્રાયો અને જન્મકુંડલી મેળાપકમાં ફકત મારી મચડીને નહીં પણ પ્રોપર મેળાપક જ સુખી ઘંપત્ય જીવન આપે છે. મંગળ એટલે શકિત, મંગળ એટલે આત્મવિશ્વાસ, મંગળ એટલે મંગળ એટલે કામ કરવાની ધગશ - કંઈક નામ કમાવાની, કંઈક બનવાની ઈચ્છા મંગળવાળી વ્યકિત એટલે ભાગ્યશાળી વ્યકિત''.

અહીં આપણે સામાન્ય રીતે મંગળની દૃષ્ટિઓ વિશે વિચારીએ. મંગળની ચોથી દૃષ્ટિ, સાતમી દૃષ્ટિ અને આઠમી દૃષ્ટિ સામાન્ય રીતે ગણાય છે. મારા પરમ પૂજય પિતાશ્રીની જન્મકુંડલીમાં ચોથે મંગળ હતો તેઓ ૯૧ વર્ષની ઉંમરનું આયુષ્ય ભોગવેલ. ઘંપત્ય જીવન ૭૦ વર્ષનું ભોગવેલ. ખૂબજ સુખી જીવન રહેલ. મારા પૂજય પિતાશ્રી ખૂબજ હિંમતવાળા અને તંદુરસ્તી અને મહેનતુ પણ હતા.

મારા પૂજય માતુશ્રીને મંગળ ન હતો છતાં લગ્નજીવન ખૂબજ સુખી અને લાંબું લગ્નજીવન રહ્યું. સંતાન સુખ, મિલકતનું સંપૂર્ણ સુખ મળ્યું. મારા માતુશ્રીના ગ્રહો ખૂબજ બળવાન હતા. ખાસ કરીને દાંપત્ય જીવન ખૂબજ સારું હતું. મારા પિતાશ્રીને ગુરૂ સ્વગ્રહી બળવાન હતો.

આમ, લગ્નજીવનમાં ફકત મંગળ છે કે નહીં તે ન ચાલે, બીજા બધા ગ્રહોનો અભ્યાસ કરીને પછી જ નિર્ણય લેવો જોઈએ. જન્મ કુંડલીની સાથે નવમાસ કુંડલીમાં લગ્નજીવનનું સુખ ખૂબ જ સારું હતું.

જન્મ કુંડલી મેળાપકમાં મંગળ કયાં સ્થાનમાં છે અને કંઈ રાશીમાં છે તે ખાસ જોવું. હવે ખાસ સમજવા જેવી અને ફળકથનમાં ઉપયોગી વાત એ છે કે મંગળની સાથે કોઈ ગ્રહ છે કે નહીં.

જો મંગળની સાથે ચંદ્ર હોય કે મંગળનું સ્વરૂપ ગુણધર્મ ચોક્કસ બદલાય જાય છે. આમ મંગળની સાથે કયો ગ્રહ છે તે જાણીને મંગળનું અર્થઘટન કરવું. ચલીત અને નવમાસ કુંડલી ખાસ ચક્કસવી, મંગળ અસ્તનો છે કે વક્રી છે કે માર્ગી છે તે ખાસ જોવું.

સામાન્ય જાણકારી નીચે પ્રમાણે થાય છે, પણ ખરેખર તેવું નથી બનતું. પ્રથમ સ્થાનમાં મંગળ

હોય તો વ્યકિતનો સ્વભાવ જીદ્દી પ્રકૃતિનો હશે જેને લઈને લગ્નજીવનમાં તેની અસરો ખરાબ થશે એવું

અણઘડ ફળકથન કરવામાં આવે છે. મંગળ પ્રથમ સ્થાનથી ચોથે દૃષ્ટિ કરે છે તેથી સુખમાં ઊણપ રહે,

ચોથું સુખ સ્થાન છે, જેના ઉપર મંગળની દૃષ્ટિ પડતા સુખ વૈભવમાં અવરોધો આવે તે કહેવામાં આવે

છે. મારા વર્ષોના અનુભવે મેં જોયું છે કે મેં ચોથા સ્થાન ઉપર મંગળની દૃષ્ટિ હોય તો વૈભવશાળી

જીવન જીવતા હોય છે. સાતમે મંગળની દૃષ્ટિ છે તે લગ્નજીવનમાં સુખને હણી નાખે છે તેવી રજુઆત

થાય છે. ખરેખર સાતમાં સ્થાનમાં કઈ રાશી છે તે જોવું જોઈએ. જો મેષ લગ્ન હોય કે વ?ક લગ્ન હોય

તો લગ્નમાં રહેતો મંગળ સાતમાં સ્થાનમાં દૃષ્ટિ કરતો હોય છતાં પણ લગ્નજીવન સુખી રહે છે, કારણકે

સાતમાં સ્થાનમાં તેની મિત્ર રાશી છે.

ચોથા સ્થાનમાં રહેલો મંગળ ચોથી દૃષ્ટિએ સાતમાં સ્થાન ઉપર 'કર્મસ્થાન ઉપર સાતમી દૃષ્ટિએ' - લાભ સ્થાન ઉપર આઠમી દૃષ્ટિ કરે છે. સાતમાં સ્થાનમાં રહેતો મંગળ કર્મસ્થાનને જુએ છે. એટલે - દશમાં સ્થાનને જુએ. અહીં જયોતિષની ભાષામાં એવું કહી શકાય કે સપ્તમ સ્થાન ઉપરનો મંગળની પ્રસ્થાન ઉપરની દૃષ્ટિ ખૂબજ લાભદાયક રહેશે. આ સિવાય સાતમાં સ્થાનનો મંગળ દેહભુવન અને કુટુંબ સ્થાનને જુએ છે જેથી એવું ફળકથન કરાય છે કે મંગળની દૃષ્ટિ કુટુંબ સ્થાન ઉપર પડતા કુટુંબનું સુખ ઓછું મળે છે કે કુટુંબમાંથી જુદ્ધ થવાનો યોગ થાય છે.

આઠમાં સ્થાનમાં રહેલો મંગળ લાભ સ્થાન એટલે કે અગિયારમાં સ્થાન ઉપર દૃષ્ટિ કરે છે. ઉપરાંત સાતમી દૃષ્ટિ એ કુટુંબ સ્થાનને જુએ છે અને આઠમી દૃષ્ટિ એ ભાઈ-બહેનો કે પરાક્રમ સ્થાનને જુએ છે જેથી કુટુંબ સાથે મતભેદ થાય કે ભાઈ-બહેનો સાથે અણબનાવ રહે તેમ કહેવામાં આવે છે.

ખરેખર આ ફળકથન યોગ્ય નથી, કારણકે આઠમે મંગળ કઈ રાશીનો છે તે જોવો જોઈએ. તોપછી ભાગ્યમાં રહેલ મંગળની દૃષ્ટિનું શું ?

બારમાં સ્થાનમાં મંગળ દ્વેષ ગણવામાં આવે છે. જો મંગળ બારમાં સ્થાનમાં હોય તો તે પોતાના સ્થાનથી ત્રીજે એટલે કે પરાક્રમ સ્થાનને જુએ છે. ઉપરાંત સાતમી દૃષ્ટિએ છઠ્ઠ સ્થાન ઉપર દૃષ્ટિ કરે છે. સાતમાં સ્થાને આઠમી દૃષ્ટિએ જુએ છે.

હવે જો બારમે ધનનો મંગળ હોય તો મંગળ ઘેષ ગણાતો જ નથી. આ થઈ સામાન્ય મંગળ ઘેષની વાત. હવે મંગળ ઘેષને લઈને મોડા લગ્ન થાય છે કે લગ્નજીવન તૂટી જાય છે. ખરેખર આ વિધાન યોગ્ય નથી. મંગળ દોષવાળી વ્યકિતની વહેલી સગાઈ કે લગ્ન થઈ જાય છે અને તેમનું લગ્નજીવન સરસ ચાલે છે.

મંગળ ઘેષ હોતો નથી છતાં મોડા લગ્ન થાય છે તો શું સમજવું અથવા લગ્નજીવનમાં ભંગાણ પડે છે. બંને કુંડલીમાં મંગળ હોય છે - ઘેકા ૨૦-૨૫ કે ૨૮ કે પૂરા ૩૬ મળતા હોય છતાં લગ્નજીવનમાં ભંગાણ પડે છે તો શું સમજવું.

ફકત મંગળને કારણે લગ્નજીવન તૂટે છે તે માન્યતા ખૂબ જ ભૂલ ભરેલી છે, કારણકે જન્મ કુંડલીની સાથે સાથે નવમાસ કુંડલી ચોક્કસ ચકાસવી ને પછી જ સલાહ દેવી. નક્ષત્ર મેળ કરશો જોઈએ. આ ઉપરાંત લગ્નજીવનનો કારક શુક્ર કઈ રાશીમાં છે, કયાં ગ્રહની સાથે છે તે ખાસ જોવું જોઈએ. કયારેક સાતમે રહેલો શનિ કે આઠમે રહેલ શનિ લગ્ન યોગ વિલંબથી કરાવે છે. ત્યારે જો ગુરૂ લગ્નમાં હોય તો આ ઘેષ નથી લાગતો અને લગ્ન યોગ યોગ્ય સમયે થાય છે.

મેળાપકમાં યુવકની જન્મ કુંડલીમાં લગ્નજીવન સારું હોય સપ્તમેષ પણ પાવરફૂલ હોય તો લગ્નજીવન ટકી રહે છે. સામે પક્ષે જો સપ્તમેષ નબળો હોય કે શુક્ર પાપ ગ્રહોની સાથે હોય અસ્તનો કે વક્રી હોય તો સગાઈ-લગ્ન તૂટવાના કે બંને વચ્ચે વિરોધાભાષી વલણ જોવા મળે છે.

મંગળવાળી કુંડલીનું વ્યકિતત્વ

મારા વર્ષોના અનુભવે મેં જોયું છે મને તમો પણ તમારી જન્મ પત્રિકા તપાસી જોશો તોઁ ખ્યાલ આવશે. જેમની જન્મ કુંડલીમાં લગનમાં બારમે કે ચોથે મંગળ હોય કે છઠ્ઠું મંગળ હોય અથવા આઠમે મંગળ હોય તેવી વ્યકિત સમાજમાં ચોક્કસ સારા સ્થાન ઉપર હોય છે. સારા ડોકટર કે વકીલ, એન્જિનિયરની જન્મપત્રિકામાં મંગળ અચૂક જોવા મળે છે. રાજકોટવાળા કમિશનર કે કલેકટરની જન્મ કુંડલીમાં મંગળ હોય છે. મંગળ એટલે મંગળ ઘેષ કે નબળી કુંડલી કે મોડા લગ્ન, આવું તારણ ન કાઢતા, પણ મંગળ એટલે માંગલ્ય યોગ, શુભયોગ, રાજયોગ, ઊર્જા, પ્રભાવશાળી વ્યકિત હોય તો

સમજી લેજો કે મંગળ પ્રધાન એટલે કે મંગળવાળી કુંડલી છે. મંગળ જાહેરજીવનમાં



અને સર્જનાત્મક કાર્યોમાં સફળતા અપાવે છે. ટેકિકલ કે સાયન્સ લાઈનમાં સફળતા અપાવે છે. જે વ્યકિતઓ સમાજમાં ઉચ્ચ અને સફળ થઈ છે તેઓ મંગળ પ્રધાન હતા અને છે. બંનેની નાડી એક હોય પણ ઘણા લોકો સગાઈ કરતા નથી અને એવું સમજાવવામાં આવે છે કે નાડી એક છે એટલે નાડી ઘેષ છે અને સંતાન નહીં થાય પણ મેં ઘણી જન્મ પત્રિકા નો અભ્યારા કરીને જોયું છે કે એક નાડી હોય છતા સંતાન હોય છે. સુખી લગ્નજીવન હોય છે અને તંદુરસ્ત સંતાનો હોય છે. બુદ્ધિશાળી સંતાનો હોય છે.

જયારે નાડી ઘેષ નથી હોતો, નાડી જુદી હોય છે તેવું સર્ટિફિકેટ જયોતિષીઓ આપેલ હોય છે છતાં સંતાન નથી થતા તેનું શું ? સંતાન યોગ માટે સંતાન ભવન અને શુક્ર-ગુરૂનું બળ ઉપરાંત મંગળનું બળ જોવું જોઈએ.

સગાઈ કર્તા પહેલા શું જોવું જોઈએ

(૧) બધા જ ગ્રહોનું વિશ્લેષણ કરવું જોઈએ.

(૨) જન્મપત્રિકામાં બંને કુંડલીના સાતમાં સ્થાન ચેક કરવા, નવમાસ જોવું, વક્તી, માર્ગી ગ્રહોનું વિશ્લેષણ કરવું.

આ ઉપરાંત હેલ્થ, આર્થિક સ્થિતિ, બંને વચ્ચેની સેકસ લાઈફ, આકર્ષણ યોગ, સંતાન યોગ, કેરિયર, કેરેકટર, ટેલેન્ટ, બંને વચ્ચે કેવી અન્ડરસ્ટેન્ડિંગ રહેશે, કુટુંબ ભાવના કેવી રહેશે, આયુષ્ય બળ. આ બધુ ખાસ જોવું જોઈએ.

મંગળઘેષ સિવાય જો મંગળનો અભ્યાસ કરીએ તો બીજો મંગળ પણ આઠમે જુએ છે. પાંચમે રહેલો મંગળ પણ આઠમે જુએ છે. ભાગ્યમાં રહેલ મંગળ બારમે રહે છે. દશમે રહેલો મંગળ ચોથે રહે છે. ગામ જોવા જઈએ તો કો ઈ પણ ખાનામાં મંગળ ૧-૪-૭-૮-૧૨ માં દૃષ્ટિ આવે જ છે. ફકત ત્રીજે અને અગિયારમે મંગળની દૃષ્ટિ નથી આવતી. ટૂંકમાં મંગળનો કોઈપણ પ્રકારનો નકારાત્મક વિચાર ન કરવો. મંગળની સાથે બધા જ ગ્રહોનો અભ્યાસ કરવો. રાશિમેળ પણ જુઓ. મંગળની સામેના ઓપ્શન વિશે વિચારવું. આપણું હજારો વર્ષ જૂનું શાસ્ત્ર ખૂબજ ઊંડાણપૂર્વક અભ્યાસ કરીને આપણા ઋષિમુનીઓએ લખેલ છે. ખૂબજ ઊંડાણપૂર્વક અભ્યાસ કરીને પછી જ ફળકથન નક્કી કરવું. અને ઈશ્વર ઉપર ભરોસો રાખવો. ફળાદેશ સંપૂર્ણ નથી હોતું સારા કર્મો પણ મદદ કરતા રહે છે. મંગળવારે અને રવિવારે ઘઉં કે ગોળનું ઘન કરવું અને ગાયત્રી મંત્રના જાપ રોજ કરવા.

- કુમારભાઈ ગાંધી

ધોળકિયા ભુવન, દિવાનપરા મેઈન રોડ, રાજકોટ મો.૭૮૩૮૧ ૭૮૭૮૩/ ૯૩૭૪૮ ૧૬૯૭૭

''લગ્ન મેળાપમાં નાડી મેળવવી બીલકુલ જરૂર નથી''


હાલમાં લોકો જન્માક્ષર મેળવવામાં વધુ માનતા થયા છે. બધુ જ બરાબર હોય, ફેમિલીની રીતે પણ એક બીજાને અનુકુળ હોય, રહેણી કહેણી બંને ફેમીલીની એકબીજાને ગમતી હોય, છોકરાછોકરી પણ એક બીજાને બહુ જ પસંદ હોય પણ જો જન્માક્ષર ન મળતા હોય તો વાત અટકી જાય છે જો જન્માક્ષર મળતા હોય અને નાડી દોષ છે તેવું કહેવામાં આવે ત્યારે પસંદગી પામેલી વ્યકિતને કારણ વગર ત્યજી દેવામાં આવે છે. વાતને બ્રેક લાગી જાય છે.

આ બાબતે મારૂ (કુમાર ગાંધીનું) માનવું છે કે વાચકોએ -જયોતિષિઓએ આ બાબત મંથક કરીને કોઈ નિચોડ કાઢીને લોકોને ઉપયોગી થઈ શકાય તેવુંફળકથન કરવું જોઈએ.



ઘણી વખત નાડી દોષ ન હોવા છતાં સંતાન થતા નથી અને લગ્ન જીવનમાં મુશ્કેલી ઉભી થાય છે. બધુ મેળવેલું હોય છતાં લગ્ન જીવનમાં અસંતોષ રહે છે. ત્યારે શું સમજવું અને નાડી દોષ હોવા છતાં લગ્ન કર્યા હોય અને લગ્ન જીવન સુખી હોય અને સંતાનો પણ તંદુરસ્ત હોય ત્યારે શું સમજવું ?

મારી દૃષ્ટિએ ફકત નાડીદોષ કે ગુણાંક બીજા ઘણા બધા પાસાઓ લગ્ન જીવનને સ્પર્શે છે જેની નોંધ લેવી જોઈએ. ફકત મેળાપ જ નહીં પણ બધા પાસાઓને ધ્યાનમાં લેવા જોઈએ. યુગ પરિવર્તન પ્રમાણે ફળાદેશ કરવું જોઈએ.



- કુમાર ગાંધી ૦૨૮૧-૨૨૩૦૩૨૭ ૯૩૭૪૮ ૧૬૯૭૭

શનિ મીન રાશિમાં



કુમારભાઈ ગાંધી
મોબાઈલ
૭૮૩૮૧ ૭૮૭૮૩

વિ.સં. ૨૦૮૧ ફાગણ વદ-૩૦ શનિવાર તા. ૨૯-૦૩- ૨૫ના રાત્રે ૨૧ ક. ૪૦ મિ. એટલે કે રાત્રે ૦૯ ક. ૪૦ મિ. શનિ મીન રાશિમાં પ્રવેશ કરે છે. તે સમયે ચંદ્ર મીનનો છે જેથી નાની મોટી પનોતી નીચે મુજબ છે.

સિંહ રાશિ(મ,ટ):- અઢી વર્ષની નાની પનોતી લોઢાના પાયે શરૂ થશે. જે કષ્ટદાયી ગણાય. વધુ પરિશ્રમ કરાવે. આંતરિક-આર્થિક-શારીરિક તકલીફો લાવે.

ધન રાશિ (ભ,ધ,ફ,ઢ):- અઢી વર્ષની નાની પનોતી લોઢાના પાયે શરૂ થશે જે કષ્ટદાયી પસાર થાય. આર્થિક- આંતરિક-શારીરિક તકલીફો લાવે પરિશ્રમદાયક હોય, મહેનતનું ફળ ઓછું મળે.

કુંભ રાશિ (ગ,સ,શ,ષ):- સાડાસાતી પનોતીનો ત્રીજો અને છેલ્લો તબક્કો રૂપાના પાયે પગ પરથી પસાર થાય. જે આંતરિક-માનસિક-શારીરિક તકલીફો રાખે. આર્થિક લાભ થાય.

મીન રાશિ (દ,ચ,ઝ,થ):- સાડાસાતી પનોતીનો બીજો તબક્કો સોનાના પાયે છાતી પરથી પસાર થાય. જે આંતરિક-માનસિક ચિંતા ઉપજાવે. માનસિક અશાંતિ વધુ રહે. કૌટુંબિક, મનદુ:ખ થાય. કષ્ટદાયક સમય પસાર થાય.

મેષ રાશિ (અ,લ,ઈ) :- સાડાસાતી પનોતીનો પ્રથમ તબક્કો લોઢાના પાયે માથા પરથી પસાર થાય. જે આંતરિક- માનસિક-શારીરિક તેમજ આર્થિક તકલીફો લાવે. શારીરિક કષ્ટ વધુ થાય. શનિદેવની કૃપા મેળવવા રોજ હનુમાનજીના દર્શન કરવા, પક્ષીને રોજ ચણ નાખવું જરૂરીયાત વાળી વ્યકિતઓને મદદ કરવી. પનોતીમાં સારૂ ફળ પણ મળી શકે છે.